CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૫૪
તા.૩૧-૦૩-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર સુદ - પુનમ
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૬ સૂર્યાસ્ત : ૦૬:૫૪

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૯ | વડોદરા | ૪૦.૬ |
| અમદાવાદ | ૪૧.૪ | સુરત | ૩૩ |
| ગાંધીનગર | ૪૧.૫ | નલિયા | ૩૭.૫ |

ચાંદી : ૩૯,૪૦૦ સોનું : ૩૧,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# રાજયમાં બાંધકામ માટે સંકલિત જીડીસીઆરની જાહેરાત

## ગુજરાત સરકારનો બહુ મહત્વનો નિર્ણય : રાજ્યમાં કોમ્પ્રીહેન્સીવ જીડીસીઆર - ૨૦૧૭માં સુધારા : બિન ખેતી માટેની અટકેલી હજારો ફાઈલોને મંજુરી મળશે

અમદાવાદ

રાજ્યમા નાના મકાનોના બાંધકામને વેગ મળે તે માટે સરકારે રેસીડેન્સિયલ એફોર્ડેબલ હાઉસિંગના નિયમો લાગુ કર્યા છે જેનાથી અનેક નાના લોકોને વસવાટ સુવિધા ઉપલબ્ધ થશે. સૌરાષ્ટ્રમાં પ્રણાલીગત રહેણીકરણી મુજબ વર્ષોથી વધુ ઉંડાઈના પ્લોટોમાં લોકો વસવાટ કરવાનું ઈચ્છતા હોય છે. જે ધ્યાને રાખતા લંબાઈ પહોળાઈના ગુણોત્તરને રદ કરતા હવે અનેક લોકોએ જુના પ્લોટો ખરીદેલ હોય, તેવા પ્લોટોમાં વિકાસ કરી શકશે. નાના પ્લોટમાં જમીન માલીકો મકાનો બનાવી શકે તે માટે ૬૦ ચો.મી. સુધી ૩.૦ મી. અને ૧૦૦ ચો.મી. સુધી હોય તો તે માટે ૪.૦ મી. ફ્રન્ટેજ હોય તો પણ હવે મકાનો બની શકશે.

**નવા સુધારાઓથી શહેરોનો સુવ્યવસ્થિત વિકાસ થશે અને બાંધકામ પ્રવૃત્તિને વેગ મળશે**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બાંધકામ ક્ષેત્રમાં ટ્રાન્સપરન્સી અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વધુ વેગ આપવા નવા કોમન જી.ડી.સી.આર.ને તાત્કાલીક મંજુરી આપી મોટાપાયે રોજગાર સર્જન તેમજ વિકાસને નવી દિશા - સસ્તા દરે આવાસ પ્રાપ્ત થઈ શકશે. નવો કોમન જી.ડી.સી.આર. આવતીકાલ ૩૧ માર્ચ શનિવારથી રાજ્યના શહેરી વિસ્તારોમાં અમલી બનશે.

આ સરળ અને પારદર્શી પદ્ધતિને પરિણામે રિયાલીટી સેક્ટરને નવી દિશા મળશે અને મોટાપાયે રોજગાર સર્જન થવાથી વિકાસને વેગ મળતો થશે. આના પરિણામે રાજ્યના બધા જ શહેરોના સર્વગ્રાહી અને સર્વ સમાવેશ વિકાસની નવી ક્ષિતિજ ખુલશે. આ નવા કોમન જી.ડી.સી.આર. ના અમલથી ઓછી કિંમતના સસ્તા દરના આવાસો મોટી સંખ્યામાં ઉપલબ્ધ થશે.

ભૌગોલીક અને સામાજીક રચના મુજબ લોકોની રહેણીકરણીને ધ્યાને લઈ, પ્લોટના અગ્ર ભાગના માર્જીનમા દાદર આપવા માટેની છુટછાટ આપવામાં આવેલ છે. નાના લોકોને સસ્તા મકાનો મળી રહે તે માટે વધુ જમીન ઉપલબ્ધ થાય તે હેતુથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામ નગર, જુનાગઢ, ગાંધીનગર મહાનગરપાલિકા અને સ્વતંત્ર સતામંડળ સીવાયની અ,બ,ક અને ડ વર્ગની તમામ મહાનગરપાલિકાઓ

અનુસંધાન પાના નં.૬

## આજે હનુમાનજીની જન્મ જયંતિની ઉજવણી

અમદાવાદ

આવતીકાલે ચૈત્રી સુદ પૂનમને તા.૩૧મી માર્ચે શ્રીરામચંદ્રજી ભગવાનના પરમભકત શ્રી હનુમાનજી દાદાની જન્મ જયંતિ હોઇ તેની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ એક દિવસ પહેલાં એટલે કે, આજે શ્રી હનુમાનજી કેમ્પ મંદિર ટ્રસ્ટ દ્વારા કેમ્પ હનુમાનજી દાદાની ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. આ વખતની દાદાની શોભાયાત્રામાં દક્ષિણ ભારતની થીમ થૈયમને રજૂ કરવામાં આવી હતી. જેમાં ભગવાન શિવજીના સંપૂર્ણ પરિવાર ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ સિવાય શોભા યાત્રામાં ૨૫થી વધુ ટ્રકો, કાર સહિતના નાના મોટા વાહનો અને અનેક આકર્ષણોએ પણ રંગ જમાવ્યો

અનુસંધાન પાના નં.૬

## અશોક ગહલોતના સ્થાને રાજીવ સાતવ ગુજરાત કોંગ્રેસના પ્રભારી

અમદાવાદ

ગુજરાત કોંગ્રેસમાં ભારે ફેરફાર કરવામાં આવી રહ્યાં છે.તાજેતરમાં કોંગ્રેસના ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે ભરતસિંહ સોલંકીના સ્થાને આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડને જવાબદારી સોંપ્યા હવે કોંગ્રેસમાં વધુ એક પરિવર્તન કર્યું છે. કોંગ્રેસે ગુજરાતના પ્રભારી તરીકે યુવાન નેતા રાજીવ સાતવ ( ઉવ. ૪૩)ની નિમણુંક કરી છે. રાજીવને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગહલોતના સ્થાને નવા પ્રભારી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત લાલજી દેસાઈને કોંગ્રેસ સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. મહેન્દ્ર જોષીની જગ્યાએ વધુ એક ગુજરાતીને રાષ્ટ્રીય જવાબદારી સોંપાઇ છે. ઉલ્લેખનીય છે કે લાલજી દેસાઇ ગુજરાત કોંગ્રેસના મહામંત્રી

અનુસંધાન પાના નં.૬

## પાલનપુર સિવિલ હોસ્પિટલમાં તબીબના સ્વાંગમાં ગઠીયો ઝડપાયો

**દર્દીઓને તપાસવાના બ્હાને ચોરી કરવાની પેરવી કરી રહેલો ગઠિયો ઝડપાયો**

પાલનપુર

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં તબીબના સ્વાંગમાં આવેલો ગઠીયો ઝડપાયો હતો. દર્દીઓને તપાસવાના બહાને તેમના મોબાઈલ ફોન અને રોકડ રકમની ચોરી કરવાની પેરવી કરી રહેલા ગઠિયા પર દર્દીઓના સગાઓને શક જતાં ગઠીયાને ઝડપી લઇ સિકયુરીટીને સોંપવામાં આવ્યો હતો. આ ઘટનાને લઇ સિવિલ પરિસરમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.



(સંજય જોષી)

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં એક ગઠીયો તબીબનો સ્વાંગ રચીને આવી ચઢયો હતો. જેણે દર્દીઓને તપાસવા બ્હાને તેમના મોબાઈલ તેમજ રોકડ રકમની પેરવી કરી હતી. આથી દર્દીઓના સગાઓને શંકા જતાં તેની પુછતાછ કરી હતી. જેમાં તે ગઠીયો હોવાનું જાણતા મળતાં ટોળુ એકત્ર થઈ ગયું હતુ અને ટપલી દાવ કરી સિવિલ હોસ્પિટલની સિકયુરીટીને સોંપવામાં આવ્યો હતો. આ ઘટનાને લઈ સિવિલ હોસ્પિટલના પરિસરમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

## સરકારી કર્મચારીની નિવૃત્તિ વય ૬૨ કરાઈ

નવીદિલ્હી

મધ્યપ્રદેશમાં સરકારી કર્મચારીઓ માટે સારા સમાચાર આવ્યા છે. હવે રાજ્યમાં સરકારી કર્મચારી ઓની નિવૃત્તિ માટે વયમર્યાદાને ૬૦થી વધારીને ૬૨ કરી દેવામાં આવી છે. સરકારી કર્મચારીઓમાં બઢતીમાં આરક્ષણ ની વ્યવસ્થા ના કારણે સામાન્ય વર્ગના કર્મચારી બઢતીથી વંચિત રહી જાય છે તે બાબતને ધ્યાનમાં લઇ મધ્યપ્રદેશ સરકારે આ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ ને આજે આ અંગેની જાહેરાત કરી હતી. ભાપોલમાં એક કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વરિષ્ઠતાના

અનુસંધાન પાના નં.૬

**કર્ણાટક ચૂંટણી : અમિત શાહના સિદ્ધારમૈયા સરકાર પર આકરા પ્રહારો**

## ભાજપ કાર્યકર્તાઓના હત્યારાઓને શોધીને જેલ હવાલે કરાશે : શાહ

**૨૪ પૈકીની ૨૨ હત્યાઓ એક જ રીતે કરાઈ હોવા છતાં પોલીસ દ્વારા કોઈ પગલા લેવાયા નથી : ભાજપ સરકાર બન્યા બાદ ન્યાય થશે : અમિત શાહ**

મૈસુર

કર્ણાટકમાં ભારતીય જનતા પાર્ટીને જીત અપાવવાના પ્રયાસોમાં લાગેલા પાર્ટી અધ્યક્ષ અમિત શાહે રાજ્યની વર્તમાન કોંગ્રેસ સરકાર પર આજે આકરા પ્રહારો કર્યા હતા. અમિત શાહે કોંગ્રેસના શાસનમાં બે ડઝનથી વધુ કાર્યકર્તાઓના મોતના મામલે આક્ષેપ કરતા કહ્યું હતુ કે, ભાજપ વર્કર્સના હત્યારાઓને પાતાળમાંથી પણ શોધીને જેલ હવાલે કરવામાં આવશે. આ દરમિયાન અમિત શાહે કહ્યું હતું કે, સિદ્ધારમૈયા સરકારનો અંત હવે નિશ્ચિત છે અને ટૂંકમાં જ ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ ન્યાય કરાશે. અમિત શાહને કોંગ્રેસ સરકાર કો કટઘરેમાં ઉભા રાખીને કહ્યું હતું કે, હત્યાઓ જે સિલસિલો ચાલ્યો છે તેની હું નિંદા કરું છું. રાજનીતિમાં રાજનીતિક વિચારધારાઓના પ્રવાહમાં હિંસાને કોઈ જ સ્થાન નથી. જો કોંગ્રેસ સરકાર સમજે છે કે હિંસાથી અમારી વિચારાધારા રોકી શકશે તો તેમની મોટી ભુલ છે. ભાજપ અધ્યક્ષ અમિત શાહે કહ્યું હતુ કે, ૨૪થી વધુ ભાજપ કાર્યકર્તાઓની હત્યાઓ થઈ ચુકી છે. ૨૨ હત્યાઓ એક જ રીતે કરવામાં આવી છે તેમ છતાં પોલીસે કાર્યવાહી કરી નથી. હત્યારાઓને બચાવવાનું કામ થઈ રહ્યું છે. તેઓ ખુલેઆમ ફરી રહ્યા છે. તેમને ફરીથી હત્યાઓ કરવાના અવસર આપવામાં આવી રહ્યા છે. સિદ્ધારમૈયા સરાકરનો સમય હવે પુરો થવા આવ્યો છે. હવે ભાજપની સરકાર બનશે કે તરત જ તમામ હત્યારાઓને પાતાળમાંથી શોધીને જેલ હવાલે કરવામાં આવશે. ભાજપ અધ્યક્ષ અમિત શાહે રાહુલ ગાંધી પણ ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, રાહુલના નેતૃત્વમાં કોંગ્રેસ જેટલી પણ ચૂંટણીઓ લડી છે તે તમામમાં તેમની હાર થઈ છે અને હવે કર્ણાટકનો વારો છે. શાહે કહ્યું હતું કે, હાલમાં જ મારી જીભ લપસી પડી અને કહ્યું કે, સિદ્ધારમૈયાની જગ્યાએ યેદિયુરપ્પાની સરકાર ભ્રષ્ટ છે. કોંગ્રેસ પાર્ટીએ મારા આ

અનુસંધાન પાના નં.૬

## ગુજરાત ભઠ્ઠીમાં શેકાયુ : સુરેન્દ્રનગરમાં ૪૨.૪ ડિગ્રી તાપમાન



અમદાવાદ

ગુજરાતમાં હવે ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે અને ગુજરાત ભઠ્ઠીમાં શેકાઇ રહ્યું છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. ગુજરાતનું તાપમાન સરેરાશ ૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યુ છે

ગુજરાતમાં સૌથી વધુ તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયુ હતું. સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો ૪૨.૪ ડિગ્રી પહોંચી ગયો છે. જયારે કંડલામાં પારો ૪૨૩ નોંધાયું છે જયારે રાજકોટમાં ૪૨ ડિગ્રી, અમદાવાદમાં ૪૧.૩ ડીસામાં ૪. ડીગ્રી અને ગાંધીનગરમાં ૪૧.૫ ડિગ્રી, ઈડરમાં ૪૨ વડોદરા ૪૦.૬ અમરેલીમાં ૪૧.૮ અને ભુજમાં ૪૧.૬ ગરમીનો પારો પહોંચી ગઈ ગયો.

ભારે ગરમીને કારણે નાગરિકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડયો હતો. બપોરના સમયે માર્ગો સુમસાન નજરે પડી રહ્યાં હતાં. સૌથી વધુ પરેશાની વૃધ્ધો અને બાળકોને થઈ રહી છે. પક્ષીઓ પણ ગરમીને કારણે કફોડી સ્થિતિમાં મુકાઈ ગયા હતાં.

ગરમીને કારણે ઠંડા પીણાનું વેચાણ વધી ગયુ છે. લોકો ગરમીથી રાહત મેળવવા માટે ઠંડા પણી પી રહ્યાં છે. જયારે નાગરિકો કામ સિવાય બહાર જવાનું ટાળી રહ્યાં છે. સાંજ પડતા જ બગીચાઓમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૨૪ કલાક દરમિયાન બનાસકાંઠા, સાબરકાંઠાના વિસ્તારોમાં ગરમી વધવાની શકયા છે. આ ૨૪ કલાક દરમિયાન ઉત્તર ગુજરાતમાં હિટ વેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે કામ વિના બહાર ન નિકળવા માટે લોકોને સૂચિત કરવામાં આવ્યા છે.

## પાલનપુર પાલિકા દ્વારા બે દુકાનો સીલ કરાઈ

**પાલિકા દ્વારા કડક વેરા વસુલાત ઝુંબેશ**

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા એ કડક વેરા વસુલાત હાથ ધરી છે. રીઢા બાકીદારો સામે લાલ આંખ કરતા પાલિકાએ આજથી બાકી ભાડા પેટે ૧૦ જેટલી દુકાનોને સીલ મારવાની કામગીરી હાથ ધરી હતી.





(સંજય જોષી)

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાએ આજે વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં પાલિકાની માલિકીની દુકાનોના ૧૦ જેટલા લીઝ ધારકોના રૂ.ચારેક લાખનું બાકી ભાડુ ચડી ગયું છે. ત્યારે આજે બાકી ભાડા પેટે ૨ દુકાનો સીલ કરાઈ હતી.

આ ઉપરાંત પાલિકાએ કડક વેરા વસુલાત ઝુંબેશ દરમિયાન સ્થળ પર જ રૂ. ૨ લાખની વસુલાત કરી હતી. જયારે છેલ્લા ૫ દિવસમાં રૂ.૨૫ લાખની વસુલાત કરાઈ હોવાનું ટેક્ષ સુપરવાઈઝર સંજય વ્યાસ અને ગજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું. આગામી દિવસોમાં રહેણાંક વિસ્તારમાં પણ પાલિકા કડક વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરશે. ત્યારે પાલિકાના કડક રૂખને પગલે બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

**કચ્છી આફતને અવસરમાં ફેરવી શકે છે**

## આફ્રિકા-કેન્યાના વિકાસમાં કચ્છીઓનો મોટો ફાળો : મોદી

**પૂર્વ આફ્રિકાના વિકાસમાં કચ્છી લેઉવા પટેલ સમાજના વિકાસનું પ્રદાન સવા સો વર્ષ જુનુ છે : વડાપ્રધાન મોદી**

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નૈરોબીમાં વસતા કચ્છી સમુદાયને વીડિયો કોન્ફરન્સથી સંબોધન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છી ભાષામાં સંબોધનની શરૂઆત કરી હતી. કચ્છી ભાષામાં વડાપ્રધાને જયસ્વામિનારાયણ કહ્યું હતું. પૂર્વ આફ્રિકી દેશ કેન્યામાં નૈરોબીમાં શ્રી કચ્છી લેઉવા પટેલ સમાજના વેસ્ટ કોમ્પ્લેક્સના ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સિલ્વર જયુબિલી સેલિબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેલિબ્રેશન અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છીઓને સંબોધન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૯૩માં નિર્માણ પામેલા વેસ્ટ કોમ્પ્લેક્ષમાં શિક્ષણ, આરોગ્ય અને આવસની સુવિધા ઉપલબ્ધ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આફ્રિકા-કેન્યાના વિકાસમાં કચ્છીઓનો મોટો ફાળો છે. વડાપ્રધાન મોદીએ નૈરોબીમાં વસતા ગુજરાતીઓને કચ્છી ભાષામાં જય સ્વામિનારાયણ કહી સંબોધનની શરૂઆત કરી હતી. વડાપ્રધાનને કહ્યું કે, પૂર્વ આફ્રિકાના કચ્છી લેઉવા પટેલ સમાજનું પ્રદાન સવા સો વર્ષ જૂનું છે.

બાળકો અને ગરીબ મહિલાઓ માટે અંતરિયાળ વિસ્તારમાં ચાલતા પ્રયાસો પ્રશંસનીય છે. કચ્છ અને જામનગર વચ્ચે રો-રો ફેરી શરૂ કરાશે. વડાપ્રધાનને આગળ કહ્યું આફ્રિકા અને કેન્યાના વિકાસમાં કચ્છીઓનો મોટો ફાળો છે. જે રીતે સ્કૂલ હોસ્પિટલ અને રાહત દરે ઘર બનાવવાનું કામ હાથ ધર્યું છે, તે અભિનંદન પાત્ર છે. ભારતીયોનો ફાળો માત્ર પરસેવા પુરતો નથી, ત્યાગ અને બલિદાનનો પણ છે અને અનેક ભારતીયોએ કેન્યાને આઝાદી અપાવવામાં ફાળો આપ્યો છે.

## વિચાર વૈભવ...

### અધિકાર

કોઈ પણ શિક્ષણ સંસ્થામાં મોટામાં મોટો અધિકાર તો વિદ્યાર્થીઓને ભણાવવાની છૂટ, તેમના પર અસર પાડવાની તક, એ જ છે. તે જ્યાં સુધી આપણી પાસે છે ત્યાં સુધી બીજા અધિકારો મળે કે ન મળે એની દરકાર સાચા શિક્ષકોને ન હોય. કોઈ પણ સંસ્થામાં આપણે થોડા દિવસને માટે હોઈએ કે કાયમને માટે, તે સંસ્થાનું આત્યંતિક હિત, તે સંસ્થાની પ્રતિષ્ઠા અને વાતાવરણની પવિત્રતા એ ત્રણે વસ્તુ વિશે ઈંતેજારી આપણામાં પૂરેપૂરી હોવી જોઈએ. એક દિવસને માટે ભણાવતા હોઈએ તોપણ સંપૂર્ણ નિષ્ઠાથી ભણાવવું, એ તો પ્રામાણિક સેવામાં આવી જ જાય છે. એ તો માણસની પોતાના પ્રત્યેની જ ફરજ છે. શિક્ષકોએ પણ ન ભૂલવું જોઈએ કે દરેક દિવસ એ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે. ભણાવવામાં એક દિવસને માટે પણ જો આપણે બેદરકાર કે નિરુત્સાહ થઈએ, વેઠ ઉતારીએ તો આપણી ઉન્નતિનો એક દિવસ આપણે ખોયો ગણવો જોઈએ.

કાકા કાલેલકર

## સાર સમાચાર...

### પેપર લીકમાં ગુગલ પાસેથી ઇ-મેઇલની માહિતી મંગાઈ

નવીદિલ્હી,

સીબીએસઈ પેપર લીક મામલે વિદ્યાર્થીઓના જોરદાર વિરોધ પ્રદર્શન વચ્ચે દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચ વિસલબ્લોઅરની તપાસ ચાલી રહી છે. આના માટે ગૂગલ પાસેથી પણ સહકારની માંગ કરવામાં આવી છે. જો કે, વિસલબ્લોઅરે જ સીબીએસઈના ચેરપર્સનને પરીક્ષાના થોડાક કલાક પહેલા જ ચેતવણી ઈ-મેઈલ કરાયો હતો. ક્રાઈમ બ્રાંચે આ ઈ-મેઈલ અંગે ગુગલ પાસેથી જવાબની માંગ કરવામાં આવી છે. આ મેઈલ જીમેઈલ આઈડીથી મોકલવામાં આવ્યો હતો અને એમાં હાથથી લખાયેલ પ્રશ્નપત્રની નકલ પણ સામેલ હતી. વોટ્સએપ પર પેપર શેયર થવાની માહિતી વચ્ચે ક્રાઈમ બ્રાંચે ૧૦થી વધુ વોટ્સએપ ગ્રુપની ઓળખ કરી લીધી છે જેમાં તમામ ગ્રુપમાં ૫૦-૬૦ સભ્યો સામેલ છે. તપાસ અને પુછપરછનો દોર સતત જારી રહ્યો છે.

પેપર લીકને લઈને પાંચ વિદ્યાર્થીઓના સંગઠને માનવ સંશાધન વિકાસમંત્રી પ્રકાશ જાવડેકર સાથે મુલાકાત કરી હતી. સીબીએસઈ ચેરપર્સનના રાજી નામાની માંગણી સાથે વિદ્યાર્થી ઓએ કહ્યું હતું કે, સીબીએસઈની ભુલોની સજા તમામ વિદ્યાર્થીઓ ન મળવી જોઇએ. દિલ્હીમાં સીબીએસઈ ઓફિસ બહાર વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શન જારી છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાને એક્ઝામ વોરિયર્સ પુસ્તક લખી છે જે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને તણાવથી દૂર રાખવા માટે છે. હવે તેમણે એક્ઝામ વોરિયર્સ-૨ લખવી જોઈએ. જેમાં તેમણે પેપર લીક થવાના કારણો તકલીફમાં મુકાયેલી વિદ્યાર્થી અને વાલીઓની જીંદગીઓની બાદ તે તનાણને દૂર કરવા શું કરવું જોઇએ તેના વિશે માહિતી હોવી જોઈએ.

NEET અને JEE નું કોચીંગ ફ્રી*
હવે આપણા પાલનપુર શહેરમાં દિલ્હીની ૧૦ વર્ષથી પ્રખ્યાત CBSE Pattern મુજબ કોચીંગ ઇન્સ્ટિટ્યુટ દ્વારા ઘર આંગણે અમારી સંસ્થા દ્વારા NEET અને JEE ક્રશ કોર્ષનું ૩૫ દિવસનું કોચીંગ ફ્રી* મેળવો.
(SINCE 2004)
MAGNESIA NEET Coaching Institute
અરવિંદ અગ્રવાલ - ૯૪૨૮૮ ૨૭૪૮૨ | રાજેશ ત્રિવેદી - ૯૦૮૧૯ ૦૩૩૦૦
ત્રીજા માળે, શાશ્વત કોમ્પ્લેક્ષ, બિહારી બાગની બાજુમાં, આબુ હાઈવે, પાલનપુર.

CMYK

સૂર્યોદય - ૬.૩૬ સૂર્યાસ્ત - ૬.૫૪

## તિથિદર્શન
ચૈત્ર સુદ ૧૫ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર સુદ :પુનમ શનિવાર નક્ષત્ર:ઉ.ફાલ્ગુની સવારે ૬.૩૦ પછી હસ્ત યોગ : વૃદ્ધિ કરણ : વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**અસ્થિરં જીવિતં લોકે અસ્થિરે ધનયૌવને**
**અસ્થિરાઃ પુત્ર દારાશ્ચ ધર્મઃ કીર્તિર્દ્વયં સ્થિરમ્**

'આ લોક, સંસાર - વ્યવહારમાં, આયુષ્ય, ધન, યૌવન, પુત્રો- પુત્રીઓ અને સ્ત્રી આ બધાં જ અસ્થિર છે. અર્થાત્ કોઈ કાયમી રહેવાનાં નથી, પરંતુ ફક્ત ધર્મ અને કીર્તિ આ બે જ વસ્તુ સ્થિર, કાયમી, સાથે રહેવાની છે.' જીવનમાં કરેલાં સત્કાર્યો -સેવા અને પરોપકાર માટે કરેલાં પરમાર્થનાં કાર્યો જ સાચું જીવન છે. વ્યક્તિ નિઃસ્વાર્થપણે જરૂરિયાતમંદ દીન- દુખિયાંની, કોઈ પણ અપેક્ષા વિના, ગુપ્ત રીતે કે ઢોલ- નગારાં- બેનર- ફોટા પડાવ્યા વિના જ જો મદ કરે તો એવાં સેવાકાર્યો જ 'સફળ' કહેવાય છે ને ઈશ્વરના દરબારમાં તો નોંધ લેવાય જ છે પણ સમાજ પણ યોગ્ય રીતે તેમની કદર કરે છે અને 'કીર્તિ' મળે, જે જીવનના અંત પછી પણ સાથે આવે છે. આજે પૂર્વ દાતાઓએ કરેલાં સેવાકાર્યો અનેકને ઉપકારક છે અને લોકોના મૂક આશીર્વાદ પામે છે. ઈશ્વરનું ચિંતન- પ્રાર્થના- ભજન- મનન આત્માની જાગૃતિ માટે છે, જાગૃત આત્મા- જીવને દુષ્કૃત્યો કરતાં અટકાવે છે અને જીવને સાચી દિશામાં લઈ જનારાં પુણ્યકાર્યો માટે પ્રેરે છે, અને જીવનની એ જ સાચી દિશા છે. કોઈનું બૂરું ન કરવું અને મદદ કરવી એ જ ધર્મ, એ જ સત્કાર્ય છે. આમ, ધર્મ અને કીર્તિ જ જીવન દરમિયાન અને મૃત્યુ પછી પણ કામ આવવાનાં છે એ જ સ્થિર- કાયમી છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)વ્યર્થ ચિંતા રહે. નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.) વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ. કાર્યમાં વિલંબથી સફળતા મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) આવક વૃધ્ધિ થાય. કાનુની બાબતે લાભ મળે.**
**કર્ક : (ડ.હ.) મહત્વના નિર્ણય લઇ શકશો. દિવસ આનંદભર્યો પસાર થાય.**
**સિંહ : (મ.ટ.)મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. સંતાનોથી સહકાર મળે.**
**તુલા : (ર.ત.) આર્થિક વ્યવહારોમાં સંભાળવું. સ્નેહિજનોથી સંતોષ રહે.**
**વૃશ્ચિક : (ન.ય.) માંગલિક પ્રસંગોનું આયોજન થાય. પરિવારજનોમાં યશ, વૃદ્ધિ રહે**
**ધન : (ભ.ફ.ધ.) નવા આયોજનો ન કરવા હિતાવહ**
**મકર : (ખ.જ.) નાણાંની લેવડ-દેવડના કાર્યોમાં સફળતા મળે. આરોગ્ય બાબતે સંભાળવ**
**કુંભ : (ગ.શ.સ.)આકસ્મીક ધન વ્યયના યોગ છે. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**મીન : (દ.ચ.જ.થ.)આર્થિક મૂંઝવણમાંથી માર્ગ મળે. નવિન કાર્યમાં સફળતા મળે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

**ગુજરાતના સુપ્રસિદ્ધ કેળવણીકાર, પ્રાચીન કાવ્યકતિઓના સંશોધક,અનેકવિધ સામયિકોના પ્રકાશક અને સંપાદક શ્રી હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ. ૧૮૪૪માં ઉમરેઠમાં થયો હતો. એમનાં ૭૭ પુસ્તકો પ્રગટ થયાં છે. તેમણે મરાઠી અને હિંદી ભાષા-સાહિત્યનો અભ્યાસ પણ કરેલો. સાહિત્યમાં સર્જન અને સંપાદન આ બે એમના મોટા કામો છે. આ નીડર અને બહુમુખી પ્રતીભાસંપન્ન કેળવણીકાર અને સાહિત્યકાર શ્રી હરગોવિંદદાસ કાંટાવાળાનું તા.૩૧-૩-૧૯૩૦ના રોજ અવસાન થયું.**

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# કાંકરેજ તાલુકાના થરા ખાતે જાહેર જનતા માટે પાણીની પરબ શરૂ કરાઈ



પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના હૃદયસમા થરા શહેરમાં હાઈવે ખાતે મુખ્ય બજારમાં પૂજ્ય જલારામ બાપાના નામથી જાહેર જનતા માટે પીવાના ઠંડા પાણીની પરબ તાજેતરમાં શરૂ કરવામાં આવી છે. આ પરબ એપ્રિલ, મે અને જુન એમ ત્રણ મહિના સુધી લાગલગાટ ચાલુ રહેનાર છે. ઠંડા પાણીની આ પરબનું ઉદ્‌ઘાટન કાંકરેજના ખૂબ જ નિષ્ઠાવાન અને સેવાભાવી ધારાસભ્ય કીર્તિસિંહજી વાઘેલાએ કર્યું હતું.

આ ઠંડા પાણીની પરબ માટેનું સૌજન્ય થરાના જાણીતા સેવાભાવી આગેવાન અને જલારામ ભક્ત અચરતભાઈ શિવરામભાઈ ઠક્કર તરફથી સાંપડેલ છે. પરબના ઉદ્‌ઘાટન પ્રસંગે ધારાસભ્ય કીર્તિસિંહજી વાઘેલા ઉપરાંત આગેવાનો સર્વ અચરતભાઈ ઠક્કર, પૃથ્વીરાજસિંહ વાઘેલા, હીરાભાઈ જોષી, તેજાજી ઘાંઘોસ(થરા શહેર ભાજપ પ્રમુખ), થરા જલારામ મંદિર પ્રમુખ વિજયભાઈ ઠક્કર, નિરંજનભાઈ એ. ઠક્કર, વસાભાઈ ચૌધરી, અમરતભાઈ ખત્રી, પરેશભાઈ ઠક્કર, ઉમેષભાઈ પ્રજાપતિ, ગોપાલભાઈ લાટીવાળા, સાગર પૂજારા, હર્ષદભાઈ આઈ.ઠક્કર ,નિરંજનભાઈ સોની, રાજુભાઈ ઠક્કર, દલપતભાઈ દરજી, ઋત્વિક ઠક્કર, મોહનભાઈ ત્રિકમલાલ ઠક્કર સહિત અનેક આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા અને આટલું સરસ પૂન્યશાળી કામ કરવા બદલ અચરતભાઈ ઠક્કર અને પરિવારજનોને ખાસ અભિનંદન પણ આપ્યા હતા. થરા નગર ખૂબ જ ધાર્મિક શહેર છે. વાળીનાથ મંદિર , રામજી મંદિર, બહુચર માતા મંદિર, જૈન દેરાસરો થકી અનેકવિધ સેવાકીય કામો થાય છે ત્યારે આવતા માગસર માસમાં પૂજ્ય જલારામ બાપાના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પણ વાજતે ગાજતે થનાર છે. જેમાં અંદાજે બે લાખ લોકો ઉપસ્થિત રહેવાની સંભાવના છે.

# ડીસા સહિત જિલ્લાભરમાં આજે હનુમાન જયંતિની ઉજવણી : હનુમાન જયંતિ અને શનિવારનો સુભગ સમન્વય


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

આજે ચૈત્ર સુદ પુનમનો દિવસ એટલે રામદૂત હનુમાનજીની જન્મ જયંતિ આજના દિવસે શ્રી રામભક્ત હનુમાનનો જન્મ થયો હતો. ત્યારે સમગ્ર જિલ્લા સહિત દેશભરમાં હનુમાન જયંતિની ભક્તિભાવસભર ઉજવણી થશે. હનુમાન મંદિરોમાં ભક્તો વિશેષ પુજન અર્ચન કરશે. જિલ્લાનું એવુ કોઈ ગામ નથી કે જ્યાં હનુમાનજીનું મંદિર ન હોય દરેક ગામમાં અમુક હનુમાનજીનું મંદિર જોવા મળતુ હોય છે. જેથી હજારો વર્ષથી જન સમુદાયના હૃદયમાં રામ જેટલુ જ આદરણીય સ્થાન હનુમાનજીને મળ્યુ છે. હનુમાનજી બળબુદ્ધિ સંપન્ન હતા. તેમનામાં માનસશાસ્ત્ર, રાજનીતિ, સાહિત્ય, તત્વજ્ઞાન વગેરે શાસ્ત્રોનું ઉંડુ જ્ઞાન હતું. વળી તેમને અગિયારમાં વ્યાકરણસર અને રૂદ્રનો અવતાર માનવામાં આવે છે જેને લઈ હનુમાન જયંતિના આજના પ્રસંગે હનુમાનજીના મંદિરોમાં હનુમાન ચાલીસા, સુંદરકાંડના પાઠ, ભજન સત્સંગ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે સાથે મંદિરોને પણ વિશેષ રીતે શણગારવામાં આવ્યા છે. ત્યારે ભક્તોમાં આજના દિવસની ઉજવણીને લઈ ભારે ઉત્સાહ મળી રહ્યો છે. વળી આ વર્ષ ચૈત્ર સુદ પુનમનો દિવસ શનિવાર આવતા ભક્તજનોનો ઉત્સાહ બેવડાયો છે.

હનુમાન જયંતિના પ્રસંગે જિલ્લાભરમાં ધાર્મિક માહોલ જોવા મળી રહ્યો છે. ઠેરઠેર વિશેષ કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. જેમાં મારૂતિ યજ્ઞ ઉપરાંત ભોજન પ્રસાદ, દર્શન પૂજા, આરતી તેમજ ભજન સત્સંગ સહિતના કાર્યક્રમો થશે. જેથી હનુમાનદાદાના ભક્તજનો ભાવિકોમાં ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લાના પ્રસિદ્ધ હનુમાન મંદિરોમાં લોકોની ભારે ભીડ જામશે. ત્યારે ડીસા તાલુકાના વડાવળ ગામમાં આવેલ હનુમાનદાદાના મંદિરે સવારે યજ્ઞનું આયોજન કર્યુ છે અને રાત્રે ભવ્ય સંતવાણી કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં સાહિત્યકાર ભરતભાઈ હિરાવંશીના રતન મ્યુઝીક ગૃપના કલાકારો હાજરી આપી ભજન સત્સંગની રમઝટ બોલાવશે.

# ડીસા જલારામ મંદિરે યોજાનાર એક્યુપ્રેસર અને સુજૌક પધ્ધતિનો સારવાર કેમ્પ

ડીસા

ડીસા જલારામ મંદિર અનેક સેવાકીય પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે. પીવાના પાણીની પરબ, અન્નક્ષેત્ર, ભોજનાલય, આરોગ્યધામ, સેવાસદન, સત્સંગ કાર્યક્રમો, તહેવાર ઉજવણી એમ અનેક રીતે જલારામ મંદિર સમગ્ર જિલ્લામાં સેવા અર્થે પ્રખ્યાત બન્યું છે. જલારામ મંદિર ડીસાના આરોગ્ય ધામમાં ફરજ બજાવતા ડૉ.ગઢવીની કામગીરી પણ અતિ પ્રશંસનીય છે. તા. ૧/૪/૨૦૧૮ રવિવારથી તા. ૫/૪/૨૦૧૮ ગુરુવાર એમ પાંચ દિવસ માટે અનેક પ્રકારના રોગોની સારવારમાં ઉપયોગી નીવડે એવી એક્યુપ્રેસર, સુજૌક અને મેગ્નેટ થેરાપી પધ્ધતિનો સારવાર કેમ્પ ડીસા જલારામ મંદિરે શરૂ થઈ રહેલ છે.

તા. ૧/૪/૨૦૧૮ રવિવારે સવારે ૯:૦૦ કલાકે આ કેમ્પનું ઉદ્‌ઘાટન પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજ દીપ પ્રગટાવીને કરનાર છે. બ્લડપ્રેસર, ડાયાબીટીસ, પેટના રોગો, સાંધાના રોગો, મસા, પથરી, ચામડીના રોગો, નાના બાળકોના રોગો, સ્ત્રી અને પુરુષના ગુપ્તરોગો, શ્વાસ કે દમના રોગો, કાન, નાક કે ગળાના રોગો સહિત અનેક પ્રકારના રોગોમાં આ પધ્ધતિ અસરકારક નીવડે છે. ડૉ.રામમનોહર લોહિયા આરોગ્ય જીવન સંસ્થાન હનુમાનગઢ રાજસ્થાનના ડૉ.કે.એલ. લોહિયા અને ડૉ.ગોવિંદસિંહ આ સારવાર કેમ્પમાં સેવા આપનાર છે. પાંચ દિવસ માટેની ફી માત્ર વ્યક્તિદીઠ ૧૦૦/- (સો રૂપિયા) છે. સમગ્ર કેમ્પની સફળતા માટે જલારામ મંદિર ડીસાના સેવકો સર્વ કનુભાઈ આચાર્ય, શશીકાંતભાઈ ઠક્કર, નરેશભાઈ આચાર્ય, જગદીશભાઈ પૂજારા, સુરેશભાઈ દેવવાળા, કેશવલાલ ચાવડા, ભગવાનભાઈ બંધુ, ભાઈલાલભાઈ ઠક્કર, જલારામભાઈ દેવવાળા સહિત સૌ કોઈ નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહેલ છે. વહેલા તે પહેલાના ધોરણે સ્થળ ઉપર જ રજીસ્ટ્રેશન કરાવી મર્યાદિત સંખ્યામાં દર્દીઓ લેવાના હોઈ સૌએ સમયસર રજીસ્ટ્રેશન કરાવી લેવા પણ જાણ કરવામાં આવી છે. ડીસા નગરમાં આ પ્રકારનો સેવાકેમ્પ સૌપ્રથમવાર થતો હોઈ દર્દીઓમાં પણ વધારે ઉત્સાહ જોવા મળે છે.

# ડીસા તાલુકાની સાંડીયા પ્રાથમિક શાળામાં શિક્ષક અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના સાંડીયા પ્રાથમિક શાળામાં ગતરોજ ધોરણ- ૮ ના વિદ્યાર્થીઓનો તથા શાળાના ભૂતપૂર્વ શિક્ષકનો વિદાય સમારંભનો કાર્યક્રમ યોજાયો હતો.

શાળામાં યોજાયેલ વિદાય સમારંભના પ્રસંગે સાંડીયા શાળા પરિવાર દ્વારા વિદાય સમારંભમાં એક અનોખી પહેલ કરવામાં આવી હતી. ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખી વિદાય લઈ રહેલ. ધોરણ-૮ ના તમામ વિદ્યાર્થીઓને પક્ષીઓને પાણી પીવા માટેના કુંડા તથા ગીતાસારનું પુસ્તકની ભેટ સ્વરૂપે આપી પર્યાવરણનું ઉત્તમ કામ કર્યું હતું. સાથે શાળાના શિક્ષક હર્ષદભાઈ બારોટનો પણ વિદાય સમારંભ યોજાવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બીટ કેળવણી નિરીક્ષક મહેશભાઈ નાઈ પણ હાજર રહી કાર્યક્રમને દિપાવ્યો હતો. ત્યારે શાળાના શિક્ષકો તરફથી તિથિભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યએ સુંદર ફરજ અદા કરી હતી.

# વાવ તાલુકા જય ભીમ યુવક મંડળના હોદેદારો નિમાયા



તા.પ્રતિ વાવ

ગત તા.૩૦/૩/૨૦૧૮ ને શુક્રવારના રોજ વાવ તાલુકાના તીર્થગામ મુકામે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કન્વીનર અને વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણીનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જે પ્રસંગે વાવ તાલુકા જય ભીમ યુવક મંડળના હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે વાવ તાલુકાના ઉચપા ગામના રમેશભાઈ પરમારની અને ઉપપ્રમુખ પદે વાવ તાલુકાના ખરડોલ ગામના મણીલાલ એસ. ચૌહાણની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. બંને યુવાનો કાર્યકુશળ હોશીંયાર અને ઉમદા વ્યક્તિત્વ ધરાવે છે જેમની રાહબરી હેઠળ વાવ તાલુકા જય ભીમ યુવક મંડળ પ્રગતિના શીખરો સર કરશે તેવો વાવ તાલુકાના દલિત અગ્રણીઓને દ્રઢ વિશ્વાસ છે. જેમની વરણીને સમગ્ર વાવ તાલુકાના દલિત બંધુઓએ હર્ષભેર આવકારી છે. તેમને સમગ્ર વાવ તાલુકામાંથી ચોમેરથી અભિનંદનની વર્ષા વરસી રહી છે.

# થરા નગરે શ્રી બહુચરમાતાજીને આજે છપ્પનભોગ અન્નકુટ ધરાવાશે


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા નગરના જુનાગામતળમાં ઐતિહાસીક પ્રાચીન બહુચર માતાજીનું મંદિર આવેલ છે વર્ષોજુની પરંપરા મુજબ દર ચૈત્રીપૂનમ એટલે મા બહુચરના પ્રાગટ્ય દિને આનંદનો ગરબો પૂ.મમતામયીદેવીની પાવન ઊપસ્થિતિમાં અને છપ્પન ભોગ અન્નકુટ ધરાવવામાં આવે છે,માઇ મંડળના અનિલભાઈ સોની (નિરાભાઇ)એ જણાવ્યું હતુ કે,આજે ચૈત્રી પૂનમે માઈભક્ત અચરતલાલ એન.સોની પરિવાર દ્વારા બપોરે ૧૨-૦૦ છપ્પન ભોગઅન્નકુટ ધરાવવામાં આવશે, જે માઈભક્તને પ્રસાદ બોક્સ ઘરે લઈ જવું હોય તો રુ.૧૦૦/- મંદિરમાં જમા કરાવી લઈ શકશે.આજે રાત્રે ૯-૦૦કલાકે ચાચરચોક ખાતે ભજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.

# બાપલામાં મેલડી માતાજીના મંદિરે નેજુ ચડાવાયું



તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના બાપલા ના દેવી પૂજક વાસમાં મેલડીમાતા ના મંદિરે સ્વ.શ્રી ચેલાભાઈ હેમરાજભાઈ પરિવારના પુત્રો રાયમલભાઈ ચેલાભાઈ દ્વાર મેલડીમાતાના મંદિરે ચિત્ર સુદનાં નોરતા નિમીતે ભજન કીર્તન રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે બાપલાંના વેડુ દેવીપૂજક પરમાર પરિવારોએ માતાજીના નેજાના લાભ લઈ આવનાર સમાજ બંધુઓને ભોજન પ્રસાદી મુંબઈમાં રહેતા રાયમલભાઈના પુત્રો એ લીધો હતો. તે પ્રસંગે દેવીપૂજક સમાજના ભાઈઓ મોટી સંખ્યામાં હાજર રહી મેલડી માતાજીની શોભા યાત્રા ડીજેના સાઉન્ડ સાથે વાજતે ગાજતે કાઢવામાં આવી હતી. તેમજ કલાકાર મિત્રો દ્વારા રાસ ગરબા ગાયી આવનાર દેવીપૂજક પરિવારો ને ખુશ કર્યા હતા. જેનું સંચાલન બાપલાંના દેવીપૂજક રાયમલભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમીરગઢથી સુંધાજી પગપાળા યાત્રા સંઘ


વિશાલ નાઈ

પ્રતિ. અમીરગઢ

અમીરગઢથી સુંધામાતા પગપાળા યાત્રા અમીરગઢથી વહેલી સવારે ચૈત્ર વદ ૧૩ ના રોજ સંઘનું પ્રસ્થાન થયું છેલ્લા ૭ વર્ષથી પદયાત્રા સંઘ જાય છે. શને ચૈત્ર વદ ૧૪ ને સાંજે સુંધાજી પહોંચે છે. રાજસ્થાનમાં આવેલું અતિ રમણીય અને મનમોહક એવું સુંધાજી પર્વત જ્યાં માતાનું સુંદર ધામ આવેલું છે. અને માતાજી પહાડોની અંદર ગુફામાં બિરાજમાન છે. ચૈત્ર નવરાત્રીમાં પુનમના લાખોની સંખ્યામાં માઈ ભક્તો આ યાત્રા ધામે પાવન દર્શન કરી ધન્ય બને છે. અને રાજસ્થાનમાં રેવદરથી આગળ જતા આ સુંદર રમણીય માતાજીનું ધામ આવેલ છે. અમીરગઢથી રવાના થયેલ સંઘ કાલે સાંજે માતાના દર્શન કરશે.

# થરા શ્રી વિનય પ્રાથમિક શાળા ખાતે ધો.૮ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત - વિદાય સમારોહ યોજાયો


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના થરા નગરમાં કાંકરેજ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી વિનય પ્રાથમિક શાળા (ધોરણ - ૬ થી ૮) ખાતે ધોરણ - ૮ ના વિદ્યાર્થી ભાઈ - બહેનોનો દિક્ષાંત શુભેચ્છા - વિદાય સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો. આ પ્રસંગે આચાર્ય શિવરામભાઈ પટેલે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓ ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરી આ શાળાનું ગૌરવ વધારે સમાજમાં સારો મોભો મેળવે તેવી શુભકામના પાઠવેલ.

તો વિદાય લેતા અને વિદાય આપતા વિદ્યાર્થી ભાઈ - બહેનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા જેમાં આશાબેન ચૌધરી (ધો.૭) દેસાઈ પ્રિયંકાબેને શાળામાં ચાલતી પ્રવૃત્તિઓને ગુરૂજીઓની કામગીરીની પ્રસંશા કરી હતી.

આ પ્રસંગે હરેશભાઈ પટેલ, શિવરાજસિંહ વાઘેલા, શંકરભાઈ ચૌધરી, વશરામભાઈ, કિરણભાઈ જોષી તથા સ્ટાફમિત્રો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન જયંતિભાઈ ચૌધરીએ તથા આભારવીધિ દેવરાજભાઈ ડી.ચૌધરીએ કરી હતી.

# ભગવાન મહાવીરના ૨૬૧૭ મા જન્મ કલ્યાણક દિવસે અમૃત સંદેશ

વિશ્વના જીવમાત્રના કલ્યાણ માટે જેમણે મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો. એવા ૨૪ માં તીર્થંકર ભગવાન મહાવીરના ૨૬૧૭ મા જન્મ કલ્યાણક દિવસે પ્રભુને 'હેપ્પી બર્થ ડે' કહીશું. ક્ષત્રિયકુંડના રાજા સિદ્ધાર્થ અને ત્રિશલા મહારાજાને ઘેર જન્મ ધારણ કરી ૩૦ મા વર્ષે રાજપાટ સુખવૈભવનો ત્યાગ કરી સંયમધર્મનો સ્વીકાર કર્યો. સાડા બાર વર્ષ ઘોર સાધના કરી વૈશાખ સુદ ૧૦ ના કેવળજ્ઞાન પામ્યા. વૈશાખ સુદ ૧૧ ના શાસનસ્થાપના કરી. એકી સાથે ૪૪૧૧ દીક્ષા આપી. ૩૦ વર્ષ સુધી ઉપદેશ આપ્યો. ૭૨ વર્ષની ઉંમરે પાવાપુરીમાં દિવાળી દિવસે નિર્વાણ પામ્યા.

એમના ઉપદેશમાં અહિંસા, સ્યાવાદ અને અપરિગ્રહ મુખ્ય છે. ભગવાન મહાવીરે કહ્યું કે બીજાને દુઃખી તમે ક્યારે' ય સુખી ન બની શકો. આ જગતમાં પ્રભુ મહાવીરથી મોટી વીતરાગ બનવાની કોઈ સાધના નથી. આ સાધના સાધકને અસીમ સુખ, શાંતિ અને તૃપ્તિ સાથે જીવનને સાચુ મુલ્ય આપે છે. અનંત સુખનું સ્થાન મોક્ષને યામના રાગ દ્વેષનો ક્ષય કરવો જરૂરી છે. એનો માર્ગ એ જ પ્રભુ મહાવીરનો સાધના માર્ગ છે.

અહિંસા અને મૈત્રીની આજે દુનિયાને તાતી જરૂરત છે. વિશ્વની તમામ સમસ્યાઓનું એક જ સમાધાન છે. ભગવાન મહાવીરના અહિંસા સિદ્ધાંતોનું પાલન અને વિશ્વમૈત્રી! અહિંસા, સંયમ અને તપથી મોક્ષની પ્રાપ્તિ છે!

૪૦૦ દીક્ષા દાનેશ્વરી
આચાર્ય વિજય ગુણ રત્નસૂરિ
આચાર્ય વિજય રશ્મિરત્નસૂરિ

# ફૂલ બજારમાં તેજી...


વિનોદ બાંડીવાલા

ડીસા સહિત જિલ્લામાં ચૈત્ર મહિનામાં ધાર્મિક કાર્યક્રમોની વણઝાર સર્જાઈ છે. ઠેરઠેર હવન- યજ્ઞ અને માતાજીની રમેલોની રમઝટ જામી છે. આવા ધાર્મિક કાર્યક્રમોમાં ફૂલોની માંગ વધુ રહે છે જેથી ફુલોનું બજાર કળીની જેમ ખીલી ઉઠ્યું છે. વધુ ભાવ હોવા છતાં ભાવિકો માતાજીની આરાધના અને મંદિર- મંડપની સજાવટ માટે ફુલોના હારની હોંશભેર ખરીદી કરે છે.

# હાડેચાનગરે પુણ્યતિથિ ઉજવણી

ડીસા

સાંચોર (રાજસ્થાન)ની પાસે આવેલા હાડેચાનગરમાં દર વર્ષની જેમ આ વર્ષે પરમ ઉપકારી આચાર્ય ભગવંત શ્રી કનકપ્રભસૂરીશ્વરજી મ.સા.ની. ૨૮ મી પુણ્યતિથી અને શ્રી ભુવનશેખરસૂરીશ્વજીની ૧૭ મી પુણ્યતિથિ ઉજવણી ચૈત્ર વદિ સાતમ, શનિવારે તારીખ ૭ એપ્રીલ ૨૦૧૮ ના દિવસે ઘણા ઉલ્લાસપૂર્વક પૂજ્ય ગુરૂભગવંતની પાવન નિશ્રામાં મનાવવામાં આવશે, એને અનુલક્ષી વરઘોડો, ગુણાનુવાદ સભા, સંઘ દ્વારા સ્વામિવાત્સલ્ય, પૂજા, ભક્તિ-ભાવના વગેરેનું આયોજન થશે. શ્રી હાડેચાનગર જૈન સંઘ તરફથી બધા ધર્મપ્રેમી ગુરૂભક્ત મહાનુભાવોને પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે. એના માટે શ્રી કંચન ગ્રુપ હાડેચાનગર તરફથી મુંબઈથી ૫ એપ્રીલ ૨૦૧૮ ના દિવસે કનક યાત્રા પ્રવાસની વ્યવસ્થા કરેલ છે.

# ગુજરાત સરકારે પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી ભાષાના સ્તરમાં સુધાર માટે બ્રિટિશ કાઉન્સિલ અને ટાટા ટ્રસ્ટ સાથે એમઓયુ (સમજૂતી કરાર) પર હસ્તાક્ષર કર્યા



બ્રિટિશ કાઉન્સિલે ગુજરાતના જામનગર અને દેવભૂમિ જીલ્લાઓમાં અંગ્રેજી ભાષાનું સ્તર સુધારવા માટે ગુજરાત સરકાર અને ટાટા ટ્રસ્ટ સાથે એમઓયુ કર્યા. બ્રિટિશ કાઉન્સિલના વેસ્ટ ઈન્ડીયાના ડાયરેકટર હેલેન સિલ્વેસ્ટર એ ગુજરાત કાઉન્સિલ ઓફ એજયુકેશનલ રીસર્ચ અને ટ્રેનિંગ (જીસીઈઆરટી) ના ડો. ટી.એસ. જોષી અને તાતા ટ્રસ્ટના સેક્રેટરી અને ચીફ એકાઉન્ટન્ટ બર્જીસ તારાપરવાલા સાથે ગાંધીનગરમાં ગુજરાત કાઉન્સિલ ઓફ એજયુકેશનલ રીસર્ચ અને ટ્રેનિંગ ખાતે તા. ૨૭.૦૩.૨૦૧૮ ના રોજ એમઓયુ (સમજૂતી કરાર) પર હસ્તાક્ષર કર્યા હતા. બ્રિટિશ કાઉન્સિલ રાજયની જ્ઞાનની મહત્વાકાંક્ષા પૂરી કરવા, યુવાનો માટે તકોમાં સુધાર કરવા અને પ્રાથમિકક્ષેત્રે ગુણવત્તાયુકત શિક્ષણ માટે ગુજરાત સરકાર સાથે કાર્ય કરવાની આશા રાખે છે. બ્રિટિશ કાઉન્સિલની ભારતમાં ૭૦ વર્ષોની યાત્રા ખુબ પ્રેરણાદાયક રહી છે. ગુજરાત દેશના વિકાસમાં યોગદાન આપનાર મુખ્ય રાજયોમાંનું એક છે, તેથી શિક્ષકોએ જ્ઞાન અને શિક્ષણ ભિન્નરીતે પ્રદાન કરવું જરૂરી છે. આ એમઓયુ દ્વારા શાળાના વિધાર્થીઓના શિક્ષણના પરિણામોમાં સુધાર લાવવાના ગુજરાત સરકારના દષ્ટિકોણ માટે સહયોગ આપવાની આશા રાખીએ છીએ અને ગુજરાત અને યુકે વચ્ચે સાંસ્કૃતિક સહયોગમાં વૃદ્ધિ કરીશું.'

આ પ્રોજકટ ત્રણ પક્ષકારો વચ્ચે બે વર્ષ માટે (૧ એપ્રિલ ૨૦૧૮ થી ૩૧માર્ચ ૨૦૨૦) છે, જેમાં બ્રિટિશ કાઉન્સિલ ટેકનિકલ સહયોગી છે, ટાટા ટ્રસ્ટ ફંડિગ (ભંડોળ આપનાર) સહયોગી છે અને ગુજરાત સરકાર અંતિમ લાભાર્થી છે. આ પ્રોજેકટ ૩૦ ટિચર્સ એજયુકેટર્સ (શિક્ષકોના શિક્ષકો), ૧૨૫૦ શિક્ષકો, ૬૨૫૦૦ શીખનારાઓ, ૧૩૭૦ પ્રકાશનો અને ૬૦ ઓનલાઈન અભ્યાસક્રમો સાથેની વાર્ષિક પહોંચ ધરાવશે. આ પ્રોજેકટનું મોડેલ શિક્ષકોની તાલિમના ટ્રેડિશનલ કાસ્કેડ મોડેલનું મિશ્રણ છે જે સકાલ્યવાદી વ્યાવસાયિક વિકાસ માટે સ્થાનિક સમુદાયોની પ્રેકટિસ (રિતરિવાજો) દ્વારા આંતરિક-સહાયતા સાથેનો ટકાઉ અભિગમ છે.માર્ચ ૨૦૧૯ સુધીમાં જામનગર અને દેવભુમિ દ્વારકામાં પાયલોટ પ્રોજેકટ દ્વારા પ્રોજકટમાં ૩૦ શિક્ષકોના શિક્ષક સાથેની કેડરનું નિર્માણ કરવામાં આવશે, જેમાં અંગ્રેજી ભાષાનું કૌશલ્ય, કલાસરૂમ પેડેગોગી (શિક્ષણકળા) અને માર્ગદર્શન કૌશલ્યના સહયોગ દ્વારા પ્રાથમિક શાળાના અંગ્રેજીના શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ માટે સેવા દરમ્યાન સહયોગ આપવામાં આવશે. આ પ્રોજેકટનો હેતુ જીલ્લામાં ૬ થી ૮ ધોરણના ૧૨૫૦ પ્રાથમિક શિક્ષકોમાં અંગ્રેજી ભાષાના કૌશલ્ય, જ્ઞાન અને આત્મવિશ્વાસનું નિર્માણ કરાવનો છે, જેથી તેઓ નેશનલ કરીકયુલમ ફ્રેમવર્ક (રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખા ૨૦૦૫) અનુસાર બાળ-કેન્દ્રીત અને બાળમિત્ર પાઠ લઈ શકે.




ટીચર : પપલુ કેમ મોડો પડયો ?
પપલુ : મારા નાના ભાઈને વાળ કપાવવા લઈ ગયો હતો.
ટીચર : આ કામ તારા પપ્પા પણ કરી શકયા હોત.
પપલુ : મારા પપ્પા કરતાં વાળંદ વાળ સારા કાપે છે.(

ચંદુ રસ્તા પર ચાલતી વખતે એક જાડી મહીલા સાથે અથડાઈ ગયો.. એટલે બાજુમાં ચાલતી એ મહીલાની સુંદર દિકરીએ ગુસ્સે થઈને કહ્યું, દેખાતું નથી ? આંખો છે કે...

ચંદુએ હસતાં હસતાં કહ્યું, તમારી વાત સાચી છે જો મને દેખાતું હોત તો હું તમારી મમ્મીને બદલે તમારી સાથે જ ટકરાયો હોત..

૦૦૦૦

ચંદુએ ચમનને કહ્યું : મને લાગે છે કે હું ઘરડો થતો જઈ રહ્યો છું..
ચમન બોલ્યો : તને એવું શાના પરથી લાગ્યું ?
ચંદુએ કહ્યું, જે રીતે લોકો મારી સાથે વાતો કરે છે એના પરથી એવું લાગે છે.
ચમને પુછ્યું લોકો શું કહે છે ?
ચંદુએ કહ્યું લોકો પહેલાં મને પુછતા હતા કે તમે લગ્ન કેમ નથી કરી લેતા અને હવે પુછે છે કે તમે કેમ વાંઢા રહી ગયા ?

૦૦૦૦

મહેમાન : અમારૂં આખું ઘર કારમાં તાજમહેલ જોવા ગયું હતું.
પપલુ : તમારૂં આટલું મોટું ઘર આટલી નાની કારમાં કેવી રીતે આવી ગયું ?૦૦૦૦૦૦



# મધુવન

## 'મન હતું એવું રહ્યું ના કયાંય ના, ઘાટ પર પહોંચ્યા, અને ઘટમાં રહ્યા'

'ન ઘરના કે ના ઘાટના' કહેવતને સાર્થક કરતો આ શીર્ષક શેર હર્ષ બ્રહ્મભટ્ટનો છે. જીંદગીનો ખેલ મન ઉપર ખુબ નિર્ભર છે.મન કોઈ નક્કર કે દ્રશ્ય ચીજ નથી છતાંય એના હોવાપણા વિશે બધાંને વિશ્વાસ છે. આથી જ પેલી કહેવત પડી છે મન હોય તો માળવે જવાય' મન માણસના જિવનની દિશા અને દશા નક્કી કરે છે. આપણું મન કેવું છે, શું ઈચ્છે છે? એના પર આપણું આખું જીવન નિર્ભર છે.

**'પાપને પુણ્ય જેવું કશુંયે નથી,**
**માત્ર નીતિનાં મુલ્યાંકનો છે જુદાં,**
**ખુબ સમજી લે મન તારા કર્મો થકી,**
**તુજ ખુદ સ્વર્ગને નર્કનું ધામ છે'**

ગઝલ વ્યોમે વિચરતા અસંખ્ય સીતારાઓમાં જેનું સ્થાન ધ્રુવના તારા પેઠે અવિચળ છે એવા ગુજરાતી ગઝલના પ્રથમ હરોળના શાયર સમ્રાટ સ્વ.'શૂન્ય પાલનપુરી' સાહેબના આ શબ્દો છે. એ આપણી 'મન ચંગા તો કથરોટ મેં ગંગા' કહેવતને યથાર્થ ઠેરવે છે. આચાર્ય રજનીશના શબ્દોમાં કહીએ તો 'બેહોશીમાં કરેલું કાર્ય એટલે પાપ' ને હોંશપુર્વક કરેલું કર્મ એટલે 'પુણ્ય' હોંશપુર્વક કોઈ કયારેય દુષ્કર્મ કરી શકતો નથી અને બેહોશીમાં થયેલ કાર્ય પુણ્યનું કાર્ય હોઈ જ ન શકે. શાયર આગળ વધીને એ વાત પણ કરે છે કે સમગ્ર બ્રહ્માંડમાં કોઈ જગ્યાએ સ્વર્ગ કે નર્ક એવું સ્થાન નથી જે છે એ માત્રને માત્ર વ્યક્તિનું મન જ છે. આપણે આપણા કર્મો થકી જ સ્વર્ગ કે નર્કનું નિર્માણ કરીએ છીએ.

**'ન્હાયે ધોયે કયા ભયા, જો મન કા મૈલ ન જાય,**
**મીન સદા જલ મેં, ધોયે બાસ ન જાય'**

માત્ર બહારી પોશાક કે આવરણોથી માણસના મનની સ્થિતિનો ખ્યાલ આવતો નથી. જેમ નવો નવો થયેલો બાવો વધારે રાખ ચોપડે એવી જ સ્થિતિ માણસની છે. જે વધારેમાં વધારે દુર્જન હશે એ વધારે સારાપણાનો દેખાવ કરશે. માછલી કાયમી આજીવન પાણીમાં જ રહે છે છતાંય એનામાં રહેલી દુર્ગંધ ઓછી થતી નથી. માણસના મનનું પણ આવું જ છે.

**'ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ કે પતન સુધી**
**અહીં આપણે તો જવું હતું ફકત એકમેકના મન સુધી'**

દિવસો જુદાઈના જાય છે એ જશે જરૂર મીલન સુધી. ગની દહીંવાલાની પ્રખ્યાત ગઝલનો આ શે'ર છે. આજે માણસ ચંદ્ર ઉપર પહોંચી ગયો છે. મંગળ ઉપર શું છે, એની એને ખબર છે. સમગ્ર બ્રહ્માંડની રજ રજ માહિતી ધરાવતા માણસે વિકાસની હરણફાળ ભરી છે એ કયાંયનો કયાંય પહોંચી ગયો છે. જગત આખાના સઘળાં રહસ્યો પોતાના ખિસ્સામાં સ્માર્ટફોનમાં રાખીને ફરતો માણસ પોતાના પરિવારના કે પાડોશીના મન સુધી પહોંચી શકયો નથી. શાયરને આ શે'રમાં મન સુધી જવાની ઈચ્છા છે.

**'જીંદગી માટે નથી ગંભીરતા કેવળ ઈલાજ**
**જીવવું જ હોય તો મન રાખ હળવું ને સરલ'**

શેખાદમ આબુવાલાના આ શે'રમાં પોતાની જાતને વધુ પડતા સમજુ વિચારવાન સમજીને ભારેખમ થઈને ફરતા માણસને સલાહ અપાઈ છે કે જીવવું હોય તો મન હળવું ને સરળ રાખવું જોઈએ . અંતે વોટસઅપમાં આવેલા શબ્દો :

**'તું અભણ છે એ જ સારૂં છે દોસ્ત,**
**અહીં કોઈનું મન વાંચવા જેવું નથી'**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

# સોમાના છોકરાની દાકતરી

સોમા સસલાનો છોકરો વિદેશ જઈ ભણી ગણીને ડૉકટર થઈને આવ્યા. એના આવવાના સમાચારથી સૌને આનંદ થયો. મનમાં એક કલ્પના થઈ હવે જો કોઈ ચાંદુ થશે તો ગભરાવવાની જરૂર નથી. જંગલમાં જ ઉપચાર થઈ જશે. જંગલમાં જ ડૉકટર મળી રહેશે.

આ તરફ સોમા સસલાના છોકરાએ જંગલમાં દવાખાનું ખોલવાનો અને જંગલના પ્રાણીઓ જે માંદા પડે કે બીમાર રહેતા હોય એનો ઈલાજ કરવાનો ઈરાદો કર્યો અને આ બાબત પોતાના પિતાને જણાવી.

સોમાભાઈ રાજી થયા એ સાથે સાથે કહ્યું, બકા તું દવાખાનું ખોલવાનો છે એનો આનંદ છે પણ ફી જરાક યોગ્ય રાખજે. ઘણા શહેરોમાં ડૉકટરો દર્દીઓની દશા જોયા વગર લુંટવાનું રાખે છે. એ ઠીક નથી જ એવું અહીં તારે કરવાનું નથી. અહીં જંગલના સૌ પ્રાણીઓ અને પંખીઓ બિચારા સાવ સામાન્ય છે. એ તો ઘર ચલાવે કે પછી ડૉકટરોને મોંઘી ફી ભરે ?

સોમાભાઈ સસલાજીની આ વાત એકદમ સાચી હતી. સામે છેડે સોમાભાઈનો છોકરો આંખો ઝીણી કરીને વાતને સાંભળી રહ્યો હતો.

'તું કેમ કશુંય બોલતો નથી ?' સોમાભાઈ પોતાના પુત્રને પુછ્યું.

એ સમયે એ છોકરો, બહાર ચાલ્યો ગયો જયાં દવાખાનું બનાવાનું હતું એ સ્થળ જોઈ લીધું. આજુબાજુના વાતાવરણ જોઈ લીધું એ પછી એ ઘેર આવી ગયો મેડા ઉપર ગયો.

ત્યારે સાંજ ઢળી ગઈ હતી અને પડછાયા સુરજની જેમ ડુબી ગયા હતા. સવારના ચણ ચણવા થયેલા પંખીઓ પાછા ફરતા.. માળાં ભણી ગતિ કરી રહ્યા હતા.

સોમાભાઈનો છોકરો આ દ્રશ્ય જોઈ રહ્યો હતો. ત્યાં તો એને વિચાર આવ્યો. જંગલમાં કંઈ કેટલાય પંખીઓ પાછાં ફરતાં.. પ્રાણીઓ છે માંદા પડતા હશે ને એમને દવાની જરૂરત પડતી હશે. હવે જો એમના દર્દ અનુસાર ઈલાજ મુજબ નાણાં ના લેવાય તો કેમ ચાલે ? સોમાભાઈનો છોકરો આ પ્રમાણેનો વિચાર કરતો હતો ત્યારે અંધારૂં ઘેરાઈ વળ્યું હતું. આકાશમાં દુરની ઘટાઓમાં સુદ પક્ષનો ચંદ્ર ડોકાઈ ગયો હતો. ત્યાં તો નીચેથી એની મમ્મીએ જમવાને માટે સાદ કર્યો હતો.

સાદ થતાં જ સોમાભાઈનો છોકરો નીચે જમવા ગયો એની મમ્મીએ રીંગણ બટાકાનું શાક અને ભાખરીઓ બનાવી હતી. આજ તો જાણે ભાવતું ભોજન હતું એ બરાબર જમીને પછી ઉપર જઈને સુઈ ગયો. એ પહેલાં એણે નક્કી કરી લીધું હતું કે હું વિદેશ ગયો.. ત્યાં કોલેજમાં આવેલી ફી, અન્ય ખર્ચા, આંકડો તો ઘણો મોટો જાય છે.. બસ પૈસા લેવા જોઈએ.

એ વાતને આઠ દસ દિવસ થયા, દવાખાનાનું ઉદ્ઘાટન થયું. પોતાના પુત્રનું આવડું મોટું ભવ્ય સાહસ હોવાથી સોમાભાઈ સસલાજીએ જેને આઈસક્રીમ ખાવો હોય એના માટે આઈસ્ક્રીમ અને જેને પેડા કેવડો ખાવો હોય એ એ ખાય.

સમય થયો, જંગલના રાજા શેરાસિંહે શુભેચ્છા પાઠવી બે શબ્દો કહ્યા.સાથે સાથે આનંદ વ્યકત કર્યો અને આડકતરી રીતે જણાવી પણ દીધું કે હવે જો કોઈ બીમાર પડશે માંદુ થશે તો ગભરાવાની જરૂર નથી. તત્કાળ સારવાર.. દવા મળી રહેશે.

શેરાસિંહની વાત પછી સૌએ તાળીઓથી વધાવી ખુશીની એક લહેર દોડી ગઈ.. એ દિવસ પુરો થયો.

બીજા દિવસથી હોસ્પિટલ, દવાખાનાનો આરંભ થયો. બચી બકરી તાવ સાથે આવી હરી હરણ દાંતનો દુખાવો થતો હોવાનું લઈને આવ્યો. જગલાના પગમાં કાંટો વાગ્યો હતો. આખા દિવસ દરમિયાન માત્ર ત્રણ દર્દી આવ્યા. થોડીક ઘરાકી થઈ. બીજી દિવસે માત્ર બે જ દર્દી આવ્યા.

આજકાલ કરતાં આઠ દીવસ થયા. સોમાભાઈનો છોકરો જેવી ઈચ્છા રાખતો હતો એવી આવક ન થઈ. એને થયું જો આમ જ ચાલશે તો...

તો મારો ખર્ચો માથે પડશે.. અરે બીજા ખર્ચાય વધી રહ્યા છે. બધું કેમ કરીને પાર પડશે પણ એક દિવસ જંગલના સૌ પ્રાણીઓ ભેગા થયા. સૌએ નક્કી કર્યું કે આવો સુંદર પ્રયાસ થયો છે ત્યારે આપણે બધા ફુલ નહીં તો એની.. જેમ મદદ કરીશું અને સૌએ નક્કી કરેલી એ વિચારધારા રંગ લાવી..એ પછી એક ટેન્શન ઓછું થયું.

**-રેણુ વિષ્ણુકુમાર બારોટ (અમદાવાદ)**

# નવી સહેલી (સખી)

નમિતા અને કંચન એક જ ધોરણમાં અભ્યાસ કરતી હતી. નમિતા ગરીબ હતી. તે હંમેશા એની જુની સાયકલ લઈને શાળાએ આવતી હતી. કંચનને શાળાએ મુકવા અને લેવાને માટે મોટરકાર આવતી હતી. તે શેઠ ધનરાજની એક માત્ર પુત્રી હતી.

કંચન હંમેશા વર્ગમાં બીજી સખીઓની સાથે મળીને નમિતાની મજાક ઉડાવતી હતી. નમિતા ગરીબ હતી એટલે એનાં કપડાં કયાંકથી ફાટેલા અથવા તો સિલાઈ મારેલા જોવા મળતા હતા. કંચન હંમેશા તેની ગરીબાઈની મજાક ઉડાવતી અને એમાં એની અન્ય સખીઓ સાથ આપતી હતી.

કયારેક કંચન એની ખટારા જેવી સાયકલની મજાક ઉડાવતી તો કયારેક એના પહેરેલા વસ્ત્રોની. પોતાની થતી મજાક જોઈને નમિતા હંમેશા નતમસ્તકે ચુપચાપ આગળ વધી જતી હતી. તે કયારેય કોઈના વિરૂદ્ધ ફરિયાદ કરતી નહોતી.

નમિતાની પાસે ભણવા માટેના નવા પુસ્તકો પણ નહોતા. એણે કોઈની પાસેથી ઉધારમાં જુના પુસ્તકો લીધા હતા. કંચન એ વાતની પણ મજાક ઉડાડતી હતી. કંચન નમિતાની મજાક કરવાની કોઈ જ તક ગુમાવતી નહોતી. કંચન મજાક ઉડાવે અને એની બહેનપણીઓ ખડખડાટ હસી પડતી પરંતુ નમિતા હંમેશા શાંત જ રહેતી.

દિવસ શાળામાં વિદ્યાર્થીઓ બે કલાક વહેલા છુટી ગયા. બધા વિદ્યાર્થીઓ પોતપોતાના ઘેર ચાલ્યા ગયા. નમિતાને શાળાની લાયબ્રેરીમાં કામ હતું એટલે તે થોડી વાર કામ પત્યા પછી પોતાની સાયકલ લઈને બહાર નીકળી. નમિતાએ જોયું તો કંચન તડકામાં એકલી ઉભી હતી. નમિતાએ એની સામે જોયું અને પછી તે ચાલવા લાગી.હવે કંચન એકલી જ ઉભી હતી. તેનું મન ગભરાતું હતુ તે અસહાય દેખાતી હતી. નમિતા થોડેક આગળ ગઈ અને પછી પાછળ વળીને જોયું તો કંચનના ચહેરા પર પરસેવો વળ્યો હતો. તેણે વિચાર્યું કે કંચનને લેવાને માટે આજે મોટ-રકાર આવી નથી. એ તો રોજના સમયે બે કલાક પછી જ આવવાની લાગે છે. આ શાળા પાસેથી કોઈ અન્ય વાહન પણ નથી મળતું.

નમિતાએ મનમાં વિચાર્યું, 'આજે આ મહારાણીને પગપાળા ઘેર જવું પડશે. તેને ચાલવાની તો કોઈ આદત નથી એટલે તડકામાં શેકાવું પડશે. આજે અહીંયા ઉભા ઉભા સજા ભોગવવી પડશે.

નમિતા થોડેક દુર ઉભી રહી અને પછી તે વિચારવા લાગી કે આખરે કંચન તો મારા વર્ગની જ વિદ્યાર્થીની છે ને ! આવા સમયમાં એને મદદની જરૂર છે પરંતુ એનું ઘર મારા ઘરથી વિરૂદ્ધ દિશામાં છે. ત્યાં જવામાં અને આવવામાં ઘણી જ વાર લાગે એમ છે.

પછી તરત જ નમિતાના મનમાં દયા જાગી. એણે તરત જ પોતાની સાયકલ વાળી અને કંચનની પાસે જઈને બોલી, 'કદાચ શાળા વહેલી છુટવાની હશે તેની ખબર તારા ડ્રાઈવરને નહીં હોય. તે તો રોજના ટાઈમે જ આવશે. કયાં સુધી તું અહીંયા તડકામાં ઉભી રહીશ. ચાલ હું તને તારા ઘેર મુકી જાઉં છું. બેસી જા મારી સાયકલ પર..

'અરે તું શું માટે કષ્ટ લે છે ? કંચન બોલી..' કષ્ટ કેવું ? આવ બેસી જા.. જો તડકામાં ઉભી રહીને પરસેવે રેબઝેબ થઈ ગઈ છું.. નમિતાએ પ્રેમપુર્વક કહ્યું ત્યારે કંચન ના ન પાડી શકી અને નમિતાની સાયકલ પાછળ બેસી ગઈ. લગભગ ૧ કી.મી. સાયકલ ચલાવ્યા બાદ ચાર રસ્તા આવતાં જ નમિતાએ કંચનને પુછ્યું કે 'તારૂં ઘર કઈ બાજુ છે ?'કંચને જમણી બાજુ વળવાનું કહ્યું ત્યાર પછી બે વાર નમિતાએ કંચનના ઘરનો રસ્તો પુછીને લગભગ ચારેક કી.મી.પછી કંચનનું ઘર આવ્યું.. કંચનનું ઘર આલીશાન બંગલા જેવું હતું. નમિતા કંચનને ઘરના ઝાંપે ઉતારી દીધી. પછી તે જવા લાગી. ત્યારે કંચને નમીતાનો હાથ પકડીને પ્રેમથી બોલી, 'શું તારી બહેનપણીને માફ નહીં કરે ?' અંદર આવ.. મારી સાથે બેસીને ચા નાસ્તો કરીને પછી તારા ઘેર જા..'

'ઘણું મોડું થઈ જશે.. ફરી કો'ક દિવસ આવીશ..' નમીતાએ કહ્યું.

પરંતુ કંચનના આગ્રહ સામે એનું કાંઈ ના ચાલ્યું. ચા નાસ્તો કર્યા પછી કંચને પોતાના ડ્રાઈવર સાથે નમિતા ને એના ઘેર મોકલી અને એની સાયકલ મોટરકાર પર બાંધીને લઈ ગયા.

બીજા દિવસે શાળામાં જ્યારે નમિતાને આવતી જોઈ એટલે કંચન દોડીને એને ગળે લાગી અને પોતાની નવી સહેલીના હાથમાં હાથ પરોવીને બંને સખીઓ એક સાથે શાળાના વર્ગમાં જવા આગળ વધી.

**કમલેશ કંસારા**

# સોનાની કુહાડી

વર્ષો પહેલાની વાત.. અજબ જેવી વાત...

રાજસ્થાનના માળવા પ્રદેશમાં ઉદયાદિત્ય નામે રાજા રાજ્ય કરતો હતો. તે ખુબ પરાક્રમી રાજા હતો. તેને ઈન્દ્રપ્રભા નામે એર રાણી હતી. આ રાણીને એક પુત્ર થયો. તેનું નામ જસુવર્મા રાખવામાં આવ્યું. પરંતુ રાણી તેનું મુખ જુએ તે પહેલાં જ મૃત્યુ પામી. રાજાએ કનકલેખા નામની મગધદેશની રાજકુમારી સાથે લગ્ન કર્યા કનકલેખાને આ રાજકુમાર ગમતો ન હતો. તે રાજા પાસે રોજ રોજ રાજકુમારના અવગુણો જ ગાયા કરતી. આમને આમ રાજકુમાર પાંચ વર્ષનો થયો.

એક દિવસ રાણી કનકલેખા મહેલના ઝરૂખામાં ઉભી ઉભી કેશ ગૂંથાવી રહી હતી રાજકુમાર નીચે બગીચામાં રમતો હતો.

રાજસ્થાનના પ્રદેશમાં ધૂળની ડમરીઓ ખૂબ ચડે છે તે દિવસે પણ ધૂળની ડમરી ચડી. એકદમ આંધી આવી. એટલી બધી ધૂળ ઉડે કે કાંઈ નજરે પડે નહી. દાસીએ કહ્યું 'રાણીમા, કુંવર નીચે એકલા છે લઈ આવું ?'

'ના રહેવા દે' રાણીએ મોં બગાડીને કહ્યું.

દાસી રાણીની સામે જોઈ ઉભી રહી. આંધીનું પ્રમાણ વધતું ગયું. ધૂળ કાંકરા અને ઝાંખરા આકશમાં ઉંચે ઉડતાં હતાં. રાણીએ ઝરૂખાનો દરવાજો બંધ કરી દીધો. આંધી જરાક ઓછી થઈ ત્યાં તો જોરદાર પવન ફૂંકાયો વિજળીના કડાકા ભડાકા થવા લાગ્યા. અને વરસાદ તૂટી પડ્યો.વરસાદ શાંત પડતાં રાજા ઉદયાદિત્ય મહેલમાં આવ્યા. તેઓ ખૂબ ભીંજાઈ ગયા હતા. તેઓ શિકાર ખેલવા ગયા હતા. તેમણે આવીને પૂછ્યું.

'રાજકુમાર ક્યાં છે ?'

'હશે આટલામાં ક્યાંક ! મને શું ખબર ? રાણીએ કહ્યું.

રાજાએ નોકરોને મોકલીને મહેલમાં બધે તપાસ કરાવી પણ રાજકુમારનો ક્યાંક પત્તો લાગ્યો નહીં. અનુચરો નગરમાં બધે રાજકુમારની શોધ કરતા રહ્યા.આ બાજુ ભંયકર આંધીમાં ખેંચાઈને રાજકુમાર જંગલમાં આવી ગયો. તે જાળામાં ફસાઈ ગયો. આંધી શાંત પડી પણ વરસાદ આખી રાત વરસતો રહ્યો. જસુવર્માને ટાઢ ચડી ગઈ તે ધ્રુજવા લાગ્યો. પરંતુ અહીં. બીજો કોઈ ઉપાય ન હતો ! ભોળાના ભગવાન હોય છે એ કહેવત અનુસાર બીજો દિવસ ઉગતાં એ કઠીયારો ત્યાં લાકડાં કાપવા આવ્યો. તેણે જસુવર્માને જોયો. તે બેભાન હાલતમાં હતો. કઠીયારો તેને ઉપાડીને પોતાની ઝુંપડી ઉપર લઈ આવ્યો, કઠીયારાને આમ પણ એકેય બાળક ન હતું. તેથી કઠીયારાની પત્ની પણ ખુશ થઈ પતિ પત્ની બન્ને તેની સારવાર કરવા લાગ્યા કઠિયારો જંગલમાંથી વન ઔષધિઓ શોધી લાવ્યો અને રાજકુમારને તે પાઈને સાજો કર્યો રાજકુમારે આંખો ખોલી તો તે એક ઝુંપડીમાં હતો પરંતુ તેની તેને દુઃખ ન થયું. કારણ કે તેની સામે કઠિયારો અને તેની પત્ની બેઠા હતા. તે બન્નેની આંખોમાં પ્રેમ અને કરૂણા જસુવર્મા જોઈ શક્યો. મહેલમાં તેને આવો ભાવ કદી જોવા મળ્યો નહતો.

કઠિયારાએ રાજકુમારને ભાનમાં આવેલો જોઈને પૂછ્યું

'છોકરા, તારૂ નામ શું છે ?''મારૂ નામ જસુ છે.' જસુવર્માએ કહ્યું પરંતુ પછી તેને વિચાર આવ્યો કે જો હું કઠીયારાને સાચી હકીકત કહી દઈશ તો તે મને ફરીથી મહેલમાં મૂકી આવશે તે આમ વિચાર કરતો હતો ત્યાં કઠિયારાએ પૂછ્યું.

'તારા મા-બાપનું નામ શું છે ? તેઓ ક્યાં રહે છે ?

'મને કાંઈ યાદ નથી' જસુવર્મા જુઠું બોલ્યો. કઠિયારાની પત્નીને આ પૂછપરછ ગમતી નહોતી તેણે કહ્યું.

'તેમેય શું છોકરાને બધું પુછપરછ કરો છો ? ચાલ બેટા, મકાઈના રોટલા ઘડ્યા છે તે ખાઈ લે.'

સમય વિતતો ગયો તેમ તેમ જસુવર્મા મોટો થતો ગયો. હવે તે યુવાન બની ગયો હતો. તે પેલા કઠિયારાને બાપુ કહેતો અને તેની પત્નીને મા તરીકે સંબોધતો હતો. એક દિવસ તેણે આવીને કહ્યું.

'બાપુ, હવે તમારી ઉંમર થઈ છે. તમે લાકડાં કાપવા જાઓ અને હું બેસી રહું તે સારૂ ન લાગે. આજથી હું લાકડાં કાપવા જઈશ તમે હવે પ્રભુ ભજન કરો !'

'જસુ બેટા ! મારી તો આખી જીંદગી જ આમ ગઈ છે ! વૃદ્ધાની આંખમાં જળજળી આવી ગયાં.

જસુવર્મા હવે રોજ જગલમાં લાકડાં કાપવા જવા લાગ્યો તેને જંગલ ખૂબ ગમતું હતું. તેણે તેના બાપુ સાથે રહીને તેણે જંગલની વનસ્પતિઓમાંથી બનતી અનેક ઔષધિઓની જાણકારી મેળવી હતી. તે જંગલમાં આખો દિવસ ફર્યા કરતો. પક્ષીઓની ભાષા જાણવાનો તેને ખૂબ જ શોખ હતો.તે જુદા જુદા પક્ષીઓના અવાજો પણ કાઢી શકતો હતો.

એક દિવસની વાત છે તે કુહાડી લઈને જંગલમાં લાકડાં કાપવા નીકળી પડ્યો ત્યારે તેને એક વિચિત્ર પ્રકારના પક્ષીનો અવાજ સંભળાયો. તે અવાજની દિશામાં ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં તે એક ઝાડની નીચે આવીને ઉભો. આ ઝાડ ઉપર જ પેલું પક્ષી બેઠું હતું. અને બોલી રહ્યું હતુ. જસુવર્માએ હવે તેના અવાજની નકલ કરવાનું નક્કી કર્યું તે મોઢામાં આંગળીઓ નાંખીને પક્ષીના અવાજની નકલ કરવા લાગ્યો. તેવામાં તેના હાથમાંથી કુહાડી નીચે પડી ઈ પરંતુ તેની પરવા કર્યા વિના એ તો પક્ષીના અવાજની નકલ કરતો રહ્યો. પંખી પણ ક્યાંય સુધી બોલતું રહ્યું પરંતુ તેની ભાષા જસુને સમજાતી ન હતી. ત્યાં અચાનક તેની નજર નીચે પડી તું ક્યાંથી લાવ્યો ?

'બાપુ ! આપણી જ કુહાડી છે, તે આશ્ચર્યમાં પડી ગયો તેની લોઢાની કુહાડી ચમકારા મારતી હતી તેણે ઝટ દઈને કુહાડી ઉપાડી લીધી તેનો રંગ બદલાઈ ગયો. કુહાડી આજે આવી પીળા રંગની ને ચળકતી કેમ લાગે છે, તે તેને સમજાયું નહીં. તે જલ્દી જલ્દી કુહાડી લઈને પાછો ફર્યો ઝુપડીએ આવી બાપુને કુહાડી બતાવી.

'બાપુ..બાપુ જૂઓ આ કુહાડી !'

'અરે ! આતો સોનાની કુહાડી છે, હું જંગલમાં લાકડાં કાપવા ગયો હતો ત્યાં એક પક્ષીનો વિચિત્ર અવાજ સંભળાયો.

હું અવાજની નકલ કરવા લાગ્યો. ત્યાં મારા હાથમાંની કુહાડી એક પથ્થર પર પડીને તેનો રંગ બદલાઈ ગયો. જુઓ કેવી ચળકે છે ! જસુવર્માએ કહ્યું'

'તો જરૂર એ પારસનો પથ્થર હશે. ચાલ આપણે તે શોધી કાઢીએ. એમ કહીને વૃદ્ધ કઠિયારો ઉભો થયો. બાપ દિકરો પેલા ઝાડ પાસે આવ્યા. જસુવર્માએ પેલો પથ્થર બતાવ્યો કઠિયારાએ પોતાનું તીર કામઠું તેને અડાડ્યું તો તે પણ સોનાનું થઈ ગયું. હવે તેનો હરખ માતો ન હતો બાપ દિકરા બન્નેએ આ પથ્થરને ઝાડી ઝાંખરાં દાટીને સંતાડી દીધો. કઠિયારાએ કહ્યું.

'બેટા ! હવે આપણી ગરીબી ચાલી ગઈ છે. જા તુ આ કુહાડી બાજુના નગરમાં વેચી આવ !'

જસુવર્મા બીજે દિવસે સવારે પાસેના નગર તરફ જવા રવાના થયો. નગરમાં પ્રવેશતાં તેને ખબર પડી કે રાજાની કુંવરીનો સ્વયંવર છે. તેથી તે જોવા માટે સીધો રાજમહેલ તરફ ચાલ્યો. સ્વયંવરની શરત એવી હતી કે 'રાજની હાથણી તેની સુંઢમાં વરમાળા લઈને ચાલશે જેને તે વરમાળા પહેરાવે તેની સાથે રાજકુમારીના લગ્ન થાય. સ્વયંવરમાં હાથણી એક પછી એક રાજા પાસેથી પસાર થતી હતી, રાજાઓ તેમના માથાં ઉંચા નીચા કરતા હતા. ત્યાં હાથણીએ આવીને જસુવર્માના ગળામાં માળા આરોપી દીધી. આથી રાજકુમારીના પિતા ખિન્ન થયા અને બીજા રાજાઓ પણ સલાહ આપવા લાગ્યા કે આ મૂંગા પશુ ઉપર વિશ્વાસ રાખીને આપે આપની સુશીલ કન્યાને આવા ભટકતા ભીખારી જેવા માણસને સોંપી ન દેવાય.

પરંતુ રાજકુમારીએ કહ્યું કે, 'જે થયું છે તે બરાબર જ છે હું તો તેની સાથે જ લગ્ન કરીશ.'

ત્યારબાદ પૂછપરછ કરતાં જસુવર્મા માળવાનો રાજકુમાર છે તે વાતની સૌને ખબર પડી સૌ ખુશ થયા. જસુવર્માએ આંધી તોફાન અને કઠીયાાની મુલાકાતથી માંડીને સોનાની કુહાડી સુધીની તમામ વાત કહી. છેવટે ધામધુમથી રાજકુમારીના જસુવર્મા સાથે લગ્ન લેવાયા. રાજાએ રાજકુમારી સાથે અઢળક દ્રવ્ય સોનું, રૂપું અને હીરા-માણેક આપ્યાં.

આ બધું લઈ રાજકુમારી સાથે જસુવર્મા જંગલમાં આવ્યો તેણે પેલો પથ્થર કાઢવ્યો ત્યાં એક સુંદર સરોવર બંધાવ્યું. સુંદર મહેલો મંદિરો અને મકાનો બનાવી રાજકુમારી ચંદ્રાવતીના નામ ઉપરથી ચંદ્રાવતી નગરી વસાવી.

આજે પણ આ નગરીના પ્રાચીન અવશેષો આબુ પર્વતની તળેટીથી બાર માઈલ દૂર ચંદ્રભાગા નદીને કિનારે જોવા મળે છે.

ત્યાં જસુ ઓરકા તળાવ આજે પણ સોનાની કુહાડીની યાદ આ આપે છે.

**નટવર હેડાઉ**

## એક ગઝલ

હાસ્યના હિલ્લોલ ઓછા પડશે,
હૃદયના કિલ્લોલ પાછા પડશે
હું આજ ચુમી લઉં તારા અધર
કયારેક લીપસ્ટીકના ડાઘા પડશે
એસએમએસ કનારી દીલદાર
તારે કયારેક રૂલર ડખા પડશે
ફુલને ભમરો છોડતો નથી
આઈબરોવાળી ભ્રમરો હસ્યા કરશે
ધુળેટીના રંગમાં રંગાયેલી તું
જીવનમાં અંતરંગ ઘણા મળશે
નુક્કડ પર પ્રકટાવેલી હોળી
અહીં આખી જીંદગી હોલીકા બનશે

**ડૉ.બી.પાટણવાડીયા** (અમદાવાદ)

## ગઝલ

લીલેરૂં પાન ડાળેથી તુટતું રહ્યું , , ,
હંમેશા કંઈ ને કંઈ છુટતું રહ્યું . . .
જોયા અગણિત સંબંધો દુનિયામાં , , ,
દરેક સંબંધમાં કંઈક ખુટતું રહ્યું . . .
શોધતું રહ્યું મન ખુલ્લું આસમાન , , ,
પંખી પાંજરામાં આમતેમ ઉડતું રહ્યું . . .
ઉપાડયા અઢળક ફૂલ છોડ બગીચામાં , , ,
આવી ભ્રમર ફૂલોનો રસ ચુસતું રહ્યું . . .
જયાં જોયું ત્યાં મળ્યા સ્વાર્થના ઢગલા , , ,
"નવિન"લાગણીઓના નામે કૈં ખુચતું રહ્યું . . .

**સંકલનઃનવિન એ.દોશી પાલડી-મીઠી**

## ઉનાળાની લહેર

ઉનાળાના વાયરા ફુંકે, ખેતર સુકાં ભઠ્ઠ
માનવીનાં મન ટુંકાં થયાં ને પ્રભુએ પકડી હઠ
પાણી વિના ટળવળતાં સૌ, પશુ પંખીના હાલ ભુંડા
ચારેકોર ભેંકાર દીસે પાણીનાં તળગયાં ઉંડા
ઉનાળાની શુષ્ક હવામાં ગાવલડી પાડે ત્રાડ !
વૃક્ષ પર્ણો ખરી પડયાં ને કોને કરવી રાડ ?

**પરથીભાઈ ચૌધરી** (કુશ્કલ)

## જવાની છે જવાની

જવાની છે જરૂર જવાની નથી એ રહેવાની
નથી કાયમ રહી કે નથી કોઈની એ રહેવાની
જવાનીની યાદગાર વાતો ઘડપણમાં રહેવાની
ઘડપણ આવે તોય લોકો વાગોળે છે જવાની
સમય જતાં શરીર થાકવાનું સાથે ઉમર વધવાની
જવાનીમાં આવી હતી તે લગનની તક વહી જવાની
ઘરમાં નવી માયા આવવાની ચાર આંખો થવાની
ધામધુમની જીંદગી મળી તે પણ વહી જવાની
સાસુ વહુની તકરાર થવાની દુઃખની તિરાડ પડવાની
માતા પિતાના ઉપકારો ભુલી આવે નોબત જુદાઈની
કેવી વિચિત્ર જીંદગી સમયની સાથે વહી જવાની
ગઈ તક નથી આવવાની સત્કાર્ય સુવાસ ફેલાવાની
કરો યશ કીર્તી નામના તે કાયમ ફેલાઈ રહેવાની
વીરા માણવા અને જાણવાની છે ખરી જવાની

**વીરાભાઈ સી.ચાવડા**(કાણોદર)

## ઈલાકા હૈ ઈશ્વર કા

મીલા નહીં ખુદા બંદગી સે
બંદગી કી નહીં ખુદા કી
ખુદા ગયે ખોજ મેં ઈન્સાન કી,
તો ઈન્સાન હાજર નહીં મીલે
વકત ગુજર ગયા ખુદા કી શોધ મેં
ખુદાને ભેજા થા અપને આપ કી શોધ મેં
ભુલ ગયા વો રાસ્તા, સંસાર મેં
ઈસી કો ઢુંઢને લગા, હવા મેં ખોજ રહે થે
ઈસ ચીજ કો, ભીતર મેં દેખા નહીં
વે ઈન્સાન કો નહીં મીલે થે
વાપસ આયે ખુદા કે દરબાર મેં
તો ખુદા હાજર મીલે થે

**બી.જે.હડીયલ**

# તંત્રી સ્થાનેથી ...

## જ્ઞાનથી જ વિનયની પ્રાપ્તિ થાય છે.

## ભૂગર્ભ જળ ખેંચવા પર પ્રતિબંધ હોવો જરૂરી

સરકારી તંત્ર દ્વારા વહીવટીતંત્ર સુચારૂ રીતે ચલાવવામાં આવતું હોવાના દાવા કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ વિભાગોને તેમની ઉત્કૃષ્ટ કામગીરીના કારણે એવોર્ડ પણ મળતાં હોય છે. પરંતુ 'કેગ' ના આર્થિક ક્ષેત્ર પરના ૨૦૧૭ ના વર્ષના એક અહેવાલમાં સ્પષ્ટ રીતે એ બાબત નોંધાવામાં આવી છે કે, કામ માટે વધારે પડતી ચુકવણી બીજા ફળદાયી ખર્ચ અને અયોગ્ય અંદાજો મુકીને કરેલા કામના ૯૯ કરોડ વેડફાઈ જવા પામ્યા છે.

ગુજરાત જાહેર બાંધકામના નિયમો મુજબ ડિઝાઈન અને કામના અંદાજને આખરી કરતા પહેલાં કાળજી લેવી જોઈએ અને ઈજારદાર પાસેથી વધારાનો કોઈ તપાસ ચાર્જ લેવાશે નહિં, જેથી વધારાના કે અધિક કામો જે અંદાજીત રકમનો ભાગ ન બનતા હોય તે માટે તપાસ ચાર્જની વસુલાત થઈ શકે નહિં. જો કે અમદાવાદ જિલ્લા માર્ગ મકાન કાર્યપાલક ઈજનેર દ્વારા કરાયેલા ૮ કામની પ્રતિક ચકાસણી 'કેગ' દ્વારા કરાઈ હતી. જેમાં ડિસેમ્બર ૧૭ સુધી આઠ કામ ઉપર ૧૦૯.૫૯ કરોડના અધિક કામ અને ચાર કામોમાં ૧.૪૯ કરોડ વધારાના કામોને મંજુર કરવામાં આવ્યા હતા. તેના વાજબીપણાની બાબતમાં અસંગતતાના કેસ દીઠ ઓડિટ દર્શાવે છે કે તેનો સમાવેશ મુળ અંદાજમાં કરી શકાયો હોત.

જ્યારે ઉત્તર ગુજરાત વીજ કંપની પાસેથી જળસંપત્તિ વિભાગે નર્મદાની મુખ્ય નહેર આધારિત પાઈપલાઈન યોજનાના ૧૧ પમ્પિંગ સ્ટેશનના સંચાલન માટે મે-૨૦૦૪ અને માર્ચ ૨૦૧૫ વચ્ચે ૧૧ વીજ જોડાણ મેળવ્યા હતા. જેમાં એક નિયમ એવો હતો કે વીજ બિલ આવ્યાની તારીખથી ૧૦ દિવસમાં રૂપિયા ભરી દેવાશે. જો વિલંબિત ચુકવણીનો ચાર્જ લેવાશે નહિં પણ દસ દિવસ પછી તે વસુલ કરાશે.

વળી રાજ્યમાં ૨૨ વર્ષથી શાસન કરતી ભાજપ સરકારમાં મહેસુલ વિભાગના છેલ્લા એક વર્ષના ઓડિટમાં કેગ દ્વારા રજુ કરાયેલો અહેવાલ ચોંકાવનારો કહી શકાય અને સરકારના અણઘડ વહીવટના કારણે રાજ્યની તિજોરીને ૨૫ હજાર કરોડનું નુકસાન થયું હોવાનું બહાર આવ્યું છે. રાજ્ય સરકારે એપ્રિલ ૨૦૧૧ માં 'એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ ધ રેટ' લાગુ કર્યા પછી માર્ચ ૨૦૧૭ સુધી કોઈ કામગીરી કરી ન હોવાથી મહેસુલ આવકમાં ઘણું નુકસાન થયું છે.

વળી ગુજરાત સરકાર પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ હોવાનો દાવો કરે છે. પરંતુ લાખો પક્ષીઓ અને પ્રવાસીઓ વર્ષે મુલાકાત લે છે તેવા સાણંદ પાસેના નળ સરોવર પક્ષી અભ્યારણમાં પર્યાવરણ સંવેદનક્ષેત્રના મુસદ્દારૂપ જાહેરનામામાં ૩૫૮ હેક્ટર જંગલની જમીનની દરખાસ્ત ડિસેમ્બર ૨૦૧૫ માં કરાઈ હતી. તે ૨૦૧૬ ના ફાઈનલ જાહેરનામાની દરખાસ્તમાં ઘટાડીને ફક્ત ૩૫.૪૭ હેક્ટર ૯૦ ટકા જેટલો ઘટાડો કરી નંખાયો હતો. તેવી જ રીતે હિંગોળગઢના અભ્યારણમાં ૨૯૭૧ હેક્ટર સામે ૩૭૯ હેક્ટર (૮૭ ટકા) અને વેળાવદર કાળા હરણના નેશનલ પાર્ક વિસ્તારમાં પણ અભ્યારણની જમીનમાં ઘટાડો કરી દેવામાં આવ્યો હતો.

મોટાભાગે જાહેરનામાની દરખાસ્તો પર્યાવરણ વન, જળવાયુ પરિવર્તન મંત્રાલયની માર્ગદર્શિકા આધારિત હોય છે. અભ્યારણ્ય વિસ્તારની જે જમીન હતી તેમાં ઘટાડો કરી નાંખવા પાછળનું કારણ શું હોઈ શકે? ''કેગ'' ના રિપોર્ટમાં ઓડીટ કરવામાં આવે છે અને તેમાં જે મંતવ્ય વ્યક્ત કરવામાં આવ્યું હતું. તેમાં જણાવાયું હતુ કે જંગલની જમીનમાં ઘટાડો કરવામાં આવતા વન્યજીવોને ગમે ત્યારે જોખમ ઉભું થઈ શકે છે અને પર્યાવરણને ગંભીર અસર પડવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. ભૂગર્ભ જળનો વપરાશ રોકવા ૧૯૭૮ માં ભલામણ કરવામાં આવી હોવા છતાં સરકારે તેનો અમલ કર્યો નથી, ખરેખર ભૂગર્ભ જળ ખેંચવા પર પ્રતિબંધ હોવા જરૂરી છે તેમ છતાં કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવશે તો દુષિત પાણીમાં વધારો થયા વિના રહેશે નહિં. ભૂગર્ભ જળના નિયંત્રણમાં કાયદો ચુસ્ત હોવો જરૂરી છે.

## વિવાહ દરમિયાનના સોગંદ ફક્ત વચન માત્ર જ નથી- અલિશા પંવાર



કલર્સનો શો ઈશ્ક મેં મરજાવાં અર્જુન બિજલાની અને અલીશા પંવારની યજમાનીમાં વધુ એક ગ્રાન્ડ એપિસોડનો સાક્ષી બનવા જઈ રહેલ છે. સ્ટોરીલાઈનમાં વળાંક જોવા મળશે અને દર્શકગણ આરોહી અને દીપને એકવાર ફરી પ્રતિજ્ઞા લેતાં શોમાં એક વિશેષ વિવાહ સમહારોહ જોશે. આમાં આરોહી મહેંદીની રસમ અને હલ્દીની રસમ પૂરી કરવા માટે તારાનો સહારો લેશે.વિવાહના વચનો વિશે બોલતાં અલીશાએ કહ્યું, ''વિવાહ ફક્ત બે વ્યક્તિઓનું મિલન નથી, આ આનાથી વધું કાંઈક છે. અને લગ્ન સમયના વચન માત્રથી કાંઈક વધુ છે. આ જીવનભરની પ્રતિબદ્ધતા છે જે તમારા લગ્નનો પાયો નાંખે છે. મારા અનુસાર, એક આદર્શ પુરુષ એ છે જે પોતાની સ્ત્રીનો આદર કરે અને તેણીના મહત્વને સમજે. મારો આદર્શ પુરુષ મારા પિતા છે.''શો પર, તારા કોઈક પ્રકારે આરોહી પર પ્રભુત્વ મેળવી લેશે. શું આરોહી ફરી એક વખત બાજી ઉલટાવી દેશે? વધુ જાણવા માટે, જોતાં રહો ઈશ્ક મેં મરજાવાં, દર સોમવારથી શુક્રવાર સાંજે ૭-૩૦ કલાકે, ફક્ત કલર્સ પર.

### આત્મચિંતન

## પરમાત્માનું અસ્તિત્વ અને અનુગ્રહ

પરીષ્કૃત જીવન જ પરમાત્માના કૃપાપાત્ર બને છે અને ઈશ્વરી અનુગ્રહની અજસ્ત્રધારાઓ વિભિન્ન પ્રકારની સફળતાઓના રૂપમાં વરસતી રહે છે. ઈશ્વર પરમ સંતોષ અને આનંદરૂપમાં ઉપાસકને મંગલમય સાનિધ્યનો અનુગ્રહ કરે છે. પરમાત્માના સાચા ભકતોના સંસારમાં કોઈપણ પ્રકારના સુખ શાંતીની ઊણપ નથી.

પરમાત્માની કૃપાળુતા અને દયાળુતા અસંદીગ્ધ છે પરંતુ તેની એક વ્યવસ્થા મર્યાદા છે તેનું ઉલ્લંઘન કરનાર માટે એક બીજું પણ સ્વરૂપ છે. તે છેન્યાયી અને વ્યવસ્થાપક હોવું જ્યાં તેની પ્રસન્નતા મર્યાદા વ્યવસ્થાને અનુરૂપ જીવન રીતી નીતિ અપનાવાવાળા પર અસંખ્ય ઉપહારોની વર્ષા થવા લાગે છે ત્યાં તેની અપ્રસન્નતા પ્રતીકુળ આચરણ કરવાવાળાઓને કઠોર દંડ પણ આપે છે.

પરમાત્માનો અનુગ્રહ અને ફળ સ્વરૂપ શાંતી પ્રસન્નતાની પ્રાપ્તિ અને સફળતાનો શાશ્વત ઉપહાર મેળવવા માટે મનુષ્યે ઉપાસનાની સાથે જીવન સાધનાને પણ અપનાવવી પડશે. તેની દયાળુતાની સાથે તેનું રૌદ્ર સ્વરૂપ પણ યાદ રાખીએ અને સતપથ પર શુદ્ધ અને સાત્વિક ભાવનાથી ચાલીને તેને અપ્રસન્ન થવાની તક ના આપીએ મનુષ્યનું કલ્યાણ એમાં જ છે આ જ પરમાત્માના અંશ મનુષ્ય માટે યોગ્ય અને શોભનીય છે.- **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## એફબીબીના નવા 'વૉચ નાઉ બાય નાઉ'માં લાઈવ રેમ્પ શોનો આનંદ માણો, ભારતનું પ્રથમ ઓનલાઈન ફેશન ઈવેન્ટ

ફેશન ઉત્સાહીઓ માટે હવે ઉજવણી કરવાનો અવસર આવી ગયો છે! ફ્યુચર ગ્રુપના ફેશનનો એકમ'એફબીબી' ૬ એપ્રિલ, ૨૦૧૮ એ ભારતમાં પોતાના તરફથી પહેલો 'વૉચ નાઉ બાય નાઉ' ફેશન કાર્યક્રમ લોન્ચ કરવા જઈ રહીછે. આ પ્રકારની એવી પહેલી એવી ઈવેન્ટ છે જ્યાં ગ્રાહક એફબીબી ૨૦૧૮ના ઉનાળામાં કલેક્શન રજૂ કરી શકે છે, મોડલ્સનેરેમ્પ પર ચાલતાં જોઈ શકો છો અને તે જ સમયે ખરીદી પણ કરી શકો છો.આ બંને એફબીબી ૨૦૧૮ના ઉનાળાના સંગ્રહથી પોતાના પસંદ કરેલા કોસ્ચ્યુમ સાથે મોડલિંગ રેમ્પ પર ચાલશે.''આપણે એક એવા યુગમાં રહી રહ્યાં છીએ જ્યાં બધું ઝડપી અનેલાઈવની જરૂરિયાત છે. આ માટે સોશિયલ મીડિયાનો આભાર કે જેના દ્વારા અમે લાઈવ થઈને તેમની સાથે કનેક્ટ થઈ જઈએછીએ. રસ ધરાવતા ફેશનકાર હંમેશા પોતાના પસંદિત મોડલ સાથે શંકાસ્પદ હોય છે, કેમકે તેમની ઈચ્છા છે કે તેઓ એક જ ડ્રેસપહેરે કે જેનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું હોય.આ વૉચ નાઉ બાય નાઉના માધ્યમથી અમે પોતાના બધા ગ્રાહકોને પોતાના પસંદીદા પહેરવેશ ખરીદવાની તક આપે છે, કેમ કે મોડલ્સને પોતાની સામે પહેરેલાં જોવે છે. " પોતાના પસંદિત કલેક્શનને પ્રાપ્ત કરવાથી ચૂકી ના જતાં, આ માટે ગ્રાહક આયોજનમાં સમાવિષ્ટ થવા માટે રજિસ્ટ્રેશન કરાવી શકો છો. આયોજન માટે રજિસ્ટ્રેશન ૩૦ માર્ચ, ૨૦૧૮થી શરૂ થઈ રહ્યું છે. લોકો www.live.fbbonline.in પર જઈને પોતાનું ફોર્મ ભરવું પડશે. જે ગ્રાહકો પોતાનું ફોર્મ રજૂ કરશે, તેને એસએમએસ અને ઈ-મેઈલ દ્વારા આમંત્રણ-પત્ર અને કૂપન કોડ મોકલવામાં આવશે. રજિસ્ટ્રેશન કરાવનારા ૫૦૦ લોકોને આકર્ષક છૂટ પણ પ્રાપ્ત થશે.

રજિસ્ટર્ડ ગ્રાહકોને ૯૯૯ના કાર્ટ મૂલ્ય પર ૧૫૦નું ડિસ્કાઉન્ટ મળશે.આમાં પુરુષો માટે ઔપચારિક તથા પાર્ટી-વેયર પણ સામેલ હશે.તો તમે કોની રાહ જોઈ રહ્યા છો? રજિસ્ટર કરો, ભારતના પ્રથમ વોચ નાઉ બાય નાઉનો ભાગ બનો અને રેમ્પથી લાઈવ ખરીદી કરો

## હોમ ક્રેડિટ ઈન્ડિયાએ લકી ડ્રો કોન્ટેસ્ટમાં બાઈક વિજેતાની ઘોષણા કરીને ગ્રાહકોને ઈએમઆઈ સમયસર ચૂકવવા પ્રોત્સાહિત કર્યા



અમદાવાદ

ભારતની ઝડપથી વિકસી રહેલી નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓમાંની એક હો ક્રેડિટ ઈન્ડિયા ફાઈનાન્સ પ્રા. લિ.એ ઈનોવેટિવ અને પ્રથમ એવા પ્રકારની લકી ડ્રો કોન્ટેસ્ટના વિજેતાઓની ઘોષણા કરી હતી. ગ્રાહકોને સમયસર ઈએમઆઈ ચૂકવવા માટે પ્રોત્સાહિત કરવા અને એ માટેની આદત પડે એ હેતુથી યોજાયેલી આ સ્પર્ધાને ભારતભરમાંથી હોમ ક્રેડિટ કસ્ટમર્સ દ્વારા જોરદાર પ્રતિસાદ મળ્યો હતો.બાઈકના મેગા પ્રાઈઝનાં પાંચ વિજેતાઓમાનાં એક અમદાવાદના ઓઢવ ખાતેના લોહાર વિક્રમકુમાર હિમ્મતજી સામેલ હતા. તેઓને હોમ ક્રેડિટ ઈન્ડિયાના અમદાવાદ ખાતેના રિજિયોનલ સેલ્સ મેનેજર અબરાર નવાબ દ્વારા બાઈકની ચાવી સોંપવામાં આવી હતી.

આ સ્પર્ધામાં ગ્રાહકોને આકર્ષક ઈનામો જેમકે મોબાઈલ ફોન્સ, વોશિંગ મશીન્સ અને હોમ થિયેટર સિસ્ટમ્સ જીતવાની અનેરી તક અપાઈ હતી. તેમા પાંચ બાઈક્સના મેગા પ્રાઈઝીસ પણ સામેલ હતા. બે મહિનાથી વધુ સમયની આકરી કામગીરી પછી, લકી ડ્રો માટે ૨૩૬ ગ્રાહકોને પસંદ કરવામાં આવ્યા હતા. વોશિંગ મશીન્સ, મોબાઈલ ફોન્સ અને હોમ થિયેટર્સની ત્રણ એવોર્ડ કેટેગરીઝમાંથી દરેકમાં ૭૭ વિજેતાઓની પસંદગી કરાઈ હતી.

## સિંગિંગ સમ્રાટ ઉદિત નારાયણ "રાઈઝિંગ સ્ટાર ૨" પર મહેમાન તરીકે આવે છે



કલસનો લાઈવ સિંગિંગ રિઆલિટી શો રાઈઝિંગ સ્ટાર ૨ દુનિયાભરમાંથી પસંદ કરાઈ રહેલ છે અને આજે તે ટેલિવિઝન પર નં.૧ નોન–ફિકશન શો છે. આ અઠવાડિયે, પોતાના મધુર અવાજથી આજે પણ આપણાં હૈયાંઓ પર શાસન કરી રહેલ છે, તેવા પીઢ ગાયક, ઉદિત નારાયણ આ શનિવારે ઈન્ડિયાના લાઈવ સિંગિંગ રિઆલિટી શો રાઈઝિંગ સ્ટાર ૨ ના સ્પેશ્યલ એપિસોડને શોભાવશે "લાઈવ સિંગિંગ કોઈ કરી શકે તેવી સૌથી વધુ મુશ્કેલ બાબત છે, પ્રોફેશનલ સિંગર પણ કયારેક નર્વસ થઈ જાય છે. પણ, રાઈઝિંગ સ્ટાર ૨ ના ટોપ ૮ પ્રતિસ્પર્ધીઓએ અઠવાડિયે દર અઠવાડિયે પોતાના નોંધપાત્ર પરફોર્મન્સિસ વડે સંપૂર્ણ દેશને વિસ્મિત કરી દીધેલ છે અને અહીં સુધી આવી પહોંચેલ છે. તેઓ કદાચ પ્રોફેશનલ સિંગર નથી પણ તેઓના આત્મવિશ્વાસને સલામ છે. તે તેઓએ મારા સહિત ઘણાં બધાં હૈયાંઓને પોતાના જાદુઈ અવાજો વડે સ્પર્શી લીધેલ છે અને હું શો પર સંસ્મરણિય સમયની રાહ જોઈ રહેલ છું.''વધુ જાણવા માટે, દર શનિવાર અને રવિવાર રાત્રે ૯-૦૦ કલાકે રાઈઝિંગ સ્ટાર ૨ સાથે જોડાયેલા રહો ફક્ત કલર્સ પર!

## ૮માં થિયેટર ઓલિમ્પિક્સના મંચ પર જીવંત થઈ યોદ્ધા રાજકુમારી "ચિત્રાગંદા"ની વાર્તા



અમદાવાદ

ચાલી રહેલાં ૮માં થિયેટર ઓલિમ્પિક્સમાં શહેરના લોકોને` આસામી નાટક "ચિત્રાગંદા" જોવાની તક મળી, જેનું નિર્દેશન અબિનાશ શર્માએ કર્યું છે. આ નાટક રવિન્દ્રનાથ ટાગોર દ્વારા લિખિત મણીપુરની રાજકુમારી ચિત્રાંગદા અને પાંડવ- અર્જુનના પ્રતિ તેમના પ્રેમની વાર્તા પર આધારિત છે. આ ઉત્કૃષ્ટ મહાકાવ્ય ચિત્રાગંદા અને અર્જુન વચ્ચે ચાલી રહેલ દ્વંદને પણ બતાવે છે અને મહિલા સશક્તિકરણ પર ભાર આપે છે. શનિવાર ના રોજ અમદાવાદના લોકોને રંધીર કુમાર દ્વારા નિર્દેશિત હિન્દી નાટક આઉટકાસ્ટ નિહાળવા મળશે, જેની પ્રસ્તુતિ રાગા રેપર્ટરી, પટના દ્વારા કરવામાં આવશે. આ સાથે જ, થિયેટરની પ્રખ્યાત હસ્તી અને શિક્ષક શ્રી જનક દવે કાલે આયોજિત થનારા લિવિંગ લેજન્ડ કાર્યક્રમની શોભા વધારશે. આ કાર્યક્રમ બપોરે ૨:૩૦ કલાકેથી જેજી કન્વેશન હોલ, એએસઆઈ કેમ્પસમાં શરૂ થશે. થિયેટર ઓલિમ્પિક્સ ૨૦૧૮ના અમદાવાદ ચેપ્ટરનું આયોજન રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય દ્વારા સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારના તત્વાવધાનમાં, અમદાવાદ નગર નિગમ તથા સંસ્કૃતિ વિભાગ, ગુજરાત સરકારના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

## કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી હરસિમરત કૌર બાદલે અન્ય સિનિયર ઉદ્યોગ દિગ્ગજો સાથે સીજી કૉર્પના રાજસ્થાનમાં ગ્રીનટેક મેગા ફૂડ પાર્કનું ઉદ્‌ઘાટન કર્યું




ભારતની ટોચની એફએમસીજી કંપનીઓમાંથી એક તથા એક બહુરાષ્ટ્રીય સંગઠન એક સીજી કૉર્પે પોતાના બહુપ્રતિક્ષિત ગ્રીનટેક મેગા ફૂડ પાર્કની રાજસ્થાનના અજમેર જિલ્લાના રુપનગઢ ગામે રજૂઆત કરી. સીજી કૉર્પ ગ્લોબલના ચેરમેન બિનોદ ચૌધરીએ કહ્યું કે, ભલે અમારા પૂર્વજ રાજસ્થાનથી વેપાર કરવા નેપાળ ચાલી ગયા, પરંતુ અમારું દિલ રાજસ્થાન માટે બરાબર ધડકે છે. અમે સમગ્ર ભારતમાં કૃષિ ક્રાંતિ અને મોદીજીની ખેડૂતોની આવક વધારવાની દૂરગામી યોજનાને પ્રતિબદ્ધ છીએ અને આ ફૂડ પાર્ક તેનો પ્રથમ નમૂનો છે અને દેશના અન્ય ક્ષેત્રોમાં પણ અમે અન્ય અવસરો શોધી રહ્યા છીએ. આ અત્યાધુનિક મેગા ફૂડ માર્ટ ૮૫ એકર જમીનમાં ફેલાયેલ છે અને રાજસ્થાનના અજમેર જિલ્લાના કિશનગઢ બ્લૉકના રુપનગઢ ગામના મધ્યમાં સ્થાપિત કરવામાં આવ્યો છે. આ પોતાની રીતની પ્રથમ સુવિધા છે જેને રાજસ્થાનમાં લગાવવામાં આવી છે, આને કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલય ભારત સરકારે સ્વીકૃતિ આપી છે. આ પરિયોજનાનો વિકાસ અને પ્રોત્સાહન નેપાળ સ્થિત અરબો ડૉલરનું બહુરાષ્ટ્રીય સંગઠન સીજી કૉર્પ કરશે જે પરોપકારી બિનોદ ચૌધરીના નેતૃત્વમાં ચાલી રહેલા ચૌધરી ગ્રુપ અંતર્ગત કાર્ય કરશે.

## BMW ગ્રુપ ઈન્ડિયા પ્લાન્ટ ચેન્નાઈ ખાતે 11th એનિવર્સરી ઊજવે છે

ચેન્નાઈ

BMW ગ્રુપ પ્લાન્ચ ચેન્નાઈ દ્વારા એક યાદગાર પ્રસંગે તેની ૧૧ર એનિવર્સરીની ઉજવણી કરવામાં આવી હતી. દંતકથા સમાન ક્રિકેટર સચિન તેંડુલકર અને કોલેજ ઓફ એન્જિનિયરિંગ ઓફ અન્ના યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ટેકનિકલ કુશળતા પહેલ 'સ્કિલનેક્સ્ટII'લોન્ચ કરી હતી. તેમમે એકત્ર મળીને પ્રોજેક્ટના આરંભની સ્મૃતિમાંBMW ગ્રુપ પ્લાન્ટષ્ઠ ચેન્નાઈની મુખ્ય એસેમ્બલી લાઈન ખાતે BMW એન્જિન અને ટ્રાન્સમિશન એસેમ્બલ્ડ કર્યા હતાં.''ભારતમાં લક્ઝરી ઓટોમોટિવ સેગમેન્ટમાં છેલ્લા એક દાયકામાં જબરદસ્ત વૃદ્ધિ જોવા મળી છે અને માર્ગ પર કારની વધતી સંખ્યા સાથે ઉદ્યોગમાં ઉત્તમ ટેકનિકલ પ્રતિભાની ઉચ્ચ આવશ્યકતા છે. સ્કિલનેક્સ્ટ II દેશભરમાં વિદ્યાર્થીઓમાં આધુનિક વાહન ટેકનોલોજીમાં તેમના વ્યવહારુ જ્ઞાનને વધારીને તેમની ટેકનિકલ સક્ષમતાઓના વિકાસને મજબૂત રીતે પ્રોત્સાહિત કરશે. આ પહેલ ભારતમાં ઓટોમોટિવ ડીલરશિપ્સ ખાતે આવશ્યક કુશળ ટેકનિકલ સ્ટાફની ઉપલબ્ધતા વધારવામાં પણ યોગદાન આપશે.''દેશમાં ઓટોમોટિવ પ્રતિભા વિકસાવવામાં મુખ્ય સૂત્રધાર તરીકે ભૂમિકા ભજવવાના લક્ષ્ય સાથે સ્કિલ નેક્સ્ટII ભારતમાં દરેક રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં શૈક્ષણિક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓ સુધી પહોંચશે. આ પહેલ થકી ૩૬૫ મ્ઉ એન્જિન અને ટ્રાન્સમિશન યુનિટ્સ વિના ખર્ચે એન્જિનિયરિંગ અને ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ્સને શીખવાના હેતુથી પૂરાં પાડવામાં આવશે. સ્કિલનેક્સ્ટII એન્જિનિયરિંગ અને ટેકનિકલ વિદ્યાર્થીઓ ને BMWએન્જિન અને ટ્રાન્સમિશનની આધુનિક ટેકનોલોજી ઓપર હાથો હાથની તાલીમ મેળવવા માટે મોકો આપશે. BMW ગ્રુપ ઈન્ડિયા૨૦૧૮ ના અંત સુધી કોઈ પણ ખર્ચવિના એન્જિનિયરિંગ કોલેજો/ ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ્સ /પોલીટેકનિક્સના કેમ્પસોને એન્જિન અને ટ્રાન્સમિશન યુનિટ્સની ડિલિવરી પણ આપશે.

## ટાઈગર શ્રોફે હાઈ ફીવરપ ડાન્સ કા નયા તેવરના સેટ્સ પર સેલ્ફ- ડિફેન્સના ક્લાસ લીધા!



દર્શકો સાથે અદભુત કેમિસ્ટ્રી જમાવતાં શ્ર્ફપર નવોનક્કોર ડાન્સ રિયાલિટી શો હાઈ ફીવરપ ડાન્સ કા નયા તેવર!માં દરેક વીતતા સપ્તાહ સાથે સ્પર્ધા કપરી બની રહી છે. આ સપ્તાહમાં સ્પર્ધકોને પ્રોત્સાહન આપવા માટે બીજું કોઈ નહીં પણ ટાઈગર શ્રોફ અને દિશા પટ્ટણી આવ્યાં હતાં. ટ્રોફીની નિકટ આવી રહ્યા છે તેમ સ્પર્ધકો અદભુત પરફોર્મન્સ આપી રહ્યા છે, જેને લીધે જજો અને દર્શકો પણ મંત્રમુગ્ધ છે.હમણાં અત્યંત પ્રતિભાશાળી જોડી ઐશ્વર્યા માધવ અને ચૈત્ર શેટ્ટીએ એવો ઉત્કૃષ્ટ પરફોર્મન્સ આપ્યો કે ટાઈગર શ્રોફ અને દિશા પટ્ટણી મંત્રમુગ્ધ બની ગયાં હતાં. ટાઈગર શ્રોફ માર્શલ આર્ટસમાં તાલીમબદ્ધ છે અને તેની ફિલ્મોમાં જાતે એકશન સ્ટંટ્સ કરવા માટે ઓળખાય છે. તેને ઐશ્વર્યાએ અમુક સેલ્ફ- ડિફેન્સ મુવ્ઝ ચૈત્રાને શીખવવા માટે વિનંતી કરી હતી.ટાઈગરે તરત જ સંમતિ આપી હતી અને સર્વ સ્ત્રી સ્પર્ધકોને માર્શલ આર્ટસનો ક્રેશ કોર્સ આપ્યો હતો. આરંભમાં ટાઈગર તેના મુવ્ઝ બતાવવા માટે આસપાસ સ્વયંસેવકોની તલાશ કતો હતો, પરંતુ આ એક્ટ માટે દરેકે હોસ્ટ નિતેશ શેટ્ટીને જ નિયુક્ત કર્યો.પંચ બે પ્રકારના હોય છે. એક ખોટો હોય છે અને બીજો માર્શલ આર્ટ પંચ હોય છે, એટલે કે, સાચો પંચ હોય છે. ખોટો પંચ તમારી પાસે આવતાં તમને દેખાય છે, પરંતુ માર્શલ આર્ટ પંચની ગતિ જજ કરી શકાતી નથી. ઉપરાંત કોઈ પણ લડાઈ માટે એક સૌથી મહત્ત્વપૂ?ર્ણ નિયમ છે નેવર ફિયર (ક્યારેય ડરવું નહીં). તમારી સામેની વ્યક્તિને પણ બે હાથ અને બે પગ હોય છે, આકાર સાથે કોઈ લેવાદેવા નથી. આથી જો તમે નાના હોય તો પણ ક્યારેય પોતાને ઓછા નહીં આંકશો.ખરેખર ભારતના આ પ્રથમ સુપરહીરોને સલામ છે. ટાઈગર શ્રોફ તેની અદભુત ડાન્સિંગ કુશળતા માટે અને સ્ત્રીઓને માર્શલ આર્ટસ શીખવા માટે પ્રોત્સાહન આપવાની પોતાની લગની માટે પણ જાણીતો છે.વધુ જાણકારી માટે જોતા રહો, હાઈ ફીવરપ ડાન્સ કા નયા તેવર, દર શનિવાર- રવિવારે રાત્રે ૯.૩૦, ફક્ત &TVપર!

## અર્થપૂર્ણ જીવન તરફ પાછા ફરીએ

ગ્રામોદ્યોગની કલ્પનામાં બધા જ માલિકો છે એથી એમાં કોઈ મજર કે નોકર નથી. તેથી પગારવધારો, બોનસ, પ્રોવીડન્ટ ફંડ, મોંઘવારી ભથ્થું વગેરેની વિવિધ માંગણીઓ કરવાની જરૂર જ ઉભી થતી નથી. પરીણામે હડતાળ, ઘેરાવ, મોરચાબંધીમાં સમયનો વેડફાટ ટાળી શકાય છે.એટલું જ નહીં આ રીતે અર્થપૂર્ણ જીવન તરફ પાછા ફરવાની તાણ, તંગદિલી, તનાવ ઓછા થવાથી આરોગ્ય પર વિપરીત અસર થતી નથી. કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો પણ ઉપસ્થિત થતા નથી. આમ ગાંધીજીની કલ્પનાના ગ્રામોદ્યોગના આડકતરા અનેક ફાયદા છે.

છાશવારે નીકળતા મોરચા અને યોજાતાં ધરણાં વગેરે તરફ એક નજર કરવા જેવી છે. મોરચા ૪૧૧, હડતાળ ૧૯૧, ધરણાં ૩૯૯, સત્યાગ્રહ ૩૬૧, દેખાવો ૧૦૭૭, બંધ ૩૮ , ભુખ હડતાલ ૯૬૫, રેલ રોકો ૯, રસ્તા રોકો ૧૩૯ સમકાલીન.

આ ઉપરના આંકડા માત્ર ૧૯૯૬ ના એક જ વર્ષના છે અને તે પણ ફકત મુંબઈના જ.

આ ઉપરથી સમજી શકાય છે કે આધુનિક ઉદ્યોગીકરણને લીધે આજનો માનવ ઉપરની વિકટ સમસ્યાઓમાં કેટલો ઘેરાતો જાય છે નથી લાગતું કે આ મશીન યુગમાં માનવીનું શાંત જીવન કેટલું અશાતમય અને કલેશમય બની ગયું છે જે માનવ કલાકો ઉત્પાદન વધારવા કે જીવનને ઉર્ધ્વગામી બનાવવા માટે વાપરવા જોઈએ તે માનવ કલાકો બુમબરાડા, ધક્કામુક્કી, વાદવિવાદ અને સંઘર્ષમાં વેડફાય છે. મોટા ભાગના લોકોનું માનવ જન્મરૂપી દિવ્ય જીવન નર્કાગાર યાતનાઓમાં ઘસડાઈને પુરૂં થાય છે. ભૌતિક સુખ પણ તેઓ શાંતિથી માણી શકતા નથી.

**સેવંતી મ.સંઘવી**

### પ્રાસંગિક પર્વ

## ચૈત્ર સુદ પૂનમઃ બે શક્તિઓનું પ્રાગટ્ય! બહુચર માતા અને બજરંગબલી

ચૈત્ર સુદ પૂનમ એટલે ભારતની ભવ્ય ભૂમિ પર શક્તિનું પ્રાગટ્ય- શક્તિનું અવતરણ! એક શક્તિ એટલે દૈવી શક્તિ- માં બહુચરનો પ્રાગટ્ય દિવસ. બહુચર એ સંસ્કૃત શબ્દ બર્હિનચર પરથી આવેલો છે. જેનો અર્થ કૂકડા પર ફરનારી- વિહરનારી- વિચરણ કરનારી થાય છે. બહુચર માતાની અસીમ કૃપાથી કાલરીના રાજા વજેસંગની દીકરી તેજલબા ''તેજલસિંહ'' બની હતી. ૧૮૩૯ માં વડોદરાના મહારાજા માનાજીરાવ ગાયકવાડે હાલમાં વિદ્યમાન બહુચર માતાનું મંદિર બંધાવેલું. કહેવાય છે કે શક્તિમાતા બહુચરની કૃપાથી માનાજીરાવને પાઠાનું દર્દ મટી ગયું હતું! બાલો બહુચર માતા કી જય! બહુચર માતાનું આદ્યસ્થાનક શંખલપુર ગણાય છે. વ્યંઢળ- નપુંસક બહુચર માતાના ઉપાસકો ગણાય છે.

બીજી શક્તિ એટલે સામર્થ્યવાન બજરંગબલી. કેટલાક હનુમાન ભક્તોને કદાચ ખ્યાલ નહીં હોય કે સાચું નામ બજરંગ નહીં પણ ''વજાંગ'' છે. વજાંગ એટલે વજ્ર અંગવાળા. એક સમયની વાત છે. કોઈક ઋષિએ આગાહી- ભવિષ્યવાણી કરેલી કે અંજનીના ગર્ભથી જન્મનાર પુત્ર મહાવીર બનશે. કહેવાય છે કે હવન થતો હોય ત્યાં હાડકાં નાંખનાર હોય જ. એ અનુસાર કોઈક દુષ્ટાત્માએ અંજની માતાને પંચધાતુનો રસ પીવડાવી દીધો. જેથી ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી! તાત્પર્ય એ હતુ કે અંજનીમાતાને ગર્ભપાત થાય અને પરાક્રમી પુરુષનું પ્રાગટ્ય ન થાય! પણ પરમાત્માની લીલા કંઈક ન્યારી હોય છે. અંજની માતાને વજ્ર સમાન અંગવાળો બાહુબલિ પુત્ર રત્ન થયો. નામ ''વજાંગ'' રાખવામાં આવ્યું. આ પણે સૌ કોઈ અપભ્રંશ ''બજરંગ'' બોલીએ છીએ. એ જ રીતે એકવાર હનુમાનજી ભૂખ્યા થવાથી સૂર્યને ગળી જવા જતા હોય છે. ત્યારે ઈન્દ્ર વજ્રનો પ્રહાર કરે છે ( આ વજ્ર દધીચિ મુનિના હાડકાનું બનેલું હતું) અને બાળ હનુમાન (વજાંગ) ધરતી પણ ધડામ્ દઈને પડે છે, શરીરે કોઈ વિશેષ ઈજા થતી હતી. પરંતુ હનુ(હડપચી)વળી જાય છે- તુટી જાય છે અથવા ત્રાંસી થઈ જાય છે તેને કારણે આપણે બજરંગ (સાચું વજાંગ) બલીને હનુમાન કહીએ છીએ.

જ્યાં જ્યાં રામકથા થતી હોય છે ત્યાં ત્યાં હનુમાનજી અદશ્યરૂપે હાજર રહે છે. હાથમાં ગદા ધારણ કરેલ હનુમાન દાદાની ચાલીસાનો પાઠ કરવાથી ભૂત-પ્રેત- પિશાચ દૂર રહે છે, ગમે તેવું સંકટ ટળી જાય છે. રામદૂત હનુમાનદાદા શક્તિનો પૂંજ છે હનુમાનજી એટલે વફાદારી, હનુમાનજી એટલે સેવા. જો આપણે હનુમાન દાદાને માનતા હોઈએ તો આપણા સ્વામીને- સાથીને- સંબંધીને- સ્નેહીએ વફાદાર રહેવું જોઈએ અને દીન દુખિયાની સેવા કરવી જોઈએ.

હનુમાનદાદાને શ્રધ્ધાળુ ભક્તો કેસરીનંદન, અંજનીસુત, મનોજ, જિતેન્દ્ર, પવનપુત્ર, મારૂતિ અને મહાવીર તરીકે આરાધે છે. ભારતભરમાં કોઈ ગામ- શેરી એવી નહી હોય જ્યાં હનુમાનદાદાની નાનકડી દેરી ન હોય. સાળંગપુરના કષ્ટભંજન હનુમાન અને રાજસ્થાનના સાલાસર હનુમાન જગવિખ્યાત છે!

**જિતેન્દ્ર એમ.ટાંક ''જય બાબેરી''**

# સદવિચારોની સરિતા

જે માણસનું-મન મગજ ઉત્સાહ અને આશાપૂર્ણ વિચારધારાથી ચાલે છે. જેઓ હંમેશા પ્રગતિ કરવા, આગળ વધવા, જીવનમાં કોઈ મોટું અને સારૂ કાર્ય કરવાના વિચારો કરે છે તેઓ ચોક્કસપણે એક દિવસ પોતાના આ ઉદેશ્યમાં સફળતા મેળવે છે.

જે વિચારોમાં પૂર્ણ સત્ય, દઢતા અને આસ્થા હશે, તે વિચારો પાછળ સર્જનશક્તિ નિવાસ કરે છે. જીવનમાં સફળતા મેળવવા અને ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે માણસે ચિંતક (ચિંતા કરનાર) અને વિચારશીલ બનવું અત્યંત જરૂરી છે. પરતુ મોટી મોટી વાતો કરવાથી કે આળસુ બનીને બેસી રહેવાથી કંઈ થતું નથી. આપણા કથનમાં અને કાર્યમાં આપણા સંકલ્પનું સત્ય હોવું જોઈએ.

આપણા મન અને મગજમાં હર ક્ષણ અવનવાં વિચારો આવતાં હોય છે તે વિચારોને બરાબર પારખવા, સમજવા જોઈએ. જે વિચારો પોતાના ઉદેશ્ય અને હેતુ માટે જરૂરી અને ઉપયોગી જણાય તેવાં વિચારોને અપનાવવાં તેમજ તેનો યોગ્ય ઉપયોગ કરવો. બાકીના બધા બેકાર અને બિનજરૂરી વિચારોને મન અને મગજમાંથી કાઢી નાંખવા જોઈએ. 'સારા વિચારો એ આપણા જીવન પરિવર્તનનું સોપાન છે.' સારાં વિચારો એ માણસને આધિ, વ્યાધિ અને ઉપાધિની માયાજાળમાંથી મુક્ત કરાવી તેની સામે લડવાની હિંમત આપે છે તેમજ નવાં કાર્યો કરવાની અને એ કાર્યો સિધ્ધ કરવાની પણ શક્તિ પ્રદાન કરે છે.

ખરાબ વિચારો દ્વારા માણસમાં લોભ, મોહ, ક્રોધ, અહંકાર જેવાં અવગુણો પોતાનો કબજો જમાવી દે છે અને આવાં અવગુણોને કારણે માણસ સભ્યતા, સબંધો અને માનવતાને તેમજ સ્વયં ભગવાનને પણ ભૂલી જાય છે અને ખોટાં માર્ગે ચાલવા લાગે છે. જેથી તેની તમામ શક્તિઓ નાશ પામે છે.જ્યારે, સારા વિચારો દ્વારા માણસમાં સભ્યતા, વિવેક, ધીરજ, માનવતા, પ્રેમ, દયા સમભાવ જેવાં સદગુણોનો વિકાસ થાય છે અને આવાં સદગુણોને કારણે પોતાની મર્યાદામાં રહે છે, તે વિદ્યવાન બને છે અને પોતાના કાર્યોમાં સફળતા મેળવે છે.

આથી, આપણે હંમેશા સારાં વિચારોને અપનાવી તેનો યોગ્ય રીતે ઉપયોગ કરીશું તો આપણે જરૂર વિકાસ કરીશું અને પ્રગતિના શિખરોને પાર કરીશું તેમજ આપણા કાર્યમાં સફળતા મેળવીશું અને આ રીતે આપણું જીવન સફળ બનાવીશું.સારા વિચારો એ માણસને નરમાંથી નારાયણ બનવાની તક આપે છે અને માણસનું ઘડતર કરી તેનું જીવન પરિવર્તન કરે છે.તેથી કહેવાય છે કે, 'વિચારોની શક્તિ મહાન છે.'

**ભરતભાઈ વાહજીભાઈ રાવળ**
**ડીસા**

### ઝડપી બાંધકામની...
પાના નં.૧ ચાલુ

તથા નગરપાલિકાઓમાં ૨૫ ટકા કપાત ન કરતા, ફક્ત વાહન વ્યવહારની સરળતા માટે લઘુત્તમ ૧૨મી. ક્રોસ ઓવર રોડ રાખવા અંગેની જોગવાઈ કરતા વિકાસ માટે વધુ જમીન ઉપલબ્ધ થશે અને મકાનોની કિંમતો ઘટશે. ગામતળમા વર્ષોથી જે વ્યવસ્થા ચાલતી આવેલ છે તેમા માર્જીન રાખવા માટેની જોગવાઈને રદ કરી, સરળીકરણ કરવામાં આવેલ છે અને રસ્તા પર ગીચતા ઓછી થાય તે માટે સેટબેકનો નિયમ દાખલ કરેલ છે. સાથોસાથ હવા ઉજાશ જળવાઈ રહે અને જુની પ્રણાલીકા જાળવવા માટે માત્ર ૨૫ ટકા જગ્યા ખુલ્લી રાખી ૭૫ ટકા ભાગમાં બાંધકામ કરી શકાશે. લે-આઉટ, આંતરીક રસ્તાઓ અને સબ પ્લોટીગમાં રસ્તાની લંબાઈના સંદર્ભે પહોળાઈ રાખવા માટેની અસ્પષ્ટતા દુર કરતા વધુ સરળીકરણ અને સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે.

### ભાજપ કાર્યકર્તાઓના..
પાના નં.૧ ચાલુ

નિવેદનથી ઘેલમાં આવી ગઈ છે. રાહુલ ગાંધી અને સિદ્ધારમૈયાને કહેવા માંગુ છુ કે, મારાથી ભુલ થઇ ગઇ પરંતુ કર્ણાટકના લોકોથી ભુલ થશે નહીં. આ પહેલા અમિત શાહે બીએસ યેદિયુરપ્પા સાથે મૈસુરના પૂર્વ રાજઘરાનાના લોકો સાથે મુલાકાત કરી હતી. તેમની સાથે કેન્દ્રીયમંત્રી અનંતકુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. કર્ણાટકના ચૂંટણી મહાસંગ્રામમાં કોંગ્રેસ સરકારના લિંગાયત કાર્ડથી દબાણ હેઠળ આવેલી ભારતીય જનતા પાર્ટીએ હવે પલટવાર કરવાની તૈયારી કરી લીધી છે.

### સરકારી...
પાના નં.૧ ચાલુ

આધારે મળતી બઢતીનો લાભ દરેક કર્મચારીઓને મળી શકે તે હેતુસર સેવાનિવૃત્તિની વય મર્યાદામાં બે વર્ષનો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હવેથી કર્મચારી ૬૦ નહીં પરંતુ ૬૨ વર્ષની વયે નિવૃત્ત થશે. મુખયમંત્રી શિવરાજસિંહ ચૌહાણે વધુમાં જણાવ્યું હતું કે, કેટલીવાર કર્મચારી પોતાના સેવાકાળ દરમિયાન નિર્ધારિત બઢતીનો લાભ મેળવી શકતા નથી અને નિવૃત્ત થઇ જાય છે જેના કારણે આ નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારે કહ્યું હતું કે, કર્મચારીઓને તેમનો હક મળે એ હેતુસર નિવૃત્તિ વયમર્યાદામાં બે વર્ષનો વધારો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ રાજયમાં મહિલાઓ અને બાળકીઓની સુરક્ષાનો સંકલ્પ ફરી એકવાર કરતા જણાવ્યું હતું કે, તોફાની યુવકોને કોઈ પણ કિંમતે છોડવામાં આવશે નહીં.

### આજે હનુમાનજીની...
પાના નં.૧ ચાલુ

હતો. આજની દાદાની શોભાયાત્રામાં હજારો નાગરિકો, મહિલાઓ અને બાળકો જોડાયા હતા. કેમ્પ હનુમાનજીની શોભાયાત્રા અને હનુમાનજી જયંતિને લઇ સમગ્ર શહેરમાં જાણે દાદાની ભકિતનો અનેરો માહોલ છવાયો હતો. હવે આવતીકાલે હનુમાન જયંતિ નિમિતે કેમ્પ હનુમાનજી મંદિર ખાતે શ્રીરામભકત હનુમાનજી દાદાનો જન્મોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાશે, આ પ્રસંગે કેમ્પ હનુમાનજી દાદાને ૪૫૦ કિલો લાડુનો પ્રસાદ ધરાવવામાં આવશે. શ્રી કેમ્પ હનુમાનજી મંદિરના ટ્રસ્ટીઓ, પૂજારી પરિવાર અને હજારો શ્રધ્ધાળુ ભકતોની હાજરીમાં આજે વહેલી સવારે આઠ વાગ્યે કેમ્પ હનુમાનજી દાદાની ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન આર્મીના મેજર જનરલ અનિલ પુરી દ્વારા કરાવવામાં આવ્યું હતું. હનુમાનજીની શોભાયાત્રામાં ૨૫થી વધુ ટ્રકો, કાર સહિતના નાના મોટા વાહનો અને અનેક આકર્ષણોએ રંગ જમાવ્યો હતો.

### અશોક ગહલોતના...
પાના નં.૧ ચાલુ

છે. કોંગ્રેસના સુત્રોના જણાવ્યા અનુસાર ગુજરાત વિધાનસભાની ચુંટણી સમયે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતમાં ભારે મહેનત કરી હતી અને તે સમયે કોંગ્રેસના માત્ર હોદ્દા ભોગવતા નેતાઓની નજીકથી કામગીરી જોઇ હતી. આ ઉપરાંત પક્ષમાં ચાલતા જુથવાદને પણ જોયો હતો અને રાહુલ ગાંધીએ પક્ષના સંગઠનમાં ફેરફાર કરવાનો નિર્ણય કર્યો હતો. અને વરિષ્ઠ ધારાસભ્યોને બાજુએ રાખીને યુવા ધારાસભ્ય પરેશ ધાનાણીને વિરોધ પક્ષના નેતા બનાવ્યા હતાં. ત્યારબાદ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષના સ્થાનેથી ભરતસિંહ સોલંકીના સ્થાને અમિત ચાવડાને પક્ષના પ્રમુખ બનાવ્યા હતાં અને હવે અશોક ગહલોતના સ્થાને રાજીવ સાતવની નિમણુંક કરી છે. રાહુલ ગાંધીના એક બાદ એક નિર્ણયોથી સિનિયર નેતાઓને સ્પષ્ટ સંદેશ મળી ગયો છે. કોંગ્રેસના સર્વેસર્વા રાહુલ ગાંધી હવે ગુજરાત કોંગ્રેસના મુખ્ય હોદ્દાઓને ફરીથી જીવંત કરવા માંગી રહ્યાં છે જે માટે તેઓ યુવા નેતાઓને તક આપી રહ્યાં છે. તેઓ ગુજરાત સંગઠનમાં મોટા બદલાવ લાવી રહ્યાં છે.

રાજીવ સાતવે મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતા છે. રાજીવ સાતવ ગુજરાત કોંગ્રેસના સહ પ્રભારી હતાં. રાજીવ સાતવ હાલ મહારાષ્ટ્રના હિંગોલીથી કોંગ્રેસના સાંસદ છે અને તેઓએ સંગઠન માટે ખાસ કામગીરી પણ નિભાવેલ છે યુવાઓને સાથે રાખીને ગુજરાત વિધાનસભા ચુંટણીમાં સારી કામગીરી કરી હતી સૌરાષ્ટ્રમાં તેમના નેતૃત્વમાં કોંગ્રેસે સારો દેખાવ કર્યો હતો જેને પગલે લોકસભાની ચુંટણીને ધ્યાનમાં લઇ રાજીવ સાતવને પ્રભારી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમની નિમણુંકને કોંગ્રેસના આગેવાનોએ આવકારી છે.

### ઈન્કમટેક્ષ રીટર્ન...
અનુસંધાન 3 નુ ચાલુ..

આ બાબતે આયોજન કરવા જરૂરી છે. પશુ વિમા, અકસ્માત વિમા વળતર માટે છેલ્લા વર્ષના રીટર્ન જરૂરી છે ત્યારે ઈન્કમટેક્ષના નવા નિયમ મુજબ કરદાતા ૩૧ માર્ચ પછી રીટર્ન ભરશે અને ત્રણ વર્ષના રીટર્નની જરૂરીયાત હશે તો ઈન્કમટેક્ષ વિભાગ પાસેથી તેની પરવાનગી મેળવી, દર વર્ષના રીટર્નના રૂા.૫ હજાર પેનલ્ટી ચુકવી રીટર્ન ફાઈલ કરી શકશે.

કાયદાની જોગવાઈ મુજબ જિલ્લાના દુધ ઉત્પોદકોને દંડાવુ ન પડે તે માટે બનાસડેરી પણ જાગૃત બની આયકર વિભાગની સાથે મળી દુધ ઉત્પાદકોને મદદરૂપ થવા માર્ગદર્શન આપી રહી છે. જયારે ઈન્કમટેક્ષ વિભાગે પણ બ.કાં. ડીસ્ટ્રીક્ટ ટેક્ષ પ્રેક્ટીશનર એશો.ના પ્રમુખ રાજેન્દ્રભાઈ એસ.ઠક્કરને વિનંતી કરતા ટેક્ષ પ્રેક્ટીશનરો પણ પશુપાલક દુધ ઉત્પાદકોને વિના મુલ્યે મદદરૂપ થવા સહમતી આપી છે ત્યારે આયકર વિભાગની નિયત મર્યાદામાં આવતા દુધ ઉત્પાદકોએ તેનો લાભ મેળવવો જોઈએ અને આયકર ચુકવી રાષ્ટ્ર વિકાસમાં સહયોગી બનવુ જોઈએ.

### સમાધિ લેવાનું...
અનુસંધાન 3 નુ ચાલુ..

આવી જ ઘટના હમણાં નિર્માણ થઈ કાંટાળા કાંકરેજની ધન્યધરા પર રૂપાવટી નગરી તરીકે પંકાતા રૂવેલ પંથકમાં વાહજી ભગત નામના એક વ્યક્તિ સોશિયલ મીડીયાના માધ્યમ વડે પોતાને સ્વપ્ન આવ્યું છે.પોતે ચૈત્ર માસ- અગિયારસે સમાધિ લેશે કાં અગ્નિ સંસ્કાર થશે એવી વાત ફેલાવે છે. સોશિયલ મીડીયાના આ જમાનામાં વાત ફેલાતાં વાર લાગતી નથી. ધર્મના નામે આંધળી શ્રદ્ધા ધરાવતા અંધશ્રદ્ધાળુ લોકો આવા ભગતોની વાતોમાં આવી જાય છે. કેટલાક લોકો ત્યાં મંચ-માંચડાઓની વ્યવસ્થાઓ કરી દે છે ને ભોળા ભક્તો તો આવા લોકોના આશીર્વાદ માટે લાઈનો લગાવી જ દે છે ને પછી શરૂ થાય છે. હાઈ વોલ્ટેજ ડ્રામા.

નક્કી કરેલો સમય નજીક આવતાં જ લોકોમાં ઉત્સુકતા વધતી જાય છે. લોકો માની પણ લે છે કે આવુ બનશે... જ... પરંતુ આટલી ઉત્સુકતાનો અંત હાઈ- વોલ્ટેજ ડ્રામાથી આવે છે. સમાધિ લેનારા વ્યક્તિ આરતી કરવાનુ બહાનુ કરી બહારગામ જતા રહે છે. લોકતંત્રમાં વહીવટીતંત્ર આવી સમાધિ કોઈ ને લેવા ન દે... તંત્ર આખી રાત હરકતમાં આવે છે. છેવટે સમાધિ લેનારને પોલીસ કસ્ટડી લવાય છે. લોકો તો ગંતવ્ય સ્થળે ઘસારો કરે છે. પરંતુ આવી ઘટનાનો નાટ્યાત્મક અંત થતાં લોકોના ટોળેટોળા ઉમટી પડે છે.

### થરાદના ચુડમેરમાં...
પાના નં.૮ ચાલુ

તેમ બોલ્યા હતા. દરમ્યાન ગુરુવારે સાંજના સાડા છ વાગ્યાના સુમારે બાબુભાઈ દૂધ ભરાવી પરત ફરતાં રસ્તામાં વિહાભાઇ મોહનભાઈ તથા સારંગભાઇ મોહનભાઈ તથા હેમજીભાઈ વિહાભાઇ તથા પરેશભાઈ વિહાભાઇ રસ્તામાં ઉભેલ હતા.તેમણે તુ દાદા થઈ ગયો છે. તેમ કહી વિહાભાઈએ તેના હાથમાંની પાઈપ અને લાકડીઓ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આથી તે જમીન પર પડી જતાં હોબાળો થતાં અન્ય લોકો દોડી આવતા ચારે જાગા હતે પછી જીવથી મારી નાખવાની ધમકી આપીને નાસી છૂટ્યા હતા. આ બંને બનાવ અંગે કોઈએ થરાદ ૧૦૮ને જાણ કરતાં ઇ.એમ.ટી. હિના સિપાઈ પાયલોટ સાથે દોડી આવી બંને પક્ષના ઈજાગ્રસ્તોને વારાફરતી સાથે થરાદની સરકારી હોસ્પિટલમાં ખસેડયા હતા. જયારે બંનેની સામ-સામી પોલીસ ફરિયાદના આધારે થરાદ પોલીસે છ વ્યક્તિઓ સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### વાવ સૂઈગામ...
પાના નં.૮ ચાલુ

નભી રહ્યું છે. પ્લાસ્ટીક અને કાગળ આરોગીને પશુધન તરફડીને મોતને ભેટી રહ્યું છે. જો કે રણ વિસ્તાર ધરાવતા સૂઈગામ પંથકમાં આવેલા અભ્યારણમાં પણ વન્યજીવો માટે વિકટ પરિસ્થિતિ ઉભી થઈ છે. કારણ કે નર્મદા કેનાલમાં પાણી બંધ થતાં વન્યજીવો માટે તેમજ પશૂ - પંખીઓ માટે પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ ઉદ્ભવી છે. વિશેષમાં આ રણ વિસ્તારમાં વન વિભાગ દ્વારા કોઈ વનીકરણની સુવિધા ઉપલબ્ધ કરાઈ નથી કે વન્યજીવો માટે પાણીની વ્યવસ્થા નથી. ઉનાળાના પ્રારંભથી જ આ વિસ્તારમાં ગરમીનો પારો ૪૩ ડીગ્રીની હદ વટાવી ચૂક્યો છે. રાજય સરકાર વનવિભાગને વન્યજીવોના રક્ષણ માટે (પાણી વનીકરણ) માટે (જીઆઈડીસી) યોજના અંતર્ગત કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે. પરંતુ વનવિભાગના જવાબદાર કર્મચારીઓ પશૂઓને મળતી કરોડો રૂપિયાની ગ્રાન્ટ કાગળ ઉપર બોલાવીને ચાઉ કરી નાખે છે. વનવિભાગના બં.કાં. જિલ્લા ફોરેસ્ટ અધિકારી (ડીઈઓ) સૂઈગામ પંથક રણ વિસ્તારની જાત મુલાકાત લઈ તપાસ કરે કે અભ્યારણમાં કેટલું વનીકરણ છે ? અને વન્યજીવો માટે પાણીની કેવી વ્યવસ્થા છે ? વધુમાં અભ્યારણમાં અગરીયાઓ દ્વારા મીઠાનો પાક પકવતા વન્યજીવોને રણમાં રહેવું મુશ્કેલ બની ગયું છે. આમ સરહદી વાવ સૂઈગામ પંથકમાં પશુઓ વન્યજીવો માટે જીવન જીવવું દોહલું બની ગયું છે.

### જુનાડીસા ગંગાજી...
પાના નં.૮ ચાલુ

અધૂરામાં પુરૂં, ડીવાઈડર ઉપર 'રેડિયમ' ના પટ્ટા પણ લગાવાયા ન હતા. જેથી માર્ગ અકસ્માતોની હારમાળા સર્જાતા છેલ્લા એક વર્ષમાં ૧૦ થી ૧૨ માનવ જિંદગીઓનો ભોગ લેવાયો હતો. જેથી ગ્રામ પંચાયતના સરપંચ બબાભાઈ દેસાઈ, ડે.સરપંચ ફારૂકભાઈ દાણી(ઘાસુરા) અને પંચાયત સદસ્યોએ પાલનપુર માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ હાઈવે) ના કા. ઈજનેરને લેખિતમાં રજુઆત કરી પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. જે રજુઆત ફળદાઈ નિવડતા કા.ઈજનેરના હકારાત્મક વલણથી જર્જરીત રોડનું ઝડપભેર સમારકામ થઈ ગયું છે અને એક સરખો સીધો રોડ બનતા ગ્રામજનો અને વાહન ચાલકોએ હાશકારો અનુભવ્યો છે.

### ડીસા પંથકમાં...
પાના નં.૮ ચાલુ

જીલ્લા વાસીઓ તોબા પોકારી ઉઠ્યા છે. ગરમીના ગ્રહણને લઈ બજારો સુમસામ બની ગયા છે. ગ્રામીણ પ્રજા વહેલી સવારે કે મોડી સાંજે ખરીદી અર્થે બજારમાં આવવાનું પસંદ કરે છે, આકરા ઉનાળાના તાપના કારણે શહેરના મુખ્યમાર્ગો ઉપર જાણે કરફ્યું લાગ્યો હોય તેવા દશ્યો સર્જાય છે. ગરીબ લોકો ઝાડના સહારે ગરમીનો સમય વિતાવે છે તો અમીરો ઈલેક્ટ્રીક ઉપકરણો પંખા-એસી જેવી સુવિધાઓ લઈ ગરમીથી બચી રહ્યા છે. ડીસા હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે તે આગામી બે દિવસમાં તાપમાન લગભગ આજ પરિસ્થિતિએ રહેશે.

### વાઘપુરાના પાટીયે...
પાના નં.૮ ચાલુ

કે સદનસીબે ડ્રાઈવર અને ક્લીનરનો આબાદ બચાવ થવા પામ્યો હતો. આ અકસ્માતમાં આખલાનું ઘટનાસ્થળે મોતને ભેટ્યો હતો. જયારે અકસ્માતના પગલે ટ્રેઈલરને વ્યાપક નુકશાન થવા પામ્યું હતું. હાઈવે પર ટોલટેક્ષના નામે મસમોટી રકમ ઉધારવામાં આવતી હોવા છતાં સુવિધાઓ ન મળતા વાહન ચાલકોને છેવટે ભોગવવાનો વારો આવે છે. હાઈવે પર રખડતા પશુઓના કારણે અનેક અકસ્માતો થવા પામ્યા છે. જેમાં કેટલાક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. તેમ છતાં હાઈવે ઓથોરીટી હાઈવે પર રખડતા પશુઓને નાથવા નિષ્ફળ નિવડી છે. જેથી ગતરોજ વધુ એક અકસ્માત સર્જાયો છે.

### ભાભર નજીક...
પાના નં.૮ ચાલુ

ચાલક પુરઝડપે ગાડી ચલાવીને આગળ જઈ ગાડી ઉભી રાખીને ફરાર થઈ ગયો હતો. પોલીસે ગાડીમાં તપાસ કરતા વિદેશી દારૂની બોટલો) નંગ ૮૪૯ (કિ.રૂા. ૯૧૫૦૦) તથા ગાડીની (કિ.રૂા.૨૦૦, ૦૦૦ મળી ૨,૯૧,૫૦૦ રૂા.નો મુદ્દામાલ પોલીસે કબ્જે લઈ ફરાર આરોપી સામે તપાસ હાથ ધરી છે.

### ગેળા હનુમાન...
પાના નં.૮ ચાલુ

એક ખીજડાના વૃક્ષ નીચે આરામ કરવો એ તેમનો નિત્યક્રમ હતો. એક વખત તે ખીજડાના વૃક્ષની નીચે એક શિલા દેખાઇ એટલે તેની જાણ થતાં ધર્મપ્રેમી લોકોએ તેને હનુમાનજીની મૂર્તિનો અવતર ગણી પૂજા કરી પરંતુ કેટલાક અધર્મીઓએ મૂર્તિને સામાન્ય પથ્થર ગણી તેની ચકાસણી કરવા ત્યાં ખોદકામ કર્યું પરંતુ શિલાનો અંત ન આવ્યો એટલા માટે જૂના પખાલામાં કામા કરતા પાડાઓ વડે દોરડાઓથી બાંધી શિલાને બહાર કાઢવાનો પ્રયત્ન કરવામાં આવ્યો પરંતુ ઝેરના પારખા ન હોય. માટે તરત જ પાડાઓ મરી ગયા અને શિલાસ્વરૂપે હનુમાનજી ત્યાં સ્થાયી રહ્યા ત્યારબાદ ગામ લોકોએ શ્રદ્ધાથી હનુમાન દાદાજીની પૂજા કરવા લાગ્યા અને દાદા પણ ગામ લોકોની રખેવાળી કરતા. ગામના સીમાડામાં નવુ વાહન કે લગ્ન થયા હોય તો ફરજિયાત શ્રીફળ ચડાવવું પડતું હતું. આ ચડાવવામાં આવેલું શ્રીફળ કોઇ ખાઇ શકતું નહી-એક વખત થરાદ તાલુકાના આસોદર ગામના મહંત હરદેવપુરી મહારાજ પસાર થતા તેમણે આ શ્રીફળો જોઇને લોકોને જણાવ્યું કે, આ શ્રીફળો હનુમાન દાદાને શું કરવા છે ? બાળકોને પ્રસાદમાં આપી દો બાકીના હવનમાં હોમી નાખો એમ કહી શ્રીફળો વધેરાવ્યા અને ત્યાંથી રવાના થયા પરંતુ એ જ રાત્રે તેમને પેટમાં દુખાવો થયો પ્રાથમિક સારવાર કરવા છતાં સારું ના થતાં તેમણે સમાધિમાં જોયું ત્યારે ખબર પડી કે હનુમાન દાદાનો પ્રકોપ છે, માટે સવારે ગેળા હનુમાન દાદાના મંદિરે જઇ તેમણે શ્રીફળોનું તોરણ અર્પણ કરી ક્ષમા માંગી અને કહેતા સંતની તબિયત સારી થઇ ગઈ. સવારમાં આવી તમારા મંદિરે જેટલા શ્રીફળ વધેર્યા છે તેના ડબલ કરી મુકીશ.અને બસ ત્યારથી ગ્રામજનો આ શીલાને હનુમાન દાદાના નામથી પૂજવા લાગ્યા.

આમ અત્યારે દુર દુરથી ભક્તો દાદાના દર્શનાથે આવે છે અને પોતાની મનોકામના પુરી કરે છે. ગેળા શ્રીફળીયા હનુમાન મંદિરે દર શનિવારે ભાવિકોનો મેળો ભરાય છે. આજે હનુમાન જયંતિ અને શનિવારનો યોગાનુયોગ સર્જાયો છે. તેથી આજે ધામ માનવ મહેરામણથી છલકાઈ ઉઠશે.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા** ૩૯૨૦૦-૩૯૪૦૦
રૂપુ કાચું ૩૯૨૦૦-૩૯૪૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન** ૧૧૯૦
પામોલીન ૧૧૭૦
સોયા રીફાઈન ૧૪૨૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
**સીંગતેલ૧૫ કી.** ૧૪૮૦
સીંગતેલ ૧૫ લી.૧૬૯૦
**સીગતેલ ૫ લી.** ૪૨૦
તિરૂપતી કપા. ૧૩૩૦
૫ લીટર ૪૨૦
વનસ્પતિ ઘી ૧૧૩૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૨૦૦
પલી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફ્લાય** ૧૩૦૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ.** ૩૪૦૦-૩૪૫૦
**ખાંડ એમ.** ૩૫૦૦-૩૪૫૦
ખાંડએલ. ૩૫૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર** ૯૫૦-૧૦૦૦
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી**(૨૦ કિલોના ભાવ)
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૦૦-૮૪૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
**ભીંડા** ૭૦૦-૮૦૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૬૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
**સાંગા બટાકા** ૨૦૦- ૨૪૦
તુવેર ૬૦૦-૮૦૦

## હાય ગરમી

અરે હાય ગરમી કેટલી ગરમી છે ?
આ તો ઉનાળો છે કે શું પંખાને કુલર
ચાલુ તોય હાય ગરમી, વાય ઉની ગામ લુ
ઉનાળામાં ગરમી કે હું માનવ તો ઠીક
પણ પશુપંખી જીવજંતુનું શું ?
વધ્યું પ્રદુષણને ઘટયા વૃક્ષ આમ વધી ગરમી
આમાં કુદરત શું કરે ? બધાય માટે જવાબદાર
આ વિકાસશીલ માનવ હવે ભોગવ આ લાભ
વાવો વૃક્ષો નહીંતર હજુ પડશે વધુ ગરમી
બનાવો ઘરને ખેતર હરીયાળા
લીલુડી બનશે આ ધરા, તો થશે લીલા લહેર
અરે હાય કેટલી ગરમી છે, આ તો ભાઈ ઉનાળો છે

**સંકલન :બાબુભાઈ પી.ઠાકોર** (વાવ)

## પરીક્ષા

પરીક્ષા આવી પરીક્ષા આવી
બાળ મિત્રોની પરીક્ષા આવી
હોંશીયારને મજા આવી,
તોફાનીને સજા આવી,
બાળ મિત્રોની પરીક્ષા આવી
એસ.એસ.સી.ની પરીક્ષા આવી
એચ.એસ.સી.ની પરીક્ષા આવી
બાળ મિત્રોની પરીક્ષા આવી
પરીક્ષા આવી, પરીક્ષા આવી
બાળ મીત્રોની પરીક્ષા આવી

**ઠક્કર જય મધુભાઈ**
(રાધનપુર)

## પાવન બનાવી જીવ્યા

અમે જીંદગી અમારી પાવન બનાવી જીવ્યા
અમે નામ એનું હરદમ દિલમાં વસાવી જીવ્યા
નથી રીત આ જગતની ભુલે ને માફી આપે
અમે દુશ્મનોને સારા મિત્રો બનાવી જીવ્યા
સદા યાચના ખુદાથી કદી દુઃખમાં ના ડગાવે
અમે બંદગીમાં હરદમ ધીરજ જમાવી જીવ્યા
નથી શીશ આ અમારૂં કદી કયાંય ઝુકવા દીધું
અમે શીશને ખુદાના ચરણે નમાવી જીવ્યા
તમે દુઃખમાં આંસુ સારો ને સુખમાં શીર ઉઠાવો
અમે ફાની આ જગતને ઉપવન બનાવી જીવ્યા
કદી એટલે તો યુસુફ નથી ખોટમાં જવાના
અમે હેતથી બધાને હૈયે લગાવી જીવ્યા

**યુસુફ ગુંજાવી**

## ઈર્શાદ

દુર દુરથી સાદ કરમા, રોજ અમને યાદ કરમા
પાંપણો પર બેસ કીંતુ, હોઠની ફરીયાદ કર મા
તું મીરા હું શ્યામ તારો, રાધા કેરો વાદ કર મા
આ ગઝલ બસ આખરી છે, તું હવે ઈર્શાદ કર મા
છોડ ભુલી જા સદંતર,જીંદગી બરબાદ કર મા..!

**સાંઈરામ દવે**

## ભટકી રહ્યો છું

થયું છે શું તે સમજાતું નથી
પામીને હું મંજીલ ભટકી રહ્યો છું
પથ્થરને ભગવાન માની કેમ પુજી રહ્યો છું
મળ્યું છે ઉડવા માટે નીલગગન તો પણ
આ ધરતી પર કેમ ભટકી રહ્યો છું
થયું છે શું તે સમજાતું નથી મળ્યો છે
પ્રેમ તો પણ હું નફરતને દિલમાં
કેમ ભરી જીવી રહ્યો છું
થયું છે શું તે સમજાતું નથી
પામીને હું મંજીલ કેમ ભટકી રહ્યો છું

**સુંડાજી ઠાકોર**
(સુરાણા)

## રાત

રાત્રે આવતાને દિવસે જાતા
ચાંદામામા મને ગમતાજી રે..
રહેતા પરીઓના દેશમાં મામા
ચાંદામામા મને ગમતાજી રે...
તારલાના વચ્ચેમાં ચમક ચમકતા
ચાંદામામા મને ગમતા જી રે...
રાત્રે આકાશમાં અજવાળું આપતા
ચાંદામામા મને ગમતા જી.. રે..
દિવસે સંતાતા ને રાત્રે દેખાતા
ચાંદામામા મને ગમતાજી રે..

**અજય જે.ડાભી**

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ..........................................................
સરનામુ : ..........................................................
મોકલનારની સહી : ..................................................

## હિંમતનગરમાં ભગવાન મહાવીરસ્વામી જન્મ કલ્યાણકના દિવસે શોભાયાત્રા નીકળી




હિંમતનગર

વખારીયાવાડ ખાતે આવેલા અતિ પ્રાચીન મહાવીરસ્વામી જૈન દેરાસરે સવારથી જ અનેક ભાવિક ભક્તો દર્શન તેમજ સેવા પૂજા નો લાભ લીધેલ.. ગુરૂભગવંત ધ્વારા માંગલીક પ્રવચન આપવામાં આવેલ અનૈ ત્યારબાદ સમગ્ર હિંમતનગર ના જૈન સંઘ ભેગા મળી એક શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં પાઠશાળાના બાળકો, વિવિધ જૈન મંડળની બહેનો, શ્રાવક-શ્રાવિકાઓ તેમજ જૈન સમાજના અગ્રણી પંકજભાઈ, વિનોદભાઈ, સેવંતીભાઈ, પરેશભાઈ, રાજુભાઈ તેમજ જૈન સમાજના ઉત્સાહિ યુવા મિત્રો ડિકુલભાઈ, કપૂરભાઈ, યોગેશભાઈ વગેરે હર્ષ ભેર જોડાયા હતા. આજના દિવસે અલગ અલગ જૈન ગૃપ, મંડળ દ્વારા જીવદયાના કાર્યો કરવામાં આવેલ તેમજ મીઠાઈ વિતરણ કરવામાં આવ્યું હતું.

## હિંમતનગરના સહકાર હોલ ખાતે પાનેતરનો રંગ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર

ગુજરાત રાજ્ય સંગીત નૃત્ય નાટક અકાદમી ગાંધીનગરના ઉપક્રમે જૂની રંગભૂમિના કલાકારોને શ્રધ્ધાજંલિ આપતો કાર્યક્રમ સાબરકાંઠાના હિંમતનગરના સહકાર હોલ ખાતે યોજાયો હતો.

જૂની સંસ્કૃતિને ઉજાગર કરતુ પાનેતરના રંગ નામનું ભવ્ય નાટ્ય ઘડીના નાયક રંગમંચ દ્વારા યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્ય ગ્રંથાલયના મદદનીશ નિયામક ડૉ.પંકજ ગોસ્વામી, ડૉ.જગદીશ નાયક, ડૉ.અતુલ નાયક લેબર ઓફિસર ડી.એન.નાયક સહિત નાયક સમાજના અગ્રણીઓ અને કલારસિકો ઉપસ્થિત રહ્યા હતા.

## મહેસાણામાં સિગારેટના પૈસા માંગતા મહિલાને માર માર્યો

મહેસાણા

મહેસાણામાં પ્રદુષણ પરા નજીક પાન બીડીના ગલ્લા પર સિગારેટના પૈસા ગ્રાહક પાસે માંગતા ગલ્લા માલિક મહિલાની છેડતી કરી ધોકાથી માર માર્યો હતો. આ અંગે ચાર વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવામાં આવી છે.

જાણવા મળતી વિગતો અનુસાર મહેસાણાના પ્રદુષણ વિસ્તારમાં મહિલા ગલ્લો ચલાવે છે ત્યારે ગત સોમવારે મહેસાણાના સુનિલ દલપતજી ઠાકોર, કરમજી ઠાકોર, મનુજી ઠાકોર અને લાલજી ઠાકોર વગેરે ગલ્લા પર સિગારેટ માગવા ગયા હતા. ત્યારે મહિલાએ સિગારેટના પૈસા માંગતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને મહિલાને ધોકાથી માર મારી છેડતી કરી હતી. આ અંગે ચારે આરોપીઓ સામે શહેર એ ડિવીઝન પોલીસ મથકે મહિલાએ ફરિયાદ નોંધાવી હતી.

## અરવલ્લીમાં પાણીની તંગીથી પશુઓ તરસ્યા, માલધારીઓની રઝળપાટ

મોડાસા

અરવલ્લીમાં ગાય, ભેંસ અને ઘેટાં-બકરાંના વ્યવસાય સાથે સંકળાયેલા ૮૦૦ ઉપરાંત માલધારી પરિવારો વસવાટ કરે છે. ઉપર આભ અને નીચે ધરતીના સહારે જીવતાં મમોટાભાગનાં માલધારી પરિવારે વગડામમાં વસવાટ કરે છે. ત્યારે ઉનાળાના પ્રારંભે જ મૂંગા પશુઓ માટે પણ પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થતાં માલધારીઓની રઝળપાટ વધી ગઈ છે. જિલ્લામાં ઉનાળુ સિઝનમાં વાત્રક, માઝૂમ, મેશ્વા, હાથમતિ જેવા બંધોમાં પાણીનો પૂરતો પુરવઠો હોવા છતાં સરકાર દ્વારા ઉનાળુ સિઝન માટે પાણી છોડવાનું આયોજન કરવામાં ન આવતાં ખેડૂતોની હાલત દયનીય થઈ છે. પશુઓ માટે લીલા ઘાસચારાની સમસ્યા ઉભી થતી ન હતી. બીજીબાજુ કારમા ઉનાળામાં પાણીના તળ નીચા જાય છે. ત્યારે નહેરોમાં પાણી છોડવામાં આવતું હોવાથી નહેરની આસપાસના એક કિલો મિટરના એરિયામાં આવેલા બોરકૂવામાં પાણીના તળ ઉંચા આવતાં ખેડૂતોને પાણીનો પરુતો પુરવઠો મળી રહેતો હતો. પરિણામે ગામડાંઓની સીમમાં વસતા માલધારીઓને ઉનાળાના દિવસોમાં પશુઓને માટે ઘાસચારો તેમજ પશુઓને પીવાના પાણીનો પૂરતો પુરવઠો મળી રહેતો હતો. માલધારીઓને પશુઓને પીવાના પાણી માટે મોટી મુશ્કેલી છે.

## હિંમતનગરમાં સર્કિટ હાઉસ આગળ મહિલાના ગળામાંથી દોરો ખેંચાયો

હિંમતનગર

મંગળવારે બપોરે બી ડિવિઝન પોલીસ સ્ટેશનને અડીને આવેલ સરકીટ હાઉસ આગળ જ મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચી બાઇક પર આવેલ બે શખસો ફરાર થઇ ગયા હતા. જે ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગઇ હતી. મંગળવારે બપોરે હિંમતનગર શહેરના બેરણા રોડ પર વીરાટનગરમાં રહેતા તેજાબેન વા/ઓ ભોલારામ લખમાજી પ્રજાપતિ તેમની ભાણી કનીકાબેન પ્રદીપભાઇ પ્રજાપતિના એક્ટીવા નં. જી.જે-૯-એ.એમ.૮૩૩૩ પર બેસી સંબંધીને ઘેર મળીને ન્યાયમંદિર સાબરગેસ નજીક રહેતી તેમની દીકરીને મળવા જવા નીકળ્યા હતા.

તે દરમિયાન ટાવર રોડ થઇ દોઢેક વાગ્યાના સુમારે બી ડિવિઝન પોલીસ સ્ટેશનને અડીને આવેલ સરકીટ હાઉસ આગળથી પસાર થઇ રહ્યા હતા. તે દરમિયાન કાળા રંગના પલ્સર પર બે શખસો પાછળથી પલ્સર પર પાછળ બેઠેલ ૨૫ થી ૩૦ વર્ષના તેજાબેનના ગળામાં હાથ નાખી બે તોલા સોનાનો દોરો ખેંચી સિવિલ સર્કલ બાજુ છૂ થયા હતા.

## બહુચરાજીમા પ્રારંભાયેલ ચૈત્રી પુનમના મેળામાં ૧૦ લાખ માઈભક્તો ઉમટી પડવાની શક્યતા



ચાણસ્મા

શક્તિપીઠ બહુચરાજી અને ચૈત્રી પૂનમનો મેળો ગુજરાત પૂરતો બહુચરાજી સમિતિ ના રહેતાં આજે જગવિખ્યાત બનવા પામ્યો છે. ત્યારે બહુચર માતાજીના સાનિધ્યમાં શરૂ થયેલા ત્રિ-દીવસીય ચૈત્રી પૂનમના મેળાના આજે બીજા દિવસે હજારો માઈભક્તો માના દર્શન માટે ઉમટી પડ્યા હતા અને બોલ માડી બહુચર જય જય બહુચરના જયઘોષથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું. એક અંદાજ મુજબ આ ત્રિ-દિવસીય લોકમેળામાં ૧૦ લાખ જેટલા માઈભક્તો ઉમટી પડવાની ધારણ છે.

શક્તિપીઠ બહુચરાજીમાં ભરાયેલા ચૈત્રી પૂનમના મેળામાં ભક્તોની ભારે ભીડ જામે છે. અગાઉ બહુચરાજી અમદાવાદ વચ્ચે મીટરગેજ ટ્રેન ચાલતી હતી ત્યારે પૂનમ સ્પેશિયલ ટ્રેન દોડાવાતી હતી. પરંતુ

આ વર્ષે બ્રોડગેજ લાઈનના કામના લીધે ટ્રેન વ્યવહાર છેલ્લા ૬ માસથી બંધ છે. જેની સીધી અસર અને લાભ એસટી તંત્રને મળશે. અત્રે પગપાળા આવતા યાત્રિકો ગંતવ્ય સ્થળે પહોંચવા એકમાત્ર એસટીનો જ વિલ્પ હોઈ ભારે ઘસારો રહેવાની ધારણા વચ્ચે મહેસાણા અને વિરમગામ ડિવિઝન દ્વારા રેગ્યુલર સહિત ૧૩૦ બસો દોડાવવામાં આવનાર છે.

### દર્શન માટે મંદિરના દ્વાર સતત ખુલ્લા રહેશે

આજે શુક્રવારે સવારે ૫ કલાકથી માતાજીના મંદિર દ્વાર શનિવારે પૂનમની રાત્રે ૨ વાગ્યા સુધી શંખલપુરથી માતાજીની સવારી પરત આવે ત્યાં સુધી સતત ૪૫ કલાક ખુલ્લાં રહેશે. પૂનમે સવારની આરતી ૬-૩૦ કલાકે અને સાંજની આરતી ૭-૦૦ કલાકે થશે.

### આજે માતાજીની સવારી શંખલપુર જશે

સદીઓ જૂની ગાયકવાડી પરંપરા મુજબ શનિવારે ચૈત્ર સુદ પૂનમની રાત્રે ૯ વાગે બહુચર માતાજીની સવારી (શોભાયાત્રા) નીજ મંદિરથી નીકળી માતાજીના આદ્યસ્થાનક શંખલપુર ગામે ટોટાધામે જશે. જ્યાં ગ્રામજનો દ્વારા ભવ્યાતિભવ્ય સામૈયાની તૈયારી કરાઈ છે. શંખલપુર ગ્રામજનો દ્વારા મંદિરે વાજતે ગાજતે ધજા અર્પણ કરવામાં આવનાર છે.

## ઉનાવા અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લેઆમ ચાલતી દારૂ- જુગારની બદી

ઊંઝા

ઊંઝા અને ઉનાવા પોલીસ મથકોની હદના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી ફૂલીફાલેલ દારૂ, જુગારના અડ્ડાઓ, કેફી પદાર્થોનું વેચાણ તેમજ અન્ય અસામાજીક બદીઓને નેસ્તનાબુદ કરવા માટે પોલીસ તંત્ર તરફથી કડક અસરકારક પગલાં ન ભરાતાં આવી બદીઓ બેરોકટોક ખુલ્લેઆમ ચાલી રહી હોવાનો લોકપોકાર ઉઠ્યો છે. પોલીસતંત્ર દ્વારા અવારનવાર કેસો કરાય છે. તેમ છતાં આવી બદીઓ બંધ થતી નથી.

ગઈકાલે ઊંઝા શહેરમાં નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી નજીક જાહેરમાં પત્તાપાનાના ચાલતા જુગારના અડ્ડા પર પોલીસે દરોડો પાડી સ્થળ પરથી પોલીસે ત્રણ ઈસમો પટેલ શૈલેષ અંબાલાલ, રબારી સુજાણ અમરાજી અને જાટ ચૌધરી પ્રેમાભાઈ રહે. ઊંઝાને પકડી પાડી રૂપિયા ૪૪૬૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે યાત્રાસ્થળ ઉનાવા ગામે ગ્રામ પંચાયત કચેરી પાછળ ટાવર પાસે જાહેરમાં ચાલતા વરલી મટકાના અડ્ડા પર પોલીસે રાત્રિના સમયે દરોડો પાડી સ્થળ પરથી સિંધી રમેશ લેખુમલ રહે. ઊંઝાને ઝડપી લઈ તેની પાસેથી રૂપિયા ૧૦,૧૩૦ ની રોકડ રકમ અને વરલી મટકાના આંકડા લખેલ કાગળ કબજે કર્યો હતો.

જ્યારે આ અડ્ડાનો મુખ્ય સુત્રધાર ચૌધરી રમેશ હિરાભાઈ રહે. ઉનાવા ફરાર થઈ ગયો હતો. આ અંગે ઉનાવા પોલીસે બંને શખ્સો વિરૂધ્ધ જુગાર અટકાયતી ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા વાર્ષિક સેમિનાર યોજાયો

પાટણ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના જ્યોતિષ શાસ્ત્ર વિભાગ દ્વારા તારીખ ૧૮/૦૩/૨૦૧૮ ને રવિવારના રોજ ગાંધીસ્મૃતિ હોલ-પાટણ ખાતે વાર્ષિક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

નર્મદા નિગમના મુખ્ય ઈજનેર કે.એલ. પરીખના પ્રમુખપદે યોજાયેલ. આ સેમીનારમાં આ વિભાગના સંયોજક ભાર્ગવભાઈ શાસ્ત્રીએ ઉપસ્થિત રહી મહેમાનોને આવકાર્યા હતા અને આગામી વર્ષે ફ્રિ પ્રીડીક્સન કેમ્પ, આકાશ દર્શન, સ્ટેટ લેવલનો સેમીનાર, શૈક્ષણિક પ્રવાસ જેવા કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓને અભ્યાસતર પ્રવૃત્તિમાં અભિપ્રેરિત કરવા જણાવેલ. જ્યોતિષ શાસ્ત્ર વિભાગના સિનીયર પ્રાધ્યાપક ડૉ. સર્વદમનભાઈ જોષીએ વિભાગના અભ્યાસક્રમની માહિતી આપી હતી. કા. કુલસચિવ ડૉ. ડી.એમ.પટેલે જ્યોતિષ શાસ્ત્રની સમાજ ઉપયોગીતા વિશેને માહિતી પ્રસ્તુત કરી હતી. શારિરીક શિક્ષણ વિભાગના કાર્યકરી નિયામક ડૉ.વિનોદભાઈ ચૌધરીએ જ્યોતિષ શાસ્ત્ર એ પરમાત્માની દેણ છે અને તે માનવને સાચી દિશા નિર્દેશ કરે છે, અને માનવીના કપરા સમયને સહજતા બક્ષે છે તેમ જણાવી વિદ્યાર્થીઓને જ્યોતિષના ગહન અભ્યાસ થકી સમાજ સેવા કરવાની સલાહ આપી હતી. જ્યારે પ્રમુખપદે બિરાજેલ કે.આર. પરીખે જ્યોતિષોએ તેઓના વ્યવસાય માં માનવતાને મહત્વ આપી સમાજના સાચા માર્ગદર્શક બનવા માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. આ સેમીનારમાં ગુજરાતના મૂર્ધન્ય જ્યોતિષજ્ઞ તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં અમદાવાદથી પધારેલા એન.જી.વેગડા કે જેઓએ પોલીસ ખાતામાં ફીન્ગરપ્રિન્ટ એક્ષ્પર્ટ તરીકે ઘણા સમય સુધી ફરજ બજાવી અને તેમાંથી પ્રેરણા મેળવી, હસ્તરેખાનો અભ્યાસ કરી, હસ્તરેખા તજજ્ઞ તરીકે ખ્યાતી પામ્યા છે. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન વિભાગના પ્રાધ્યાપક શૈલેષભાઈ મહેતાએ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વેદ ગાન જગદીશભાઈ ઠાકરે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની સફળતામાં મહેન્દ્રભાઈ ચાવડાનો ફાળો મહત્વનો રહ્યો હતો.

## મિશન બહેરાશ મુક્ત પાટણ અંતર્ગત ૧૩ બાળકોને બહેરાશ સ્કીનીંગ મશીનથી ઓએઈ ટેસ્ટ કરાયા



પાટણ

પાટણ જનરલ હોસ્પિટલ ખાતે જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલના વરદ્હસ્તે બહેરાશ સ્કીનીંગ મશીનથી ઓએઈટેસ્ટ જન્મજાત બધિરતાની તપાસ કરવા માટે તારા ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા બહેરાશસ્કીનિંગ મશીન પાટણ અને રાધનપુર ખાતે ફાળવવામાં આવેલ છે. આ મશીન દ્વારા નવા જન્મેલા તમામ બાળકોને ઓએઈ ટેસ્ટ કરવામાં આવશે.જેનાથી જન્મજાત બાળક સાંભળે છે કે નહિ તેની જાણ આ મશીન દ્વારા થશે. જોબાળકસાંભળતું ન હોય તો તે જ ઉંમરે આગળ તપાસ કરાવી કોકલીઅર ઈમ્પ્લાન્ટ ઓપરેશન વિનામુલ્યે સરકાર દ્વારા કરવામાં આવશે. જેનો ખર્ચ રૂપિયા પાંચથી સાત લાખ થાય છે. પાટણજિલ્લાના ૭ તાલુકામાં મહિનામાં એકવાર ધ્વનિ ઓન વ્હીલ બહેરાશ સ્કીનીગ મશીન સાથે જશે. અને બાળકોની ઓએઈ ટેસ્ટ કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.ભરત ભાઈ ગોસ્વામી, જિલ્લા આર.સી.એચ. અધિકારી ડૉ. સાલ્વી, કોકલીયર ઈમ્પ્લાન્ટ સ્પેશિયા લિસ્ટ ડૉ. નિરજ સુરી, આર.એમ.ઓ. ડૉ. મહેશ પટેલ, ડી.એમ.ઓ., ઇ.એમ. ઓ., તથા ટી.એચ. ઓ., તમામ તાલુકાના આરબી એસકે ટીમના નોડલ અને પાટણ તાલુકાની આરબીએસકેનીતમામ ટીમ હાજર રહી હતી.

## સાગોડીયા ખાતે પાટણ જિલ્લા મહેસુલી અધિકારીઓ- કર્મચારીઓની ચિંતન શિબિર યોજાઇ




પાટણ.

પાટણ જિલ્લા મહેસુલી વહીવટને વધારે પ્રભાવશાળી-ગતિશીલ અને પરીણામલક્ષી બનાવવા માટે પ્રબળ કાર્યનિષ્ઠા કેળવવા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે અનુરોધ કર્યો છે. સરકારી કામ પરત્વે પુરેપુરી સતર્કતા ઉભી કરવા અને જરૂર પડે ત્યાં ઈનોવેટીવ એપ્રોચ ઉભો કરવા પણ કલેકટરશ્રીએ જિલ્લાના મહેસુલી અધિકારીઓ અને કર્મચારીઓને જણાવ્યું હતું. સાગોડિયા ખાતે સર્વમંગલમ આશ્રમ ખાતે જિલ્લાના મહેસુલી અધિકારીઓ અને કર્મચારીઓની એક દિવસીય ચિંતન શિબિરમાં કલેકટરશ્રીએ આમ જણાવ્યું હતું. આ શિબિરમાં યોગ નિદર્શન અધિકારી, કર્મચારીઓની ગૃપ ચર્ચાનું આયોજન કરાયું હતું તેમજ તજજ્ઞો દ્વારા મહેસુલી કાયદાઓની વિશદ છણાવટ કરવામાં આવી હતી. ગૃપ ચર્ચામાં મહેસુલ ખાતાની વિવિધ યોજનાઓના અમલીકરણ, પ્રવાસ, મહેસુલી કર્મચારી અને મહેસુલી કાયદાઓનું અમલિકરણ વગેરે બાબતો પર મુકત પરામર્શ કરવામાં આવ્યો હતો. નિવાસી અધિક કલેકટર બી.જી. પ્રજાપતિ, પ્રાંત ઓફિસર એસ.ડી.ગીલવા, જસવંત જેગોડા, જિલ્લા આયોજન અધિકારી બી.કે. જોષી, જિલ્લા પુરવઠા અધિકારી, ગીતાબેન દેસાઇ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.જે. પટેલ, નાયબ કલેકટર આઇ.વી. દેસાઇ સહિત મામલતદારો-નાયબ મામલતદારો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. શિબિર તુમાર નિકાલ, જમીનના પ્રકરણો, માંગણીઓ, વસુલાત, પુરવઠા ખાતાનું ક્રિયાન્વયન વગેરે મુદ્દાઓનું ચિંતન કરાયું હતું. ચીટનીશ આરતી વ્યાસે શિબિરનું સંચાલન કર્યુ હતું.

## ડોડીવાડા ગામે હાથીયાની દિલધડક દોટ જોવા ઉમટી પડેલા અસંખ્ય લોકો

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના ડોડીવાડા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ શુક્રવારે રાત્રે ૯ વાગે હનુમાન દાદાનો હાથિયો નીકળ્યો હતો. જેમાં સમગ્ર ચુંવાળ પંથકના ગામોમાંથી અનેક લોકો હાથિયોની દિલધડક દોટ જોવા ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે નવા વર્ષનો વરતારો પણ જોવામાં આવ્યો હતો. બહુચરાજીથી પાંચેક કિમીના અંતરે આવેલું ડોડીવાડા ગામ આ હીરકામ સમયનું ગામ છે. અહીં ૫૦૦ વર્ષ પૌરાણિક હનુમાનજી મહારાજનું સ્થાનક આવેલું છે. અહીં સદીઓ જૂની પરંપરા મુજબ ચેત્ર સુદ ચૌદશની રાત્રે દાદાનો હાથિયો કાઢવામાં આવે છે. આ પરંપરા અનુસાર શુક્રવારે રાત્રે શ્રદ્ધા અને ઉમંગભેર હાથિયો નીકળ્યો હતો. ગામના પટેલોના માઢમાં ગાડાના ધુસરીના ભાગે સૂંઢનો આકાર આપી તૈયાર કરાયેલો હાથિયો (રથ) રામજી મંદિરના ચોકમાં લાવી ચાર જાતવાન બળદો જોડવામાં આવ્યા હતા. ત્યારપછી ગામના જવાનિયા અને અબાલવૃદ્ધ સૌ કોઈની કિકિયારીઓ અને હાકલા પડકારા સાથે હાથિયાએ દોટ મુકી હતી. પવનવેગી ઝડપે હાથિયો ગામનું પરિભ્રમણ કરી હનુમાનજી દાદાના મંદિરે નદીના કિનારે પહોંચ્યો હતો. જ્યાં અષાઢ, શ્રવાણ, ભાદરવો અને આસો એમ ચાર માસના પ્રતીકરૂપ ચાર

બળદોના ઝરણના આધારે નવા વર્ષનો વરતારો જોવામાં આવ્યો હતો. જેમાં આગામી વર્ષ સુખભર્યું હોવાના શુકન જોવામાં આવ્યા હતા.

આ પ્રસંગે બહુચરાજી, મોઢેરા, ચાણસ્મા પંથકમાંથી ખુબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાથિયો જોવા ઉમટી પડ્યા હતા. હનુમાનજી મંદિર ટ્રસ્ટ અને ગ્રામજનો દ્વારા સુંદર આયોજન કરાયું હતું.

## સાંતલપુર તાલુકા પંચાયતના સદસ્યને પોલીસમાં જામીન આપવા ફરમાન

### ખેડૂતોને રજુઆત કરતા દબાવવાની કોશિશ

રાધનપુર

સાંતલપુર તાલુકા પંચાયતના સદસ્ય અણદુભા જાડેજાએ તા.૯ માર્ચે ઝઝામ,વરણોસરી અને કિલાણા ગામના આવેલા ચેકડેમો,આડબંધો અને તળાવો રીપેર કરવા માટે જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજુઆત કરી હતી,અને જો આ કામગીરી નહિ કરવામાં આવે તો ૧૫ દિવસમાં ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામા આવી હતી.આ રજૂઆતના પગલે આપેલ સમયમર્યાદામાં જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગ પાટણ દ્વારા સ્થળ તપાસણી પણ કરવામાં આવી હતી.પરંતુ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા આ રજૂઆતની નકલ જિલ્લા પોલીસ અધિક્ષકને રવાના કરી હોઈ જિલ્લા પોલીસ અધિક્ષકે આ નકલ સાંતલપુર પોલીસ સ્ટેશને રવાના કરતા પોલીસ દ્વારા તાલુકા પંચાયતના સદસ્યને જામીન આપવાનું કહેવામાં આવતા અણદુભા જાડેજાએ ખેડૂતોના પ્રશ્ને રજૂઆતો કરી હોઈ અને આત્મવિલોપન કે સરકારી મિલ્કતને નુકશાન થાય તેવી રજુઆત ના કરી હોઈ જામીન આપવાની ના પાડી દીધી હતી અને જિલ્લા કલેક્ટરને આ તઘલખી નિર્ણયવાળો પત્ર પાછો ખેંચવા રજુઆત કરી હતી.આ રજુઆતમાં જણાવ્યું હતું કે ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની રજુઆત કરતા ખેડૂતો અને સદસ્યને જામીન આપવા પડે તો સરકારે કોઈપણ કચેરીમાં રજુઆત કરવી નહિ તેવો નિર્ણય કર્યો હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે.જિલ્લા કલેક્ટર કચેરીનો જામીન આપવાનો નિર્ણય તઘલખી અને બિલકુલ ખોટો હોઈ તે પાછો ખેંચવા જણાવ્યું હતું.શું આ વિસ્તારના વિકાસના કામો માટે રજુઆત કરવી એ ગુનો છે ?? આવી રજૂઆતો કરવાવાળાઓએ હવે પોલીસ સ્ટેશન જવું પડશે તેવો સવાલ ઉઠાવ્યો હતો. અરજદારોને ખોટી રીતે હેરાન કરવાનું બંધ કરવા પણ જણાવ્યું હતું.

## સાંતલપુર તાલુકાના આલુવાસમાં કચ્છી કોયલ ગીતા રબારીએ લોકડાયરામાં રમઝટ જમાવી



રાધનપુર

સાંતલપુર તાલુકાના આલુવાસમાં શ્રી મહાકાળી માતાજીના મંદિરે દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ મહોત્સવ ચાલી રહ્યો છે,જેની શુક્રવારે પુર્ણાહુતી થવા પામી હતી.આ મહોત્સવને દિપાવવા માટે બુધવારની રાત્રે સુપ્રસિદ્ધ ગાયક કલાકાર અને કચ્છી કોયલ ગીતા રબારી અને વાગડિયો છોરો બાબુભાઈ આહીરે લોકડાયરામાં રમઝટ જમાવી હતી.

રોણા શેરમાં ફેમ ગીતા રબારીને સાંભળવા માટે રાધનપુર-સાંતલપુર અને કચ્છ વિસ્તારમાંથી ભાવિકો ઉમટી પડ્યા હતા.અને મોડી રાત સુધી ભજનો,લોકગીતો અને દુહાની રમઝટ જામી હતી.

## ઓએનજીસી દ્વારા ખેડૂતોને વળતર ચૂકવવા અંગે કલેક્ટરને આવેદનપત્ર

મહેસાણા

મહેસાણા જિલ્લામાં ઓ.એન.જી.સી. તરફથી ઓઈલ સંશોધન દરમિયાન ખેડૂતોને જમીનમાં નુકશાન થાય છે ત્યારે આ નુકશાનનું પુરતું વળતર ન મળતું હોવાની બૂમરાડ ઉઠી છે, આ અંગે મહેસાણા ઓ.એન.જી.સી. ખેડૂત હીત લડત સમિતિ દ્વારા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવેલ છે.

આ પ્રસંગે ખેડૂત હિત લડત સમિતિના પ્રમુખ રાહુલ પટેલ (રહે. કસંલપુરા) સહિતના ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાં ઓએનજીસી દ્વારા તેલનું સંશોધન ચાલુ છે, ત્યારે આ અંગે કોઈ સંમતિ ખેડૂતોની લેવાઈ નથી.

# ડીસા પંથકમાં કાળઝાળ ગરમી : તાપમાન ૪૧.૯ ડીગ્રી ઉપર

**આ વખતે ઉનાળો આકરો નિવડવાના એંધાણ**

ડીસા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી પારો ૪૦ ડીગ્રીને વટાવી જતાં માનવ સહિત પશુપંખીઓની હાલત કફોડી બની જવા પામી છે. માર્ચ મહિનાના અંતમાં ગરમીનો પારો વધતા લોકોને આકરા ઉનાળાનો અહેસાસ થવા લાગ્યો છે ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ચાર-પાંચ દિવસથી આકાશમાંથી વરસતી અગન જ્વાળાને લઈ બપોરના સુમારે શહેરના મુખ્ય માર્ગો, બજારો સુમસામ બની રહ્યા છે. અત્યારે ગરમીનો પારો વધતા આવી


ભરત સુંદેશા

હાલત હોઈ આગામી મે-જુન મહિનામાં ગરમીનો પારો કેવી હાલત કરશે તે અંગે લોકોને વિચારતા કરી દિધા છે

બનાસકાંઠામાં ચાલુ સપ્તાએ ગરમીના પારામાં વધારો થતા ડીસા હવામાન કચેરીએ ગરમીનો પારો સતત ઉંચકાતા કાળઝાળ ગરમી પડી રહી છે. બનાસકાંઠા જિલ્લા રણ વિસ્તારનાં અડી ને. આવેલો હોઈ ઉનાળામાં સૌથી વધુ ગરમી પડે છે. ગરમી વચ્ચે

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર આઈ.ટી.આઈ.માં કલરકામ કરતો મજૂર પટકાતા ઘાયલ


સંજય જોષી

પાલનપુર

પાલનપુર આઈ.ટી. આઈ.માં કલર કામ કરતો ૨૨ વર્ષીય શ્રમિક યુવક પટકાતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જયાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયો હતો.

પાલનપુર આઈ.ટી. આઈ.માં કલરકામ કરી રહેલો મૂળ ઉત્તરપ્રદેશનો વતની અને હાલમાં પાલનપુર રહેતો ૨૨ વર્ષીય જવાહીર નિશાદ નામનો યુવક પાલનપુર આઈ.ટી. આઈ.માં કલર કામ કરી રહ્યો હતો. જ્યાં તે કલર કામ કરવા જતા પટકાતા ઘાયલ થયો હતો. કલરકામ નો જાણકાર ન હોવા છતાં કલરકામ માટે મુકાયેલ શ્રમિકને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જેને વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

# થરાદના ચુડમેરમાં સામાન્ય બાબતે મારામારીમાં ત્રણને ગંભીર ઈજા







**ઈજાગ્રસ્તોને ૧૦૮માં સારવાર અર્થે શહેરની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા**

(પ્રતિ.) થરાદ

ચુડમેર ગામના રમેશભાઈ વેરશીભાઈ વરણ (દલિતે) નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે અઠવાડિયા પહેલા ગામની ડેરી પર દૂધ ભરાવાની લાઈનમાં વરણ બાબુભાઈ ઉકરડા તથા બીજા કોઈ છોકરાને દૂધની લાઈન બાબતે સામાન્ય બોલાચાલી થતાં તેમના ભત્રીજા વિહાભાઈ મોહનભાઈ ત્યાં હાજર હોય તેમણે નાની વાતમાં શું કામ બોલો છો તેમ કહેતાં તુ શું કામ વચ્ચે બોલે છે તેમ કહી બાબુભાઈએ જોઈ લેવાની ધમકી આપી હતી. ત્યાર બાદ ગુરૂવારે સાંજના સાડા છ વાગ્યાના સુમારે ગામના બસસ્ટેશન પાસે કુહાડી વડે બાબુભાઇ એ હુમલો કરી વિહાભાઈ તથા તેમના દીકરા પરેશભાઈને કપાળમાં કુહાડી મારી હતી. આથી તેઓ લોહીલુહાણ હાલતમાં બચાવવાની બૂમો પાડતાં રમેશભાઇ જતાં બાબુભાઈ ત્યાંથી નાસી છુટ્યો હતો.

સામાપક્ષે બાબુભાઈ ઉકરડાભાઈ (દલિત) વરણે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે થોડા દિવસ પહેલાં ગામની ડેરીમાં દૂધ ભરાવવા જતાં દૂધની લાઈનમાં પગ અડવાના કારણે વેરશીભાઈ રૂપાભાઈનું દૂધ ઢોળાઇ જતાં નજીકમાં ઉભેલા વિહાભાઈ મોહનભાઈ ગુસ્સે થઈને જેમ

અનુસંધાન પાના નં.૬

## આખલાને બચાવવાના પ્રયાસમાં...

# વાઘપુરાના પાટીયે લાકડા ભરેલ ટ્રેઈલર પલટ્યું


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના વાઘપુરા હાઈવે પર જૈન દેરાસરની સામે શુક્રવારની વહેલી સવારે કચ્છ તરફથી લાકડાની પટ્ટીઓ ભરી રાજસ્થાન તરફ જઈ રહેલ ટ્રેઈલર ચાલકે રસ્તા પર અચાનક આવી ચડેલ આખલાને બચાવવા જતાં ટ્રેઈલર રસ્તા પર પલ્ટી ખાઈ ગયું હતું.

આ અંગેની મળતી માહિતી પ્રમાણે શુક્રવારની વહેલી સવારે કચ્છ તરફથી લાકડાની પટ્ટીઓ ભરી રાજસ્થાન તરફ જઈ રહેલ ટ્રેઈલર (નં.આરજે૦૧જીએ ૯૦૯૦) ના ચાલકે રસ્તા પર અચાનક આવી ચડેલ આખલાને બચાવવા બ્રેક મારતા ટ્રેઈલરે પલ્ટી ખાઈ ગયુ હતું. જેથી હાઈવે પર લાકડાની પટ્ટીઓ વેરણછેરણ થઈ ગઈ હતી. ટ્રેઈલર જોરથી પલ્ટી ખાતા ટ્રેઈલરનો આગળનો ભાગ છુટો થઈ ગયો હતો. જો

અનુસંધાન પાના નં.૬

# જુનાડીસા ગંગાજી વ્હોળાના રોડનું સમારકામ કરાયું


અગાઉનો


હાલનો

**ગ્રામજનો અને વાહન ચાલકોને હાશકારો**

ડીસા

ડીસા -પાટણ હાઈવે ઉપર જુનાડીસા ગામના ગંગાજી વ્હોળાના પુલ ઉપરના જર્જરિત અને ગોઝારા પુરવાર થયેલા રોડનું આખરે ગ્રામ પંચાયતના સત્તાધીશોની સજાગતાથી સમારકામ થતા ગ્રામજનો અને વાહન ચાલકોએ હાશકારો અનુભવ્યો છે.

વર્ષો અગાઉ જુનાડીસા વ્હોળા ઉપરના પુલનો રોડ તંત્ર દ્વારા દ્વિ-માર્ગીય રોડ બનાવવામાં આવ્યો હતો પંરતુ કોન્ટ્રાક્ટરના અણઘડ આયોજનના કારણે અને રાત-દિવસ દોડતા વાહનોના ઘસારાના કારણે રોડ ઉપર ઠેરઠેર ખાડા પડી ગયા હતા. તેમ છતાં તંત્ર દ્વારા વ્યવસ્થિત સમારકામના બદલે માત્ર ડામરના થિગડા મરાયા હતા. જેથી ઉલટાનું જર્જરીત રોડ જોખમી બની ગયો હતો.

અનુસંધાન પાના નં.૬

**રેડીયમના પટ્ટા લગાવવા જરૂરી**

ગંગાજી વ્હોળા પુલ ઉપરના રોડનું સમારકામ થઈ ગયું છે પરંતુ ડિવાઈડર ઉપર કે તેની આજુબાજુ રેડીયમના પટ્ટા લગાવાયા નથી. જેથી ખાસ કરીને રોડની બંને સાઈડ આગળ વળાંક હોવાના કારણે અજાણ્યા વાહન ચાલકોના વાહનો ડીવાઈડર સાથે અથડાય છે. જેથી માર્ગ અકસ્માત સર્જાય છે. તેથી અહીં રેડીયમના પટ્ટા લગાવવા જરૂરી છે.

# વાવ સૂઈગામ પંથકમા ઘાસ - પાણી માટે પશુઓનો પોકાર

**રખડતા પશુઓ અને વન્ય જીવોના અસ્તિત્વને ખતરો : યુધ્ધના ધોરણે ઘાસડેપો શરૂ કરવા ખેડૂતોની પ્રચંડ માંગ**

તા.પ્રતિ. વાવ

ગત તા.૧૫/૩/૨૦૧૮ થી વાવને સૂઈગામ પંથકમાં નર્મદા કેનોલો બંધ થઈ જતાં, ખેતરોમાં ઉભેલું ઘાસ સૂકાઈ ગયું છે. જે નવીન ઘાસનું ઉત્પાદન બંધ થઈ જતાં આ પંથકમાં ઘાસના પૂળાનો ભાવ આસમાને પહોંચી ગયો છે. રૂા.૫૦ માં પણ લીલા ઘાસનો પૂળો મળતો નથી. ઘાસના અભાવે સરહદી પંથકમાં રખડતા પશુઓ પ્લાસ્ટીક, કાગળ તેમજ વૃક્ષોના પાંદડા ખાઈને માંડ જીવે છે. વાવ તાલુકાના ખરડોલ ગામના ઠાકોર હરસંગભાઈ


વિષ્ણુ પરમાર

વાધાભાઈએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે એક સપ્તાહ અગાઉ ઘાસના અભાવે ભૂખમરાથી ૩ ગાયો અને બે આખલા તરફડીને મોતને ભેટયા છે. દીન - પ્રતિદીન ઘાસના અભાવે સરહદી વાવ - સૂઈગામ પંથકમાં વિકટ પરિસ્થિતિ બનતી જાય છે. તો આ બાબતની રાજ્ય સરકાર ગંભીર નોંધ લે અને વાવના મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોર વિધાનસભામાં ઘાસ અને પાણીનો મુદો ઉછાળી યુધ્ધના ધોરણે વાવ - સૂઈગામ પંથકમા ઘાસડેપો શરૂ કરાવે તે પશુઓના હીતમાં છે. છેલ્લા એક સપ્તાહથી સરહદી પંથકમાં ઘાસ ચારાની તીવ્ર અછત વર્તાઈ રહી છે. અબોલ જીવો ઘાસ અને પાણી માટે પોકાર કરી રહ્યા છે ત્યારે અબોલજીવોના પોકારને ધ્યાનમાં લઈ જીવદયા પ્રમીઓ પણ આ સરહદી પંથકની જાત મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવે તે જરૂરી છે. છેલ્લા એક સપ્તાહથી રખડતું પશુધન કાગળ, પ્લાસ્ટીક ઉપર

અનુસંધાન પાના નં.૬

## થરાદ શહેરમાંથી રાજાપાઠમાં ફરતા ચુવાના ઈસમની ધરપકડ

(પ્રતિ.) થરાદ

થરાદ પોલીસ મથકમાં ફરજ બજાવતા અ.પો.કો. પ્રવિણભાઈ નારણભાઈ તથા અ.હે.કો. માવજીભાઈ ઘેમર ભાઈ થરાદ ટાઉન વિસ્તારમાં પ્રોહી. અંગે પેટ્રોલીંગમાં હતા. ત્યારે થરાદ બસસ્ટેન્ડ નજીક લથડીયા ખાતા આવતા એક ઈસમને પકડી પંચોની રૂબરૂ નામ ઠામ પૂછતાં તેને પોતાનું નામ લખમણભાઈ વેરસીભાઈ દલિત (સુવર) રહે. ચુવા, તા. વાવ ને દારૂ પીધેલી હાલતમાં પકડી પાડી તેની વિરૂધ્ધ પ્રોહી એક્ટ ક. ૬૬(૧) બી., ૮૫(૧) મુજબ ધોરણસરની ફરિયાદ થરાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવામાં આવી હતી.

# ગેળા હનુમાન દાદાના ધામે શ્રીફળનો અલૌકિક પહાડ






**દાદાની મૂર્તિનો ૭૫૦ વર્ષ જુનો ઈતિહાસ**

ડીસા

બનાસકાંઠા જિલ્લાના લાખણીથી માત્ર છ કિલોમીટરના અંતરે આવેલ છે ગેળા ગામ અને આ ગામમાં આવેલ છે શ્રીફળનો પહાડ તમને માનવામાં નહિ આવે કે શ્રીફળ નો પહાડ હોતો હશે પણ હા અહી ગેળા ગામે હનુમાન દાદાના મંદિરે રચાયો છે શ્રીફળનો અલૌકિક પહાડ.

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના ગેળા ગામમાં હનુમાનજીની શિલા સ્વયંભૂ પ્રગટ થયેલી છે. આ મૂર્તિનો ઈતિહાસ આશરે ૭૫૦ વર્ષ પુરાણો છે, દંતકથા મુજબ વર્ષો પહેલાના જમાનામાં ગેળા ગામે કેટલાક લોકો પોતાના પશુ ચરાવતા અને ત્યાં

અનુસંધાન પાના નં.૬

# ભાભર નજીક વિદેશી દારૂ ભરેલ ગાડી ઝડપાઈ

તા.પ્રતિ. ભાભર

ભાભર નજીકથી ભાભર-થરાદ હાઈવે રોડ ઉપરથી પસાર થતી બોલેરો ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો (નંગ ૮૪૯) ભાભર પોલીસ અને એલ.સી.બી. પાલનપુર સંયુક્તપણે પાડતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

જાણવા મળતી વિગત મુજબ સવારે એલ.સી.બી. પાલનપુરને મળેલ ખાનગી બાતમી આધારે ભાભર પોલીસને સાથે રાખી ભાભર નજીક આવેલા અસાણા ગામના પાટીયા પાસે થરાદથી મીઠા તરફ જતાં રોડ ઉપર વોચ ગોઠવી હતી, જે દરમ્યાન બાતમી વાળી બોલેરો ગાડી (નં.જી.જે ૦૩ ડી.એન. ૮૫૩૩) ને પોલીસે રોકાવવા ઈશારો કરતા બોલેરો ગાડી

અનુસંધાન પાના નં.૬

**પ્લોટ વેચવાનો છે**

ડીસામાં ચંદ્રલોક સોસાયટીમાં ૧૮૦૦ ફૂટનો ત્રણ રસ્તાનો પ્લોટ વેચવાનો છે.

॥ સંપર્ક કરો ॥

મો.૯૮૨૪૫૦૨૧૦૨

સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી

**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



રબારી સ્વ. વનરાજભાઈ રાણાભાઈ
સ્વ.તા. ૩૧-૩-૨૦૧૭, શુક્રવાર
મુ.પો.પેપળુ, તા. લાખણી

હૃદય અમારૂ રડી પડે છે તસ્વીર જોઈ તમારી, નાની સી તમારી જીંદગી હતી પણ મોટી માયા લગાડી ગઈ, વિદાય એવી લીધી કે અમારૂ મન માનતુ નથી, આંખના પલકારમાં આંખ મીચોળી રમી ગયા.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

લિ.

રબારી સ્વ. રાણાભાઈ હાલીભાઈ (પિતા)
રબારી સ્વ.કાંનાભાઈ હાલીભાઈ (કાકા)
રબારી સ્વ.ચહેરાભાઈ લાલાભાઈ (કાકા)
રબારી પીરાભાઈ ગોવાભાઈ (કાકા)
રબારી કલ્યાણભાઈ રાણાભાઈ (ભાઈ)
રબારી ટેગાભાઇ કાંનાભાઈ (ભાઈ)
રબારી માવજીભાઈ ચેહરાભાઈ (ભાઈ)
રબારી ભરતભાઈ ચેહરાભાઈ (ભાઈ)
રબારી નરસિંહભાઈ પીરાભાઈ (ભાઈ)
તથા સમસ્ત પરમાર પરિવાર- પેપળુ

